
કુમાર

તંત્રી • રવિશંકર રાવળ
સંપાદક • બચુભાઈ રાવત

આવતી કાલનાં નાગરિકોનું માસિક






અમદાવાદ શાહેઆલમના રોજાનાં બારણાંની પિત્તળની જાળીની કારીગરી

ઑગસ્ટ ૧૯૩૯
સળંગ અંક
૧૮૮

મિજલસ

¶ આ વખતે તમને એક કૂચગીત આપી, હિંદના પિતામહ સમા હિમાલયના આત્માનો અને એ આત્માની દર્શનલબ્ધિ મેળવનાર ઋષિ રોરીકનો વધુ નિકટનો પરિચય આપી, 'કુમાર' તમને સરહદની પહાડીઓમાં લઈ જાય છે. સબળ પૌરુષભર્યા એ સરહદ પર અંગ્રેજોની પેશકદમી સામે જેહાદ જગાવનાર જાંબાઝ 'ઇપીના ફકીર'નું નામ અવારનવાર તમે છાપાંમાં વાંચ્યું હશે, પણ એના વ્યક્તિજીવનનો આવો પરિચય નહિ મેળવ્યો હોય. ¶ 'મરઘીનાં બચ્ચાં'ની વાર્તા સમાજના નીચલા થરોમાં રહેલી વિશિષ્ટ માનવતા એવી જ વિશિષ્ટ રીતે બહાર આણે છે. અને પ્રચાર અર્થે લખાએલી ન હોવા છતાં આપણા પ્રાંતના દારૂનિષેધના પ્રયત્નોમાં એક ઉપયોગી સાહિત્યકથાનો ઉમેરો કરે છે. એમાંનું એકે પાત્ર બીજાને ટાંપી નથી જતું, અને એટલે તો કલ્પનાના શ્રમ કરતાં વાસ્તવિકતાની તાઝગી તેમાં ઊતરી છે. ¶ 'પહેલી પનોતી'નો ઇતિહાસલેખ હિંદના પારતંત્ર્યનાં મૂળ પર પ્રકાશ નાખે છે. હિંદે અનેક વિદેશી હલ્લાઓ સહ્યા, અનેક વિજયો બરદાસ્ત કર્યા, પણ ગૌરાંગ પ્રજાએ તેના પ્રજાતત્ત્વનો જે હ્રાસ કર્યો છે એ ઇતિહાસમાં અભૂતપૂર્વ છે. વેપાર, વિજય અને વટાળ એ ત્રિવિધ હેતુઓએ એ ગૌરાંગોએ પૂર્વનાં પાણીમાં ઝંપલાવ્યું ને પરિણામે આજે ત્રિશૂળ જેમ અંગ્રેજ, ફ્રેન્ચ અને પોર્ટુગીઝ એ ત્રણ સત્તાનાં શૂળો હિંદના રાષ્ટ્રશરીરમાં પરોવાઈ ગયાં છે. ¶ 'દક્ષિણ ભારતમાં એક ડોકિયું' તમને ત્યાંના ઇતિહાસ-ભૂગોળમાં જ નહિ પણ ત્યાંની પૌરાણિક અને સાંસ્કૃતિક મહત્તામાં પણ એક ડોકિયું કરાવી રહે છે, જ્યારે તેતરનું સગોત્રી છતાં કબૂતરને હૂબહૂ મળતું આવતું વનવગડાનું વાસી 'બટેર' એ આલમ સાથેનો તમારો પરિચય વિશેષ આગળ લંબાવે છે. ¶ 'નવી નજરે' નિહાળનાર લેખકની લેખકણીઓનો મર્મ સમજશો તો તમને યે જીવનમાં નવી નજર મળ્યા સિવાય નહિ રહે. 'જીવનનું પરોઢ'માં નવા સંગ્રામનું પ્રસ્થાન જોઈ આનંદતા લેખક તમને ય કદાચ એમના આનંદમાં ભાગ આપે. પંચતંત્રની વાર્તાઓનો પ્રવાહ નિયમસર વહ્યે જ જાય છે, પણ આપણી મિજલસ તો અંદરની છૂટક વાનીઓ 'માધુકરી'ને છેલ્લા પાનાના સંપૂર્ણ આમોદ પછી જ વિસર્જન થવાની.



ચિત્રો

કાવ્યો


ચરિત્ર

વાર્તા

લેખો


વિભાગો

મુદ્રક · બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક · રવિશંકર રાવળ; કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક રૂ. ૬, બ્રહ્મદેશના રૂ. ૬ાા. પરદેશના ૧૨ શિ. છુટક દશ આના; મુંબાઇના ખાસ કૅન્વાસિંગ એજન્ટ અને જાહેરખબરના સોલ એજન્ટ શિષ્ટસાહિત્ય ભંડાર પ્રિન્સેસ સ્ટ્રીટ; બીજા એજન્ટો: આર. આર શેઠની કં. અને રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ



ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ

ઉપર : 'જલવિહાર'-ભાઇ રણુછોડજી મિસ્ત્રી (નડીઆદ), પહેલું ઈનામ; નીચે ડાબી બાજુ: 'નિર્દોષ બાલપણુ'-ભાઈ એસ. એન. કાદરી (અમદાવાદ), બીજું ઇનામ; જમણી બાજુ ઉપર : 'ફૂલની ફોરમ'-ભાઈ એન. એન. ઠક્કર (કચ્છ માંડવી), ત્રીજું ઈનામ; નીચે : 'જૂ કાઢવામાં તલ્લીન'-કુ. સરલા નારણજી (કચ્છ માંડવી), ઉત્તેજના ઈનામ.



હિમાલયન કલાકાર મહર્ષિ રોરીક

આ મહાન ચિત્રકારની કળા રંગોની કે રેખાઓની કરામત માત્ર નથી, પણ જીવનની ટશરો છોડતાં તેજ અને તત્ત્વોનાં વિરલ દર્શનો છે. આંતર હિમાલયનાં તેમનાં ચિત્રો દિવ્ય અને ભવ્ય વેદઘોષો સમાં છે. ચિત્રકળા દ્વારા તેમણે જગતને ઉન્નત સૌંદર્યના થાળ પીરસ્યા છે અને એકલે હાથે કરેલાં હજારો ચિત્રો દ્વારા જગતનાં કેટલાં યે સ્થળોમાં તે શાંતિ અને સ્નેહનો ધ્વજ ફરકાવી રહ્યા છે. એમનાં ચિંતનો અને ઉદ્ગારોમાં ઋષિવાણી છે. આજના યુગના તે એક અદ્વિતીય પુરુષ છે, ભાવિ જગતના દ્રષ્ટા અને વિધાયક છે. એમની કળા અને કથનોમાં અનેકો શ્રદ્ધા અને આશાના સંદેશા મેળવી રહ્યા છે. એમણે હિમાલયને પોતાનું ધામ બનાવ્યું છે અને હિમાલયન સંસ્કૃતિનો તેઓ પ્રચાર કરી રહ્યા છે.

કુમાર ગુજરાતનું કૂચગીત



ધમ ધમ ધમ ધરણી પગ દેતાં ગાજી ઊઠે આભ તમામ,
અમે મત્ત સાગર મોજાં શા, નહિ અમોને કોઈ લગામ;
અમે જોમના જબર પ્રપાત,
જય ગુજરાત! જય ગુજરાત!

હિંદમાતની કેડે સ્હોતી પખાળતી સાગરમાં પાય,
એનાં છબછબીઆંમાં પૂરે સાત રંગની સૂરજ ઝાંય;
ભરી જિગરમાં તારી ભાત,
જય ગુજરાત! જય ગુજરાત!

નહિ સીમાડા સંકુલ તારા, ઉદારતામાં કદી ન ઓટ,
તવ તનુજોએ થાણાં થાપ્યાં દેશ વિદેશો મહીં સચોટ;
'જ્યાં ગુજરાતી ત્યાં ગુજરાત,'
જય ગુજરાત! જય ગુજરાત!

જેણે સાગર નાથી કીધો કહ્યાગરો બાંધી જળવાટ,
શોણિતછાંટા નહિ સુકાયા આડવાટ ખાંડા ખખડાટ;
હજી શૌર્ય એ, એ તાકાત,
જય ગુજરાત! જય ગુજરાત!


સૌમ્ય સદા ઓપંતી મુદભર દિલદરિયામાં સદા જુવાળ,
કહો હશે દુનિયામાં કયાં ગુજરાત સમી મૈયા હેતાળ,
કરે પરાયાં આતમસાત્,
જય ગુજરાત! જય ગુજરાત!

સાહસ ગળથૂથીમાં પાયું, ભરી જીવનમાં નવલી આશ,
સર્વવિજેતા પુર્યો પ્રાણ નહિ જેનો શમશે કદા હુતાશ;
કરશું તારૂં મુખ રળિયાત,
જય ગુજરાત! જય ગુજરાત!

અમે જંપશું નહિ કદાચન કરી કૂચ તવ નામે આન,
ન્યોછાવર સર્વસ્વ કરીશું તું જ અમારાં આશ-ઈમાન,
કરશું દેશ વિદેશે જ્ઞાત,
જય ગુજરાત! જય ગુજરાત!

અમે જીવતાં કહે કોણ 'ગુજરાત રંક'? માગીશું જવાબ,
સદા રાજજે સગર્વ હૈયે પૂરાં કરશું તારાં ખ્વાબ;
અજોડ તું અનુપમ સાક્ષાત્,
જય ગુજરાત! જય ગુજરાત!

અશોક હર્ષ



નગ્ગરનિવાસ

● ડાક બંગલામાં મારી તહેનાત અર્થે શેરીક સાહેબે રામ-નાથ નામે એક હિંદુ જુવાન નીમી દીધો હતો, એટલે વૃદ્ધ ચોકીદારજીને મારે તસ્દી આપવાની રહી નહિ. વળી તેમનું કાનપરૂં ઉજ્જડ, એટલે સાંભળતા ય ઓછું તેને તો 'ઇન્તે-જામ (સગવડ) અચ્છા હૈ, આપ આરામ કરો' કહી છૂટા રાખ્યા. રામનાથને પુરીશાક બનાવવાનું કહી આરામ કરતો પડ્યો અને થોડી ઊંઘ પણ ખેંચી લીધી. આ તંદ્રાલોક જ છે એમ મને લાગ્યું, તે ખરૂં છે. જીવન આહીં અર્ધસત્ય અર્ધનિદ્રિત લાગે છે. સતત વહેતી નદીનું ગાન, પહાડો-ના ખોળામાં પડેલાં રમકડાં જેવાં ગામડાં અને તેમાં ચાલી રહેલી ગ્રામ પ્રવૃત્તિ; જાણે એકબીજામાંથી જ જન્મ્યાં હોય એવાં લાગે છે. એમાં દૂર દેશનું કશું ય તત્ત્વ નથી. બધાં ભૂમિમાંથી પ્રગટેલાં સ્વરૂપો લાગે છે. કોઇ આધુનિક કાળનો સ્થપતિ અહીં આવે તો તેમાંથી કશું શીખી શકે તો નહિ, પણ ઊલટો આ પ્રદેશની શકલ બગાડી મૂકે. આ લોકોની સાદાઇ અને ભોળાઇનો કોઇ લાભ લઇ જાય નહિ કે તેમને હેરાન કરી શકે નહિ એટલો રાજ્યબંદોબસ્ત હોય તો આ પ્રદેશ સુખમય રહે.

આહીંના હવામાં હિમાસ્વપ્નો જાણે આપણી સાથે જ રહેતાં લાગે છે. રામનાથની રસોઇ થઇ એટલે તે ડાક બંગલાના રકાબીપ્યાલામાં પીરસીને લાવ્યો. કીટલીમાં પાણી ભરી



લાવ્યો. આરામ ખુરશીની સામે બીજી ખુરશી નાખી જમવાનું ટેબલ બનાવી લીધું. બંગલામાં બીજા ઘણા ઓરડા છે અને તેમાં ફર્નિચર ઘણું છે, પણ મને તો ખૂણાનો એક ઓરડો ગમ્યો છે અને તેમાં જે હોય તેથી ચલાવવું પસંદ કર્યું છે. રામનાથે મને ફેરવી ફેરવીને પૂછ્યું કે હિંદુ ખાણા માટે ઇંડાં વગેરે કંઇ જોઇશે કે નહિ. એને માંડ માંડ સમજાવ્યું કે હું જુદી જાતનો હિંદુ છું!

જમીને આંટા મારતો હતો એવામાં મને તળેટીએ લેવા મોકલેલો માણસ આવ્યો તેણે હું ડાક(ટપાલ)વાળી મોટર-માં આવીશ એમ ધારેલું, એટલે મોડો થયો. બે ઘોડા અને બે કુલીને તેણે તૈયાર રાખ્યા હતા. ડૉ. કઝિન્સની ચીવટ અને પ્રો. શેરીક (હું શેરીશ કહેતો તે ખોટું)ની અતિથિપરા-યણતા પર મુગ્ધ થયો. મને તુરત સમજાયું કે મારે જ હવે તેમને મારા ખબર પહોંચાડવા જોઇએ. એટલે ચિઠ્ઠી લખી હું કેવી રીતે આવ્યો તે જણાવતો, તથા ગોઠવણો સરસ થઇ છે તે માટે આભાર માનતો અને ક્યારે મળવું તે પૂ-છતો પત્ર લખી રામનાથ જોડે મોકલી આપ્યો; અને હજી તો જવાબની રાહ જોઉં છું ત્યાં બહારથી કોઇએ ઝીણા સાદે મને 'રાવલ' 'રાવલ' કરી બોલાવ્યો.

ચમકીને કોટ પહેરી બહારના ખંડમાં જાઉં છું તો ડૉ. કઝિન્સ અને મેડમ માર્ગારેટ કઝિન્સ મને જ મળવા આવી પહોંચેલાં. કેવાં હેતાળ દંપતી! છોકરાં વિનાનાં છતાં બેઉ પરસ્પરની સોબત માણતાં; જગતની સેવાઓ કરતાં છતાં સાદાઇ અને સરળતાથી વાત્સલ્ય ઉભરાવતાં હું ભાવ-




થી તેમને નમન કરી રહ્યો. એમની ખુશાલી ખૂબ જ હતી. મારી સાથે જ ચા પીવાનો નિશ્ચય કરી આવેલાં એટલે પાછળ જ નોકર ચાનો બધો સામાન લઇને આવતો હતો. તેને માટે પહેલાં તો કયે ઠેકાણે ચા પીશું તે નક્કી કરવા બધા ઓરડામાં દોડી વળ્યાં. મારો ઓરડો પણ જોયો. ગો-ઠવણ પસંદ કરી. ફરતાં ફરતાં તેમણે મકાનની બાંધણી પર

મારું ધ્યાન ખેંચ્યું કે ધરતીકંપથી બચાવવાને તેમાં આડાં-ઊભાં લાકડાનાં બીમ કેવાં ભરેલાં છે. જે મકાનમાં ડાક-બંગલો કર્યો છે તે પહેલાં કોઇ રાજાનો દરબાર હતો. એ તો તેના બહારના આકારથી અને બારણાની નકશી પરથી જ જણાતું હતું. તેમાં બધે તિબેટ અને નેપાળની છાયા સ્પષ્ટ છે.


ચા પીતાંપીતાં કઝિન્સ સાહેબે ઘણી વાતો કરી. હું કેટલા દિવસ રહીશ તે જાણી લીધું. આવતી કાલે પોતાના નિવાસ પર રોરીક કુટુંબ સાથે ત્રણ વાગ્યે ચા પીવાનું નોતરું આપ્યું. મેડમ માર્ગારેટે મારી ઉંમર પછી, કુટુંબની હકીકત પૂછી; મારી શાળાની, 'કુમાર'ની, ન્યૂ દિલ્હીની એમ ઘણી વાતો નીકળી. પછી પોતે જ અહીં આસપાસ મને જુદેજુદે ઠેકાણે ફરવા લઇ જશે એમ જણાવી હું ચાલવાને કાયર તો નથીને તે પૂછ્યું. આજ સવારે અહીં ચઢી આવ્યો છું એટલું સર્ટિફિકેટ બસ માન્યું. બંને જણાં કુદરતની ખૂબીઓ, માનવસંસ્કારો અને કળાના પ્રસાદો માણવામાં એક્કા છે. દરિયાપારનાં આ માનવીઓને હિંદની પ્રકૃતિલક્ષ્મી પર જેવાં ભાવ અને ઉલટ છે એવાં હિંદવાસી માત્રમાં ક્યારે પ્રગટે?

ચા પતાવી મને કહે કે અમારી સાથે આવીને રસ્તો જોઇ જાઓ. હું મદ્રાસી પેઠે ધોતીઉં વીંટી સાથે જ ચાલ્યો. રસ્તામાં મૅડમે એક જૂનું દહેરું બતાવ્યું. ડૉક્ટર તો એના પથ્થરે પથ્થર આનંદથી જુએ. બધા અ કારોની લીલા નાના બાળક જેવા આનંદથી જુએ. મૅડમ વળી દૂરથી બંગલા ઓળખાવે. 'નગ્ગર કૅસલ'ને પાછા વળી જુદાજુદા ચઢાણોથી જુએ. એમ કરતાં 'રોરીક હૉલ' છોડી, ઉપરના ભાગમાં તેમને 'રોરીક ઇન્સ્ટીટ્યૂટ'માં જ્યાં જગ્યા આપેલી ત્યાં અમે ગયા. બે ઘોડા બાંધેલા તે બતાવી ડૉક્ટર કહે, 'પેલો સફેદ તારા માટે મોકલ્યો હતો, શુકન તરીકે.' હું ઘોડાને



પંપાળવા ગયો પણ તેણે દાંત બતાવ્યા! હસતા, રમૂજો કરતા રાફરજનોથી નમી રહેલી ડાળીઓ નીચેથી તેમના ઘરને આંગણે મૂકી હું પાછો ફર્યો. આવતી કાલે એ જ ઠેકાણે ત્રણ વાગ્યે મારે ચા લેવાનું નિમંત્રણ હતું. પ્રો. રોરીકનો પહેલો ત્યાં મેળાપ થશે. બીજો ખરો મેળાપ તો વખતે દહાડે ધાર્યો હતો. એક વાર તેમની પાર્ટીમાં પણ જવાનું છે. ડૉક્ટરે એ દિવસનું નામ 'રાવલ ડે' ગણાશે એમ વિનોદ કર્યો.

હું સપાટાબંધ પાછો આવી ગયો. આજે જાણી જોઇને જ બહુ ફરવું નહિ એમ ધાર્યું છે. પણ ફરવા જવાની જરૂર જ ક્યાં છે? 'નગ્ગર કૅસલ' એવી જગ્યા પર છે કે આખી



કુલુની ખીણમાં આવેલા નગ્ગર ગામનો ડાક બંગલો 'નગ્ગર કૅસલ'



ઉપર : નગ્ગરની ખીણ—જેની વચ્ચે મધ્યસ્થાને 'રોરિક હૉલ' નજરે પડે છે
સામેના પાને : પહાડી ઘરોની બાંધણી દર્શાવતું નગ્ગર ગામ પાસેની ખીણનું એક દશ્ય

ખીણની રજેરજ બાબત દેખાય છે. મારી નજર તળે ગામડું છે તેનાં અણરખીઆં છાપરાં નીચેની અટારીઓ, ચોક, બધું દેખાય છે. અમેરિકન સીનેમાનાં દશ્યોને ઠંડાં પાડે એવા પ્રકારો ને પ્રસંગો નજરે ભાળું છું કોઇ ઘરના ચોકમાં ધાન્ય પથરાયું છે. તેમાં ચારપાચ રેશમકાળી ગાવડીઓ ખૂંદી રહી છે. લાલ વસ્ત્રે માથું બાંધેલી કન્યા તેને ચારે કોરથી સંકોરી રહી છે. કોઇ ઘર પાસે સૂપડાં ચાલી રહ્યાં છે. નાનાં છોકરાં ઝીણા સ્વરે ગીત લલકાર કરે છે. આ વખતે હું એ ચીજ લાવવાની ભૂલી ગયો તે યાદ આવે છે. મારૂં બાયનોક્યુલર અને છાયા રંગનાં ચશ્માં. ડૉ. કઝિન્સ આગળ મેં મારી ભૂલ જણાવી ત્યારે કહે, 'રોરીક સાહેબ પણ કહે છે કે પહાડો પર વાદળાંનો ઉજાસ એટલો તીવ્ર બને છે કે નરી આંખે પૂરૂં નિહાળી શકાતું નથી. વધુ ઉણપ તો મને મારાં ચીતરવાનાં સાધનોની લાગી. મેં વરસાદ, ઝાપટાં અને તોફાનોની ગણતરી કરી માત્ર જરૂર પૂરતી ચોપડી અને રંગની પેટી આણી છે. હવે તો માત્ર નિશાનીઓ જ લેવાશે.

ડૉ. કઝિન્સ કહે છે, પ્રો. રોરીકનાં ચિત્રોની ભભક, તેજ અને જોમ એટલાં બધાં છે કે હિંદી કલાકારોના પ્રદર્શન સાથે એ બતાવ્યાં હોય તો બધાં મરી જ જાય. છતાં પ્રો. રોરીક હવે એક હિંદી કલાકાર જ ગણવા જોઇએ, એટલું કામ એમણે હિંદના વિષયે હિંદમાં રહીને કર્યું છે અને હિંદની કીર્તિ વધારી છે—હિંદની પૂજા કરી છે પણ મારી દલીલ એ હતી કે જો હિમાલયમાં ગંગા પ્રગટી છે તો તેને હિંદની ધરતી રસાળ કરવામાં કાં ન વહેવડાવવી? મામૂલી ચિત્રપૂંજી અને ચિત્રકૌશલ્ય પર રાચી રહેલા આજકાલના તરુણ ચિત્રકારો પોતાની લાયકાત તોળી શકે અને વધુ પુરુષાર્થ કરવા પ્રેરાય તો એમનાં ચિત્રોનું દર્શન અને પ્રદર્શન સફળ ગણાય. એમ ચિત્રોને ઓથે રાખી જોવાથી ચિત્રકારનાં ચિત્રો શ્રેષ્ઠ બની જવાનાં નથી. યુગનાં આવરણો ભેદી આકર્ષણ ટકાવી શકે તેવાં ચિત્રો કેટલાં થયાં? પ્રો. રોરીકનાં અસલ ચિત્રો જોવાનું ભાગ્ય આજ કેટલાં યે વર્ષો પછી પાસે આવ્યું છે તેથી હું તો સફળતા અનુભવું છું, પણ હજારોને જોવા મળે તો કળા વિષેની જૂની કલ્પનાઓ ઓસરી જાય ને નવી પ્રગલ્ભ સબળ દષ્ટિ તેઓ પ્રાપ્ત કરે.

નહાવાનું પાણી આવ્યું એટલે વિચારો બંધ રહ્યા. ગરમ પાણીથી નાહ્યા પછી થાક ઊતર્યો લાગ્યો. પણ હવા કે પાણીની ગમે તે અસરથી એકાએક ધ્રુજારી આવી ગઇ. કારણ ન જ સમજાયું અને એમ લાગ્યું કે કદાચ થાક હશે એટલે પથારીમાં પડ્યો. રાત્રે માત્ર ગરમ દૂધ પીધું અને આ વિશાળ મકાનને ખૂણે એકલો જ સૂઇ ગયો. પણ ઊંઘની જમાવટની આશા રાખેલી તે નિષ્ફળ ગઇ. સરસ મકાન, સરસ સગવડ, છતાં જેવી ઊંઘ પામેલા અને કુલુની હોટલમાં આવી હતી તેના અરધા હિસ્સાની પણ ન ટકી. રાત્રે જાગી ઊઠ્યો. ઊંઘ કેમ ઊડી ગઇ તે સમજાયું. માથું ગરમ થઇ ગયું હતું. શરીરમાં જરા તાવ હતો. સવાર સુધી તરફડીઆં મારતાં વખત કાઢ્યો.



સવારે ઊઠ્યો ત્યારે તબિયત ગઇ કાલના હિસાબે ઘણી પાછી ગએલી લાગી. ગઈ કાલે મોટરની મુસાફરી કરેલી, પહાડ ચડી આવેલો, ફરેલો, છતાં આજે તો સવારમાં શરીર પૂરૂં મંડાતું નહોતું. રામનાથે રાતનું દૂધ રાખી મૂકેલું એટલે સુભાગ્યે ચા વહેલી મળી. નહિ તો પહાડોમાં દૂધ આઠ વાગ્યા પછી આવે, એટલે રોજ ચા પીનારાને તો કશું કામ ફાવે જ નહિ. પછી કૅમેરા અને સ્કેચબુક લઇ બહાર નીકળ્યો. થોડી વાર બિમારી વિસરાતી લાગી. એકબે સ્કેચ અને દૃશ્યો લીધાં ખરાં. પણ ગોઠણ ડગવા લાગ્યાં, એટલે પાછો આવી પથારીમાં પડ્યો. રામનાથે આણેલી ક્વીનાઇનની ટીકડી ચડાવી આટલું લખી નાખ્યું.


જમવાનું તૈયાર થયું ત્યાં સુધી તાવની ખુમારી લાગતી હતી. પછી ગમે તેમ કરી પેટમાં કંઈક નાખવું જ કરી બીજી બે ગ્રેઇન કિવનાઇન લઇ મગ ભાત રોટલી યથેચ્છ લઇ લીધાં. જરા ઠીક લાગ્યું. ઊંઘનો ભાર પણ જણાયો, એટલે ત્રણ વાગ્યે જગાડવાનું કહી પથારીમાં પડ્યો. ખરેખર સારી ઊંઘ આવી ગઇ. દોઢેક વાગ્યો હશે ત્યાં રામનાથે જગાડ્યો. ડૉ. કઝિન્સની ચિઠ્ઠી હતી કે મારે આજે ચા માટે તેમના નિવાસ પર નહિ પણ રેરીક હૉલ પર જ ચાર વાગ્યે જવું. સવારે માત્ર વખત વીતાવવા ભેટનાં ચિત્રો પર સફેદ અક્ષરે નામો લખી તૈયાર કર્યાં હતાં એટલે અત્યારે તે વિષે નિશ્ચિત રહ્યો.

રેરિક હૉલનો મહેમાન

● ચાર વાગ્યે, ગુજરાતની કળાપ્રસાદી લઇ હું પ્રો. રેરીકના બંગલા પર ગયો. ઘડીઆળ પાસે નહોતી એટલે કંઇક વહેલો પહોંચ્યો. દરવાજાના થાંભલા પર તેમણે બેચાર જૂની મૂર્તિઓ ચડાવી છે અને એક હિંદુ પાસે રોજ પૂજા કરાવે છે. મેં માણસને તપાસ કરવા મોકલ્યો કે ડૉ. કઝિન્સ આવી ગયા છે કે નહિ, પણ તેને બદલે રેરીક સાહેબનો જ નોકર મને તેડવા આવ્યો. હિમાલયની હવામાં ખીલવેલા બગીચા વચ્ચે ઊભેલો રેરીક હૉલ સાદાઇનો નમૂનો છે. બારણા આગળ જ ચિત્રમાં જોએલી ઋષિમૂર્તિ સામી આવતી દેખાઇ. હું



પળવાર શાંતિથી નમસ્કાર કરી ઊભો રહ્યો. તેમણે હાથ પકડી લઇ મને અંદર ખેંચ્યો. પાછળ જુવાન કાઇસ્ટ જેવા



પ્રો. નીકોલા રેરીક

નિર્મળ ચહેરાના તેમના યુવાન પુત્ર સ્વેતોસ્લાવ સાથે પરિચય કરાવ્યો અને ઉપરના માળે લઇ ગયા. હું વહેલો જ થયો હતો. ડૉ. કઝિન્સ આવ્યા ન હતા, પણ મને તો તેમણે ઘડીવારમાં સંક્ષોભરહિત કરી દીધો. પોતે મહાન પુરુષ ન હોય પણ વાત્સલ્યભર્યા સંગામુરબ્બી હોય તેમ પાસે બેસાડ્યો અને કહ્યું, 'We were known by spiritual relations but unknown materially.'

આ હિમાલય મનુષ્યમાત્રને તાજગી આપનાર સ્થાન છે; કૌરવો અને પાંડવોના અહીં વાસ છે; સામેના શિખરે અર્જુનની જગ્યા છે એમ લોકો માને છે; હિંદના લોકો કેમ હિમાલયને વીસરી ગયા? કળાને બદલે છળ અને નાદ વધ્યાં છે; કળા તદ્દન સાદી, જનગાત્રને માટે સરજાવી ઘટે; simple થવા પ્રયત્ન કરો; સાચી કળાનો પ્રસાદ સર્વત્ર ફેલાવો તો લોકોનાં દિલને રાહત અને આશ્વાસન મળશે; વગેરે ઘણું છુટું છુટું તેમને મોંએ સાંભળ્યું. એવામાં ડૉ. કઝિન્સ આવ્યા. અમને વાતો કરતા જોઇ,–જાણીને જ નીચે રોકાઇ પડ્યા. પાછળથી માર્ગારેટ માઈજી આવ્યાં. એ તો ખરેખર દુનિયાને પહોંચી વળે એવાં છે. ડૉ. કઝિન્સની આસપાસ તેની વ્યવસ્થા ચિવટ અને ગણતરીનો કિલ્લો એ બાંધી રાખે છે. રસોઈ, ચા, ઘરની ગોઠવણ, દીવાબત્તી અને પત્રવ્યવહાર સુધીનું નિયંત્રણ તે જ ચલાવે છે.

બધાં આવી ગયાં એટલે અમે ચાના રૂમમાં આવ્યા. બીજા એકબે મહેમાન પણ હતા. પણ મૅડમ રેરીકનું ભર્યુંભર્યું હાસ્ય અને મીઠી મહેમાની સૌને સરખી મળતી હતી. મને પ્રો. રેરીકે પાસે-બેસાડી તજવીજ રાખવા માંડી તો ડૉ. કઝિન્સ મૅડમ રેરીક પાસે હતા. એ આખા યે રૂમની દિવાલો ને કબાટો તિબેટનાં ધર્મચિત્રો, ગ્રંથો, પૂતળાં વગેરેથી ભરચક છતાં વ્યવસ્થાથી આહ્લાદક હતાં.

ચા પૂરી થતાં સૌ ઊઠ્યા, કારણકે બીજા મહેમાનો જવાના હતા. એમને વળાવી ડૉ. કઝિન્સે જણાવ્યું કે રાવળ તમારા માટે ભેટની ચીજો લાવેલ છે તે જોવા અંદર જઇએ. મૅડમ રેરીકને કાઠીઆવાડી ભરતની કોથળીમાં ગુજરાતનાં ચિત્રો મૂકીને ભેટ ધરી. રેરીક સાહેબને આપણી જૂની પિત્તળ–કારીગરીની એક ગરુડની મૂર્તિ આપી અને કનુ દેસાઇનાં પ્રકાશનો તેમજ ચિત્રકલાપ આપ્યો. બહુ જ ખુશ થએલા જણાયા. એમાંનાં ચિત્રોની નકલો એમના Flama નામના માસિક માટે છપાવી હોય તો શો ખર્ચ આવે તે પૂછ્યું. ચિત્રોના વિષયો જોઇ બહુ જ ખુશ થએલા જણાયા.

મારે ડૉ. કઝિન્સ સાથે સાંજે શાકાહાર લેવાનો હતો, એટલે હું તેમની સાથે તેમના ઉપરના મકાને ગયો. માર્ગારેટ માઈજીએ બહુ જ સારૂં પણ સ્વાદિષ્ટ ખાવાનું કરી રાખ્યું હતું. થોડીક વાર હતી એટલે પાસેની ખીણમાંથી બિયાસ નદીનો સ્વર આવતો હતો તે તરફ અમે બેઠાં. ડૉ. કઝિન્સે વાત કરતાં તેમનાં કામો ગણાવ્યાં તો હું અજબ થયો કે આટલી ઉંમરે તેમની તબિયત નાના બાળકની જેમ સાચવી રાખવી પડે એવી છે છતાં કેટલું ગંભીર અને ચિંતનભર્યું કામ તે કરી રહ્યા છે.

જમવાની વેળા થઇ એટલે અંદરના ખંડમાં ટેબલ તૈયાર કરાવ્યું. અહીં વીજળી આવી નથી, એટલે ટેબલ પર બે મીણબત્તી ગોઠવી અને ધૂપસળી સળગાવી. વાતો કરતાં જમવાનો બહુ જ આનંદ આવ્યો. સ્વચ્છ, સાદું, સ્વાદિષ્ટ ભોજન. પહાડી પંડિતોની કાળી મેશ જેવી રસોઈ મેં રસ્તે ખાધી હતી, તેથી રૂચિ મરી જવા આવી હતી તે તાજી થઇ.

જમીને તુરત હું મારા ડાક બંગલે આવ્યો અને રામનાથને ઘેર જવા રજા આપી. પરમ દિવસે નીકળવાનો વિચાર ડૉ. કઝિન્સ આગળ મેં મૂકી દીધો છે. કાલનો દિવસ કામથી ભરચક છે. કાલે બપોરે પ્રો. રેરીકને ત્યાં જમવાનું છે અને બપોરે ચા ડૉ. કઝિન્સને ત્યાં છે.


નીકળવાનો સમય નક્કી કર્યા પછી મને વખત થોડો થોડો લાગવા માંડ્યો. પ્રો. રેરીકને ત્યાં અગિયાર વાગ્યે જવાનું હતું, છતાં સવારમાં વહેલા ઊઠી હજામત વગેરે પતાવી ચા પી લીધી. બહાર પણ કુદરત અનુકૂળ દેખાતી હતી. એકેએક પર્વત સ્પષ્ટ દેખાતો હતો; પાછળની બરફ છવાએલાં શિખરોની ચળક પણ નજરે પડતી હતી; એટલે પહેલાં તો ઉપરના ભાગે શિખર પર જણાતું મંદિર જોવા ચડ્યો. ચડતાં ચડતાં હવા સ્વચ્છ થવાથી બે ત્રણ ફોટોગ્રાફ લઇ શક્યો.

મંદિરની છબી લેવાઇ ન લેવાઈ ત્યાં તો વાદળાંએ દશ્યો ઘેરી લીધાં અને હું ઊભો હતો ત્યાં પણ ઠંડો પવન આવવા માંડ્યો. પહાડી હવાની આ વિચિત્રતા. ઘડીમાં કંઇનું કંઈ બની જાય. હું ઝપાટાબંધ નીચે આવ્યો. ડૉ. કઝિન્સે હું

નિયમિત રહી શકું માટે પોતાનું રિસ્ટ વૉચ મને આપેલું હતું. મને પણ ઠીક શિખામણ મળી કે આવા સ્થાનમાં ઘડીઆળ વગર ફરવું નહિ જોઇએ. રામનાથે પાણી ગરમ રાખ્યું હતું એટલે નાહી લીધું. તેણે ખબર આપ્યા કે જે ડૅાકટરે કાલે કિવનાઇનની ગોળીઓ આપી હતી તેણે મારૂં નામ માગ્યું છે, એટલે મેં આભારપ્રદર્શન સાથે મારૂં કાર્ડ મોકલી આપ્યું. ડૉ. શર્માનો જવાબ આવ્યો કે પોતે મને બપોરે મળવા આવશે. આવે ઠેકાણે સુશિક્ષિત માણસોની સોબત મળવી દુર્લભ એટલે તેને પણ એવી તક ગમે. મને પણ તેની વહેલી ખબર પડી હોત તો હું ગળી આવ્યો હોત. કારણકે ઘણી વાતો એવાના સમાગમથી જાણવા મળે. પણ એ મુલાકાત બને એવું હતું નહિ, એટલે ૧૧ વાગ્યા પહેલાં જરા વહેલો નીકળ્યો અને રસ્તામાં ડૉ. સાથે માત્ર હાથ મિલાવી આગળ ચાલ્યો.

જરા ચઢાણ પછી રોરીક હૅાલને દરવાજે પહોંચ્યો તો પણ ત્રણ મિનીટ બાકી હતી, એટલે દરવાજે ડૅા. કઝિન્સની રાહ જોતો ઊભો રહ્યો. ત્યાં રોરીક હૅાલનો પટાવાળો આવ્યો. તે કહે, અંદર આવીને જ બેસો. અંદર ગયો ત્યાં રોરીક ઋષિ પોતે જ આગળ આવ્યા અને મને હાથ પકડી ઉપર લઇ ગયા. તેમના પુત્ર સ્વેતોસ્લાવ પણ ઉત્તમ પ્રકારના આર્ટિસ્ટ છે. તે પણ હાજર હતા. ડૅા. કઝિન્સના આવવાની રાહ જોયા વિના તેમણે તો સામે ઇગલ (ચિત્રપીઠ) ગોઠવી અને 'Father, shall I begin?' કહી ડોસાની હા મળતાં નોકરની મદદથી એક ચિત્ર લાવી મૂક્યું રોરીકનાં ચિત્રોની ખૂબી એ છે કે તેના તેજ અને પ્રભાવ આગળ બધું ઝાંખું થઇ જાય છે, અને સ્થળ તેમજ કાળથી આપણને તે છૂટા કરી શકે છે. ચાર કે પાંચ ફૂટનાં આ ચિત્રોની ખૂબી ચોપડીમાં છાપેલાં ચિત્રો હજારમા ભાગે પણ રજૂ કરી શકયાં નથી, તો પછી વર્ણનથી તેનો ખ્યાલ આપવો અશકય જ છે. લગભગ ૨૮ નવાં ચિત્રો મેં જોયાં. હિમાલય અને તિબેટનું મહાકાવ્ય અહીં રચાતું જોયું. પ્રો. રોરીકે કંઇ નહિ તો ય એવાં ૫૦૦૦ ચિત્રો કરી નાખ્યાં છે! તેની યાદી અને વ્યવસ્થા તેમના સેક્રેટરી અને Flamaના હિંદી પ્રતિનિધિ મિ. શુબુયેવ સંભાળે છે.


ડૅા. કઝિન્સ થોડી મિનીટો મોડા આવ્યા અને કાર્ય શરૂ થઇ ગએલું જોઈ મને કહ્યું કે તેં તો અમેરિકન ઝડપે કામ ઉપાડયું છે! પણ બીજું શું થાય? દિવસો સુધી એક એક ચિત્ર ચિંતન અને ઉષ્મા આપે એવું હોય છે. પ્રો. રોરીકનાં ચિત્રો પૂરાં થયાં એટલે સ્વેતોસ્લાવે પોતાનાં ચિત્રો રજૂ કરવાની ઈચ્છા દર્શાવી કામ શરૂ કર્યું. ૩૫ વર્ષનો આ તરુણ તેના સ્વચ્છ, કુમળા અને સુઘટિત ચહેરામાં વિનય અને જ્ઞાનથી વધેલો તરુણ ક્રાઈસ્ટ જેવો છે. તેનાં ચિત્રો એક પ્રખર કળાકારની ઝાંખી કરાવે છે. રોરીક હાઉસની પરં-



પ્રો. રોરીકના પુત્ર સ્વેતોસ્લાવ રોરીક

પરાની અચૂક પ્રતીતિ તે કરાવે છે, છતાં તેના પિતાનું અનુકરણ કરતો નથી. તેણે પણ હિમાલયનાં અને તિબેટનાં ચિત્રો કર્યાં છે. તેની વિશિષ્ટતા તો પોર્ટ્રેઇટ (છબિચિત્રો) કરવામાં જ છે. તેના પિતાનાં અને પોતાનાં ચિત્રો તેણે વિવિધ રીતે કરી જગત પરનાં જુદાંજુદાં મ્યુઝીઅમોમાં મોકલ્યાં છે. રશિયા, ઇંગ્લંડ, ફ્રાન્સ અને અમેરિકાના ઉસ્તાદ કલાકારોને તેણે સેવ્યા છે અને પ્રથમ પંક્તિનું માન પામેલ છે. છતાં તેના વિષે હિંદમાં આપણે કંઇ ન જાણી શકયા એ નવાઇ. આપણી મોટીમોટી ચિત્રશાળાઓ અને યુનિવર્સિટીઓ તેને આમંત્રણ આપીને આંગણે આવેલી એ ગંગાનો લાભ લઇ શકત. તેનામાં જરા યે અભિમાન નથી. તેને હિંદ પર બહુ ભાવ છે અને બાર કે પંદર વર્ષથી હિંદને ઘર બનાવ્યું છે. બીજા યુરોપીઅનોની જેમ હિંદી સ્વરૂપો અને સંસ્કૃતિની સૂગ નથી, પણ સન્માન અને પ્રેમ છે. મને તેના પારીસના અભ્યાસનાં ચિત્રો બતાવ્યાં. હિંદના પેન્સિલ-સ્કેચ બતાવ્યા. ચિત્રના પ્રાથમિક રંગાલેખો બતાવ્યા. એની બરોબરની કળાઓનું જ્ઞાન હિંદની કળાશાળાના કોઇ પ્રિન્સિપાલમાં પણ ભાગ્યે જ હશે. ચિત્રો ઉપરાંત તેનો શોખ વનૌષધિઓ ઉપર બહુ છે. સ્થાપત્ય પણ સારૂં જાણે છે. યુરોપ અમેરિકાની કેટલી યે કળાજ્ઞાનની સંસ્થાના તે સદસ્ય છે. અમેરિકાના રોરીક મ્યુઝિઅમના તે ઉપપ્રમુખ છે.

વખત તો ક્ષણમાત્ર બની ગયો. જમવાના વખતની નિશાનીઓ બેત્રણ વખત આવી. છેવટે મેં મારા કૅમેરાથી રંગફિલ્મ ઉપર બેત્રણ ચિત્રો લેવાનું કહ્યું તે પણ તેમણે સ્વીકાર્યું ડૅા. કઝિન્સનું એક મોટું અધૂરૂં પોર્ટ્રેઇટ સ્વેતોસ્લોવે કરેલું જોયું. તેની સાથે આર્ટિસ્ટની છબી લીધી: બીજાં ઘણાં સ્મરણચિત્રો પાડવાં હતાં, પણ જમવાનો સમય મોડો થવા



ડૉ. જેમ્સ કઝિન્સ

ન દેવો જોઇએ એ યુરોપીઅન ઘરોનો દૃઢ નિયમ હોય છે, એટલે બધો લોભ મૂકી જમવાના ટેબલ પર આવ્યા. દરેક જણ આનંદમય હતું. મારે જમણે હાથે પ્રો. રોરીકના બીજા દીકરા પ્રો જ્યૉર્જ રોરીક હતા. તે ઇતિહાસના અઠંગ જ્ઞાતા છે. તેણે તિબેટી ડિક્ષનેરી રચી છે અને તિબેટની ઘણી ઉપભાષાઓ બોલી જાણે છે. આમ આ એક જ કુટુંબ મહાશાળા જેવું છે. મેડમ હેલન રોરીકને પણ એશિયા પર બહુ પ્રેમ છે અને તે વિષે ઘણું જ્ઞાન ધરાવે છે. આ કુટુંબ પરંપરા પ્રમાણે એક રાજવંશથી ઊતરી આવેલું છે. પોતાના ઉછળતા હાસ્ય અને ભરપૂર કામથી સૌને પ્રફુલ્લિત રાખતા તેમના સેક્રેટરી શુબુયેત્ર બહુ ઓછું બોલતા, પણ મારી પર તેમણે બહુ ભાવ દર્શાવ્યો. જમતાં પહેલાં થોડી મિનિટો મને એક બાજુ લઇ જઇ એમના માસિક 'Flama' માટે 'કુમાર'માં છપાએલાં બે ચિત્રો અને ફ્લેમા માટે મારો એક લેખ માગી લીધાં. ઘરની બહારનાં કામોની તજવીજ એઓ જ રાખે છે. મારા માટે સવારમાં કુલીઓ મોકલી આપવાનું તેમણે માથે લીધું હતું.

જમવામાં સુંદર શાકો તથા મલાઇ અને દૂધની વાનીઓનું સારું સ્વાદિષ્ટ ભોજન મારા માટે ખાસ તૈયાર કરાવ્યું હતું. ફળાહારી ભોજનમાં પણ રશિયન બાનુએ કમાલ કરી બતાવી હતી. સ્વચ્છતા અને વ્યવસ્થા તો આપણને બોધપાઠ આપે એવાં હતાં. પહાડી નોકરોને તાલીમ આપીને તેમણે એવા પ્રવીણ બનાવ્યા હતા કે તેમનાં અદબ અને સ્વચ્છતા જોઇ તેમના જ બીજા પહાડી બંધુઓને હિસાબે તેમનો દેવલોકમાં પ્રવેશ થયો ગણાય.

જમતાં જમતાં અનેક પ્રકારની વાતો નીકળી. ઈષ્ટોપાસના, કુલદેવતા અને ઇષ્ટદેવતા પર વાતો આવી. કોમ અને જાતિ વચ્ચે એકતા અને બળસંગઠન માટે આવાં સ્વરૂપો યોજાએલાં અનો તેમનામાં માનવીની શ્રદ્ધા અને ઉપાસનાથી કાર્યસિદ્ધિ પણ જન્મેલી. મેં કેટલાક મારા જાણીતા દાખલા આપ્યા, એમાં સૌને બહુ રસ પડ્યો જણાયો. મારી બાજુમાં ડૉ. જ્યૉર્જ રોરીક હતા. તેણે ગુજરાત વિષે વધુ જાણવા જિજ્ઞાસા બતાવી. મિસીસ કઝિન્સે વળી મારા અનુભવો લખી બહાર પાડવા કહ્યું. **ર. મ. રા.**

Our Friends Abroad

હિંદી મિત્રોને મળેલા પત્રો

('કુમાર'માં ગયે વખતે જણાવ્યાથી કેટલાક મિત્રોએ પોતાના મળેલા કાગળો મોકલવાનું શરૂ કર્યું છે. નીચે મિ. કાન્તિલાલ ગાંધીને મળેલા કાગળનો સાર આપ્યો છે.)

'તમારૂં "કલાની દેવી"નું ચિત્ર જોઇ હું ઘણો જ આશ્ચર્ય પામ્યો. કારણ કે એવું ચિત્ર મેં અહીં કદી જોયું ન હતું. અમેરિકામાં વસતા ઘણાખરા લોકો ક્રિશ્ચિયન છે, જ્યારે આશરે ૪½ કરોડ યહુદી જાતના છે. મેં હમણાં જ હિંદુસ્તાન વિષે બે પુસ્તકો વાંચ્યા. 'Inside Asia' નામના પુસ્તકમાં વાંચ્યું કે ગાંધીજી બુદ્ધ પછીની બીજી મહાન વિભૂતિ છે. મારાં કાકી હમણાં જ અહીં નવી Streamlined busમાં આવ્યાં તે કહેતાં હતાં કે બસમાં તેમની સાથે કોઇ બે નાઝી છોકરીઓ હદપાર થવાથી આવી હતી, જે ઇંગ્લીશનો શબ્દ પણ બોલી શકતી નહિ. તેમના ગળામાં લટકાવેલાં કાર્ડબોર્ડ પર બસ હાંકનારને માટે સૂચનાઓ લખેલી હતી.

ઇંગ્લંડનાં રાજા રાણીની અહીંની સફર વિષે તો તમે જાણતા જ હશો. મેં તેમને સીનેમા ન્યુસ રીલમાં જોયાં.

તમે માનો છો કે ટૂંક સમયમાં મહાયુદ્ધ ફાટી નીકળશે? શું હિંદુસ્તાન બ્રિટીશ સામ્રાજ્યને વફાદાર રહેશે? ઘણા ખરા અમેરિકનો માને છે કે ઉનાળાના અંતમાં યુદ્ધ શરૂ થશે. અહીંનું એક મહાન Conservative નીતિવાળું પત્ર જણાવે છે કે યુદ્ધમાં નાઝીઓને ભય છે કે જર્મન સોલ્જરો પોતાની બંદૂકો પેરિસને બદલે બર્લિન તરફ માંડશે!

ગયા અઠવાડિયે મેં મોટા ૩૭૦ એકરના ખેતરમાં ટ્રૅક્ટર ચલાવ્યું. જો તમને અનુભવ થયો હશે તો જ કપડાં કેટલાં ખરાબ થાય છે એનો ખ્યાલ આવશે. તમે ટ્રેઇનની ટિકિટો મંગાવી હતી તે હું કદાચ નહિ મોકલી શકું અહીં ઘણાખરા પોતાની જ મોટરોમાં સફર કરે છે.' Robert Wolf

જે ભાઇઓ મને સીધા કાગળો લખે છે તેમને મારી વિનતિ છે કે હમણાં પત્રવ્યવહાર કુમાર કાર્યાલયને સરનામે જ કરવો; કારણકે મારે હમણાં થોડા વખત માટે પરીક્ષાઓના કારણે નિવૃત્ત રહેવું પડશે. મને આ કાર્યથી ઘણો આનંદ થયો છે અને અનુભવ પણ મળ્યો છે. **વિનોદ પાઠક**



મીનાક્ષી દેવીનું લગ્ન

પ્રાચીન શિલ્પ

મદ્રાસ ઇલાકામાં આવેલા મદુરામાં મીનાક્ષી દેવીનું મંદિર હિંદની શિલ્પકળાનું એક અખંડ કીર્તિધામ છે. પરદેશીઓના હૂમલા અને ત્રાસથી બચેલો એ પ્રદેશ આજે એવી અનેક શિલ્પસામગ્રી ધરાવે છે કે જેની પાસે ગ્રીસનાં પૂતળાં અક્કડ અને નીરસ લાગે. મીનાક્ષી મંદિરમાં કેટલી યે શિલ્પમૂર્તિઓ છે કે જેની ફોટોગ્રાફી હજુ થઇ શકી નથી અથવા થવી મુશ્કેલ છે. એવી એક અપ્રાપ્ય છબી મીનાક્ષી દેવીના લગ્નની છે અહીં રજૂ કરેલા શિલ્પમાં દેવી મીનાક્ષીનું શિવસુન્દરમ્ સાથે લગ્ન થાય છે અને શ્રી વિશ્ણુ પોતે હસ્તમેળાપ કરાવી રહ્યા છે. દક્ષિણમાં આર્ય-કથાઓ કંઇક ફેરફારો સાથે નવીન રૂપ પામી છે તેમાંનો આ પ્રસંગ છે. આ શિલ્પની અપ્રતિમ ખૂબી તો મીનાક્ષી દેવી પરના સલજ્જ ભાવોમાં છે. પ્રાચીન કલાકારો અતર્ભાવો ઉતારવામાં કેટલા કુશળ હતા તેનું આ એક સચોટ દૃષ્ટાંત છે. જેવું આપણું સંસ્કૃત સાહિત્ય આલંકારિક હતું તેવું જ શિલ્પ અને કળાસ્વરૂપ જાજરમાન હતું. શ્રી કાર્લ ખંડાલાવાળાએ તાજેતરમાં બહાર પાડેલા પોતાના પુસ્તકમાં એવી અનેક વિરલ પ્રતિમાઓ અને ચિત્રોની સુસ્પષ્ટ અને ચિત્તાકર્ષક પ્લેટો આપી છે. એ પુસ્તકનો પરિચય આ અંકમાં આપેલો છે તે વાંચવાની કલારસિકોને ભલામણ છે.



યુનાઈટેડ સ્ટેટ્સના પ્રમુખોની છાપવાળી નવી ટિકિટોની હારમાળા

યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાએ હમણાં પોતાને ત્યાંની, અરધા સેન્ટ (૧ પૈસા)થી માંડીને ૧ ડૉલર સુધીની ટપાલની ટિકિટો ઉપર, એ દેશની પ્રજાનું સ્વાતંત્ર્ય મેળવવામાં તથા તેની રાજકીય પ્રગતિમાં જે સમર્થ પુરુષો અને મહાન રાજનીતિજ્ઞોએ પોતાની સેવા સમર્પેલી અને તેની કદર તરીકે જેમને ત્યાંની પ્રજાએ પોતાના પ્રજાસત્તાકના પ્રમુખ નામેલા એ તમામની છબીઓ આપીને એ સમગ્ર મહત્તાને સ્મરણાંકિત કરી છે ઉપર એ આખો સમૂહ આપ્યો છે. પ્રત્યેક પ્રમુખના નામ સાથે તેના પ્રમુખ તરીકેના હોદ્દાની સાલ આપી છે, અને જુદા જ પ્રકારના ચિત્રસંયોજનથી તથા વિવિધ રંગોથી એ આખી હારમાળા સુશોભિત બની છે. જુદીજુદી કીમતના સ્ટૅમ્પ ઉપર આપેલા એ પ્રમુખોનાં નામ અનુક્રમે નીચે મુજબ છે: અરધો સેન્ટ—બેન્જામિન ફ્રાંકલિન; એક સેન્ટ—જ્યૉર્જ વૉશિંગ્ટન (૧૭૮૯—૯૭); દોઢ સેન્ટ—તેનાં પત્ની માર્થા વૉશિંગ્ટન; બે સેન્ટ—જૉન ઍડમ્સ (૧૭૯૭—૧૮૦૧): ત્રણ સેન્ટ—ટૉમ્સ જેફરસન (૧૮૦૧—૦૯); ચાર સેન્ટ—જેમ્સ મૅડિસન (૧૮૦૯—૧૭); પાંચ સેન્ટ—જેમ્સ મનરો (૧૮૧૭—૨૫)—છ સેન્ટ જૉન ક્વિન્સી ઍડમ્સ (૧૮૨૫—૨૯); સાત સેન્ટ—ઍન્ડ્રુ જૅકસન (૧૮૨૯-૩૭); આઠ સેન્ટ—માર્ટિન વાન બ્યુરેન (૧૮૩૭—૪૧); નવ સેન્ટ—વિલિયમ હેન્રી હૅરિસન (૧૮૪૧); દસ સેન્ટ—જૉન ટાઇલર (૧૮૪૧—૪૫); અગિયાર સેન્ટ—જેમ્સ પોલ્ક (૧૮૪૫—૪૯); બાર સેન્ટ ઝૅકરી ટેલર (૧૮૪૯—૫૦); તેર સેન્ટ-મિલાર્ડ ફિલમોર (૧૮૫૦—૫૩); ચૌદ સેન્ટ—ફ્રાંકલિન પીઅર્સ (૧૮૫૩—૫૭); પંદર સેન્ટ—જેમ્સ બુકાનન (૧૮૫૭—૬૧); સોળ સેન્ટ—ઍબ્રાહમ લિંકન (૧૮૬૧-૬૫), સત્તર સેન્ટ—ઍન્ડ્રુ જૉન્સન (૧૮૬૫—૬૯); અઢાર સેન્ટ—યુલિસિસ ગ્રાન્ટ (૧૮૬૯—૭૭); વીસ સેન્ટ—જેમ્સ ગારફીલ્ડ (૧૮૮૧); એકવીસ સેન્ટ—ચેસ્ટર આર્થર (૧૮૮૧—૮૫); ત્રીસ સેન્ટ થીઓડોર રૂઝવેલ્ટ (૧૯૦૧—૦૯); પચાસ સેન્ટ-વિલિયમ ટાફ્ટ (૧૯૦૯—૧૩); એક ડૉલર—વૂડરો વિલ્સન (૧૯૧૩—૨૧).

બ્રિટિશ પેશકદમી સામે સરહદની કંદરાઓમાં આગ ચેતાવનાર અને

ઇપીનો ફકીર

નામથી અંગ્રેજોના હાથે બદનામ બનનાર

અફઘાન દેશભક્ત



હાજી મિરઝાઅલી ખાન

સબળ પૌરુષધારી હિંદની સરહદ પર અવાર-નવાર આપણને સ્તબ્ધ બનાવી દે એવો ભયંકર સંહાર ચલાવવામાં આવે છે. એને માટે હિંદી સરકાર અનેક બહાનાં આપી રહી છે, પણ એ એકેએક બહાનું એની ન્યાયબાજુ નબળી ને નબળી બતાવતું આવે છે. એ સંહાર ત્યાં વસવાટ કરતી પહાડી જાતિઓના બખેડા શમવવાનો નથી, એમની આઝાદીનો ભક્ષ કરવા માટેનો છે. એ પાછળ કામ કરી રહેલા રાજદ્વારી હેતુઓનો 'કુમાર'ના ૧૮૦મા અંકમાં ઉહાપોહ થઇ ચૂકયો છે.

પણ સરહદનાં આક્રમણોના ધુમસપટ પાછળથી સદૈવ એક ફકીરનું નામ ડોકાયા કરે છે. વઝીરીઓ કે પઠાણો, આફ્રિદીઓ કે મોહંમદીઓ બધા જ સરહદવાસીઓએ પોતાના નેતા તરીકે સ્વીકારેલો એ ફકીર 'ઇપીના ફકીર' તરીકે મશહૂર થયો છે. પણ એ તો અંગ્રેજોએ તેનું બગાડેલું નામ છે. એનું સાચું નામ છે હાજી મિરઝાઅલી ખાન.

ત્રીસ ત્રીસ વર્ષ થયાં પોતાની પાક ભૂમિના દુશ્મનો સામે જેહાદ ચલાવનાર એ ફકીર ઇપીમાંથી નહિ પણ પેશાવરમાંથી ઊતરેલો છે. ત્યાંની બજારોમાં હમાલી કરતાં એણે સરહદ પરની પેશકદમી, કૂટનીતિ ને કત્લેઆમ જોઇ ને એનું દિલ સળગી ઊઠયું. એને લાગ્યું કે એમ અન-આક્રમક રહીને તો એના જાતિભાઇઓનું નિકંદન નીકળી જશે. એ એનો ઉગાર શોધવામાં મચ્યો. અવારનવાર બ્રિટિશ લશ્કરમાં યે જોડાઇ એણે સૈનિકની તાલીમ મેળવી.

અને પછી એ ચાલી નીકળ્યો, સુલેમાન પર્વત પર. ત્યાં એકાંત તપશ્ચર્યામાં લીન થયો. પોતાની જાતને ખૂબ તાવી જોઈ. અને એ તાવણી બાદ કોઇ નવો પયગામ લાધ્યો હોય તેમ એ સરહદની ગિરિકંદરાઓ પર ઊતરી પડયો.

સુલેમાનની જ એક ગુફામાં એણે પોતાનો આશ્રમ બનાવી આઝાદીનો દીક્ષામંત્ર ફૂંકવા માંડયો. જાતપંથના કશા ભેદ વગર મુકમ્મિલ આઝાદીના તેના આગ્રહને લઇ અનુયાયીઓની સંખ્યા વધતી ચાલી. એકેએક ટોળીમાં એ ઘૂમી વળ્યો. પોતાની જેહાદમાં સાથ ન આપનાર ટોળીઓને એણે ઝબ્બે કરી ને એ રીતે સમગ્ર સરહદ પોતાની શેહ તળે આણી.

પછી પોતાના અનુયાયીઓને એણે લશ્કરી તાલીમ આપવા માંડી. એમને જોઇતી બંદૂકો અને તોપો પણ એકઠી કરી;—કયાંથી? એ એક કોયડો જ રહ્યો છે! જોકે તેમાંની જે કેટલીક હાથ આવેલી તેના પર ચિહ્ન જર્મન ટ્રેડ માર્કનું છે.

આ રીતે ચુનંદું સૈન્ય હસ્તીમાં આણ્યા બાદ એણે બ્રિટિશો સાથે બાખડવાનું શરૂ કર્યું. તેના સૈનિકો બ્રિટિશ પેટ્રોલ્સ જોડે ધમસાણ મચાવતા ગયા. એને પણ એક મુકાબલામાં જાંઘ પર સખ્ત જખમ થએલો, પણ એ જખમે એનામાં વધુ ખુન્નસ પૂરી. ગોરી પેશકદમીની સેતાનિયત સામે એકેએક જિરગામાં એ પ્રવચન આપતો ગયો ને પોતાના વતનમાંથી તેમની જડ ઉખેડી નાખવા હમવતનીઓને પ્રાર્થતો ગયો.

અને પરિણામ? એ જ કે સરહદના અફસરો ભૂતના ઓળા જેમ એનાથી ફફડી ઊઠે છે. સરહદનું લશ્કર એનાથી તોબા પોકારે છે. કોઇ ગોરો–સિવિલિયન સુદ્ધાં તેના પ્રદેશમાં પ્રવેશવાની હિંમત નથી કરતો. અને એ

તો, સરકારના ત્રણ વર્ષથી તેને હાથ કરવાના પ્રયત્નોને હંફાવતો, ત્યાંની ગિરિમાળાઓની એક ટૂંકથી બીજી ટૂંક પર ને એક ખીણથી બીજી ખીણનાં મથકોએ, ગજબનાક ત્વરાથી અજીત વિહરી રહ્યો છે, અને બ્રિટિશોના 'શાંતિપૂર્ણ નવા રસ્તા'નો સારગર્ભ પોતાના જાતભાઇઓને સમજાવી રહ્યો છે.

બળતા સૂરજ નીચે ધખધખી રહેલી કઠોર પહાડીઓનો એ જાજરમાન ફકીર સાચેસાચું ફકીરી જીવન ગુજારે છે. લાંબી દાઢી, ભરાઉ ભવાં ને ગઠેલા બાંધાની છ ફૂટની ઊંચાઇની એની આકૃતિ પહાડી તોખમની આબેહૂબ પ્રતિકૃતિ છે. આજ સુધી એ અવિવાહિત જ રહ્યો છે. ધૂમ્રપાન કે મદ્યપાન પ્રત્યે તેને સાચા ઇસ્લામી સમી નફરત છે.

અને એવું જ કડક નિયમન એના અનુયાયીઓને આચરવું પડે છે. કાચા જ ખોરાકથી એમને ચલાવી લેવું પડે છે. ઘેટાંબકરાંના ચામડાં પર સૂઇ રહેવાનું ને ઓઢવા માટે પરાળ. એ આખી જમાતમાં સાદાઇ જાણે અંગેઅંગ વણાઇ ગઇ છે.

હાજી મિરઝાંઅલીખાન પોતાના એ અનુયાયીઓથી પોતાને ઉચ્ચતર ઠરાવે એવું કશું તત્ત્વ પોતામાં નથી આરોપતો, કે નથી પોતાની ઓલાદ માટે કશું ગૌરવ દસાવતો. એનામાં ક્રૌર્ય છે એથી યે વધુ રહેમદિલી છે, કુનેહ છે એથી યે વધુ મહત્ત્વાકાંક્ષા છે. સરકાર ભલે એને ધાડપાડુ ગણાવે, પણ એ રંગદર્શી ભૂમિનો એ બેતાજ બાદશાહ છે. મિલકતદારો પ્રત્યે એ અનુદાર છે એટલો જ નિષ્કિંચનો પ્રત્યે સખીદિલ છે, ને પોતાનું સર્વસ્વ તેમને અર્પી દેતાં તે આજ સુધી અચકાયો નથી.

આજ સુધી માત્ર એક જ ગોરો તેની સમીપ પહોંચેલો અને તે અરબનો પ્રખ્યાત કર્નલ લૉરેન્સ. એ કાબેલ પુરુષને બ્રિટને અફઘાનિસ્તાનની રાજ-શતરંજનું મહોરૂં બનવા મોકલી આપ્યો. લૉરેન્સે મિરઝાંઅલી ખાનના કાનમાં કોણ જાણે શો મંત્ર ફૂંક્યો કે એ અંધાધુંધીમાં એ તટસ્થ જ રહ્યો. અમાનુલ્લાહને એની કુમક મળી હોત તો અવશ્ય કાબૂલની ગાદી તેના હાથમાંથી જવાનો વખત ન આવત.

પણ આજે એના છળથી એ ખાન ચેતી ગયો છે. અને સરકાર પણ ચેતી ગઇ છે, એટલે એની ઝુંબેશ બદનામ બનાવવા તે ઉપાય ખોળી કાઢે છે. વચ્ચે હિંદુ છોકરીઓના અપહરણનું તેના પર આરોપણ કરેલું, પછી પાછું શહીદગંજની ચળવળમાં તેનો હાથ હોવાનું જાહેર કરેલું. પણ એ બદગોઇ માટે એણે સ્પષ્ટ જાહેરાત કરેલી કે ઇસ્લામની શરીઅત એવી વસ્તુઓ કોઇ દિવસ નભાવી ન લે. એની પ્રવૃત્તિમાં પ્રાણ પૂરતો એના દિલમાં આઝાદીનો આતશ કેટલો પ્રજ્વલિત રહ્યો છે એ તો જવાહરલાલ પર આપણી મહાસભાની પ્રવૃત્તિ માટે ખુશબખ્તીનો સંદેશો મોકલી એણે સાબિત કરી આપ્યું છે.

અંગ્રેજોએ અફઘાનિસ્તાનની સહાયે તેને કબજે કરવાની ચાલાકી પણ અજમાવી જોઇ છે, પણ એમ થતાં જ શામી પીરની કાબૂલ પર ચડી જવાની ધમકીએ એ લાઇલાજ બનાવી દીધી છે.

અને અંગ્રેજોના બધા પેચ નિરર્થક બનાવી દે એટલાં જોમ ને તરવરાટ એનામાં છે. એના જોમ માટે તો કહેવાય છે કે બે રીંછોનો એણે એકલે હાથે સામનો કરી ચીરી નાખ્યા હતા. એ ચુનંદો નિશાનબાજ છે. બસો વારના અંતરેથી માણસના માથા પરની ટોપી તેના બાલને યે ઇજા કર્યા વગર તે ઉડાવી દઈ શકે છે. ને એવો જ પાકો એ કુસ્તીબાજ પણ છે. આજના કેટલાક 'આર્મચેર લીડરો'થી એ રીતે એનું વ્યક્તિત્વ નિરાળું પડે છે.

સરકારના પ્રતાપે આજે એ ઘરબાર વિનાનો બેહાલ રઝળુ બન્યો છે. ૧૯૩૬ના ડીસેમ્બરમાં એના ઘરનો નાશ કરવામાં આવ્યો ને એણે અસલકોટમાં ધામા નાખ્યા. ત્યાં પાછી ફોજ ચડી, પણ ત્યાંથી યે બૉંબરો ને બરકંદાજોને થાપ આપી તે મહસુદ-ભિટ્ટાની સરહદ તરફ નાસી ગયો. આજ એ વઝીરિસ્તાનમાં ક્યાંક રહ્યો હોવાની શંકા ચાલે છે, પણ હજુ આઝાદીનો એનો પડકાર નિર્બંધ વહ્યા જ કરે છે,

નિકલ આ ઓ કાતિલ હુનર આજમાએ;
તુ તેગ આજમા, હમ જિગર આજમાએ.

(ઓ કાતિલ બહાર નીકળ; આપણે પોતપોતાની શક્તિઓ અજમાવીએ. તું તલવાર અજમાવ; અને અમે અમારૂં જિગર અજમાવીએ.)

એ જિગરને હિંદના જુહાર હજો.

અશોક હર્ષ



એદલજી એલચીદાણાના મકાનની બાજુના જ કૅામ્પાઉંડમાં પતરાંના છાપરાની ને માટી-ઈંટથી ચણેલી ભીંતોવાળી ઝૂંપડીમાં ભેકલનું કુટુંબ રહેતું હતું. ભેકલ વલસાડનો વતની ને જાતનો દુબળો હતો. ગામમાં પેટનો ખાડો ન પુરાવાથી એનો બાપ છનીઓ એને લઇને ચારેક વર્ષ પહેલાં મુંબાઇ આવેલો. મહામહેનતે અને પચાસ ધક્કા ખાધા પછી ભેકલને એક શેઠીઆના બંગલામાં માળી તરીકેની નોકરી મળી હતી. ચૌદ રૂપીઆનો પગાર નક્કી કરવામાં આવ્યો હતો. તે દિવસથી ભેકલ અને છનીઓ આ ઝૂંપડું ભાડે રાખી ત્યાં રહેવા લાગેલા.

પહેલાં તો એ બે જ હતા, પણ પાછળથી વિસ્તાર વધવા લાગ્યો. પહેલાં તો જાણે ભેકલનાં લગ્ન થયાં. એમના જ ગામના અને એ વખતે મુંબાઇમાં જ મહેનત મજૂરી કરી ગુજરાન ચલાવના લાલુની છોકરી છીતલી સાથે ભેકલનું જીવન કર્મથી અને ધર્મથી પણ મર્મ સમજ્યા વગર જોડાયું. દુબળા લોકના લગ્ન વખતે રીતરીવાજ મુજબ પીવાતા તાડીનાં પીપ તે વખતે ખાલી નહોતાં થયાં. આખી દુબળાની જાતમાં હોહા થઇ ગઇ કે છનીઓ તો લુચ્ચો અને લુખ્ખો નીકળ્યો. સંબંધીઓને એનાથી થોડીઘણી પણ તાડી પીવડાવી ના શકાઇ? આટલાં વર્ષોમાં કદિ એમની નાતમાં આવો બનાવ નથી બન્યો. છનીઓ કોણ કે તાડી ના પીવડાવે? છનીઓ કોણ કે રીતનું ધોરણ અને રીવાજના બંધનની અવગણના કરે?... અને પાંચ દસનું ટોળું છનીઆ પાસે પહોંચ્યું.

'તે તાડી ની પીવડાવતો છે ને લગન હાના કરે?' ટોળાની વતી એક જણે પ્રમુખપદ લઇને પૂછ્યું.

જવાબમાં છનીઓ મોઢું હસ્યો અને પછી ટાઢકથી કહ્યું, 'તાડી પીવડાવ્વા મારી પાછે પૈછા ની મલે. ચોખા, દાલ, છાક વીગેરે ખાવાનું ખૂબ કાધેલું છે જો. લોહી ચુછી લે એવી તાડી હાને પીવાની?'

છનીઓ દારૂ-તાડીની ખૂબ વિરુદ્ધ હતો. એનો બાપ એને કહેતો ગએલો કે 'છનીઆ આ ઝૂંપડું વેચાયું, આ થોડાઘણા જે દાગીના હતા તેનું મારવાડીને ત્યાં દફન થયું, આ ભૂખમરાની કારમી જંજીરમાં જકડાયા, આ તારી મા ગળે ફાંસો ખાઇને મરી ગઇ એ બધ્ધા પ્રતાપ દારૂ-તાડીના. જો તને આબરૂ વહાલી હોય, જો તને ઇજજતની ખેવના હોય તો દારૂ તાડીનો પડછાયો પણ તારા ઉપર ન પડે એની ચોકસી રાખજે.' પચીસ વર્ષ વીતી ગયાં એ વાતને, પણ હજી છનીઓ પોતાના બાપનાં એ વેણ નહોતો ભૂલ્યો.

ખૂબ માથાઝીક કરી, અંતે હારી, મનમાં ને મનમાં સરસ્વતી ભણતું પેલું 'ડેપ્યુટેશન' પાછું વળ્યું.

ચાર વર્ષ પહેલાં ભેકલ છીતલીને પરણ્યો ત્યારથી અત્યાર સુધીમાં છીતલીએ એને બે પુત્રરત્નનું નજરાણું ધર્યું છે. બાળકોનાં રૂદન, હાસ્ય અને કાલીકાલી બોલીના ધ્વનિથી એ ઝૂંપડી હવે શ્વાસ લેવા લાગી છે; સજીવ બની છે. અઢી વર્ષની ઉંમરનો સુખલો ચાલતાં શીખી ગયો છે અને ભાગીતૂટી ભાષામાં 'બા–બાપા' બોલતાં પણ એને આવડી ગયું છે. ભેકલના ખોળામાં કોઇ વખત સુખલો જ્યારે લઘુશંકા કરી બેસતો ત્યારે ભેકલનો મિજાજ જતો. એને મન હળવા હાથની પણ બાળકને મન લાઠીના ફટકા જેવી ટપલી મારતાં એ બબડતો, 'આવો ને આવો રહેલો જો. તારામાં હજુન અક્કલ ની આવેલી. પંચીયું બગાડી નાખેલું તે કોણ ધોવા? તારી મા?'

બહાર ગએલી છીતલી કોણ જાણે ક્યાંથી પણ બરાબર આ જ વખતે આવી ચઢતી અને ભેકલને ઉપર મુજબનું બોલતો સાંભળતાં જ ગરમ થઇ કહેતી, 'હું ની તો કોણ તું ધોવા? ક્યારના તુંને કહેલું કની કે કપડાં ધોઇ નાંખજે! પણ તું હાનો ધોવા? મારે જ ધોવા પડેલા કની? તું તો છેડીયો થૈ પડી રએલો.'

'છેડીયો' શબ્દ સાંભળી ભેકલનો પિત્તો વધારે ઉકળ્યો. કાન ઉપર ભરાવેલું બીડીનું ઠૂંઠું મોમાં મૂકી, બાંડીઆમાંથી દીવાસળીનું બાકસ કાઢી એને સળગાવતાં કહ્યું, 'હા, હા. છેડીયો થૈ બેઠી રે'વા. તું કોણ કે'વા વારી? બઉ પૈછા પાછી કમઇ લાવતી કની? હું કમાવા જાવા, હું મજુરી મે'નત કરા, પૈછા વાપરા, છેડીયો થૈ પડી પણ રે'વા. તું હાની વાંકુ બોલે?'

'વાંકુ હાને? પૈછા લાવતો છે પણ એની તાડી હાનો પીવે? ધોળી બીડીઓ હાની ફુંકે? દુકાનના પાન હાને માટે ખાતો છે? આ છુબલાને પેરવા ઝબલું ની મલે, આ નાનાને પીવડાવ્વા દૂધ ની મલે ને તું છેલૈયો થૈ હાનો ગામમાં ફરે? તારો બાપ ભાયડો થૈ ને કામ ની કરવા જાય, બેઠોબેઠો બીડીઓ ફુંકીઆ કરે અને મારી બૈરાની જાતને તું ગુછ્છો હાનો કરે?'

પોતાના પિતાની ઉપર છીતલીએ ઘા કર્યો એથી ભેકલને અંગે ઝાળ ચઢી. સુબલાને ઊચકી ધમ્મ કરીને જમીન ઉપર બાજુમાં બેસાડી દીધો. બીડીના ઉપરાઉપરી પાંચસાત સટ ખેંચી કાઢી એને જમીન પર ઘસીને ઓલવી નાખી.' ઠૂંઠું બારણામાંથી ઘા કરીને બહાર ફેંકી દીધું. છીતલી સામે અંગાર ઝરતી આંખે જોતાં એ પુત્કાર્યો, 'મારો બાપ તો ઘરડો થયલો તે મજુરી કેમ કરી કરા? તું એના પર હાની દાઝે બળે? એ તો પીળું પાન છે, પણ તું પાડા જેવી ઘરમાં હાને બેઠી રે'તી છે? તું કમાઇ ની લાવેલી કની, તો તારા બાપને ઘેરે મોકલી દેવા. હા, કેઇ દઉં.'

મોમાં અણચેતવેલી બીડી રાખી ખોંખારા મારતો છનીઓ ઘરમાં દાખલ થતો. ભેકલની અને છીતલીની આંખો જોતાં એ સમજી જતો કે સંગ્રામની શરૂઆત અને રંગની જમાવટ થઈ ગઇ છે. બીજું તો શું થાય, પણ એ બંનેને શાંત પાડવા મથતો. શરૂઆતના પ્રસંગોમાં તો છીતલી શાંત થઇ જતી અને નાનાને તેડી પાડોશણને ત્યાં ચાલી જતી. પણ પાછળથી છનીઓ જો કંઇ એને કહેવા જતો તો રણચંડીની માફક એ ગર્જતી. પછીથી જ્યારેજ્યારે તકરાર થતી ત્યારે ત્યારે છનીઓ ભેકલને જ કહેવાનું દુરસ્ત ધારતો.

'અરે લઠી હાનો મરે! રોજ રોજ હાને . . .' છનીઓ ભેકલને કહેવા જતો પણ વાક્ય અધૂરું જ રહેતું. છીતલી ઉપર રોષે ભરાએલા ભેકલને એ વખતે પિતાની દખલગીરી ઉપર પણ એટલી જ દાઝ ચઢતી. છીતલી મોં આડું કરી નાનાને રમાડવાના ઓઠા નીચે બાપ બેટા વચ્ચે શો તમાશો થાય છે એ સરવા કાને સાંભળતી, ત્રાંસી આંખે તપાસતી.

ભેકલ હાકલ દેતો: 'તે બાપા, મેં તુંને છાત વાર કીધું કે અમારી માટી બૈયરની વાતમાં તું વચ્ચે ના પડ. આજ પાછો હાને માટે વચ્ચે ગળગળ કરવા આવેલો? તું તારે નાનાને રમાડીઆ કર ને પેલું 'તારી માયા નાથ'નું ભજન ગાયા કર. જા . . . અને આપડી મરઘી છે કની એ આજકાલમાં બેદાં મૂકવાની જો. ધીઆન રાખતો રે'જે, જાં બેદાં મેલે તાં આજુબાજુ ઘાસ નાંખી ઇંડા બરાબર રેહ એમ કરી લાખજે.'

છનીઓ શાંત ચિત્તે સાંભળતો અને પછી છીતલીના ખોળામાંથી નાનાને લઇ લેતો. ભેકલ પાસેથી દીવાસળી માંગી, બીડી ચેતવી નાનાને રમાડતો રમાડતો ઘર બહાર જતો રહેતો. છીતલી કે ભેકલ બંનેમાંથી કોઇ એનું કહેવું માનતું નહોતું કે સાંભળતું સુદ્ધાં નહોતું એનો એને અફસોસ ન થતો. નાનાને રમાડવામાં એ બીજી બધી વાત વીસરી જતો. શિયાળાની સવાર જેવી ઠંડી એની પ્રકૃતિ હતી અને સરોવરની શાંત સપાટી જેવું એનું મન હતું. આવા ઉભરા કે ક્રોધના વર્તુલો એ સપાટી ઉપર કદી ન વળતાં.

મરઘીએ જ્યાં ઇંડા મૂકવાની સગવડ કરી હતી એ ખોખા પાસે એક આંટો મારી ને પછી પાછો ઝૂંપડી આગળના આંગણામાં આવી, નાનાને લીંપેલી જમીન ઉપર ચતો સુવાડી, એની સામે બેસી, બુલંદ પણ બેસુરા અવાજથી બેતાલી લયમાં છનીઓ ભજન લલકારવા મંડી જતો.

એ મરઘીની પાછળ પણએક ઇતિહાસ છે. બે વર્ષ પહેલાં ભેકલ એક દિવસ બજારમાંથી પાછો ફરતાં એ મરઘી લઇ આવ્યો હતો. લઇ તો આવ્યો હતો, પણ પૈસા નહોતા ખરચ્યાં. વાત એમ બની કે બજાર-

માંથી થોડીક ચીજોની ખરીદી કરીને ભેકલ પાછો ઘર તરફ ફરતો હતો ત્યારે એક ગલીને નાકે એણે એક મરઘીને રમતી જોઇ. ઘણા દિવસથી મરઘી ખરીદવાનો એનો વિચાર હતો, પણ તંગીને લીધે નહોતી ખરીદાઇ. એને થયું, 'લાવને જીવ લઇ લઉં. કોઇ છે પણ નહિ; ને રૂપાળી યે કેવી છે!' પાંચેક મિનીટ એ ત્યાં મરઘી સામું જોતો ઊભો રહ્યો. પછી જ્યારે આજુબાજુ કોઇ માણસ ન રહ્યું ત્યારે એ ઉજ્જડ રસ્તે એણે એક પ્રવેશ ભજવ્યો. ઝડપ મરઘીને પકડી ને પછેડીમાં નાખી એને ઘેર લઇ ગયો.

છનીઆએ જ્યારે મરઘીને આંગણામાં ફરતી જોઇ ત્યારે એને અજાયબી ઉત્પન્ન થઇ. કોઇ દિવસ નહિ ને આજે જ આ મરઘી ત્યાં ક્યાંથી આવી ચઢી? આડોશ-પાડોશમાં પણ કોઇને ત્યાં મરઘાં નહોતાં. ત્યારે? એણે ભેકલને પૂછ્યું, 'આ કેની મરઘી આવેલી જો?'

ભેકલ મૂછમાં મરક્યો: 'બાપા, એ તો હું લાવેલો.'

'લાવેલો તે કેટલાની લાવેલો?'

ભેકલ વિચારમાં પડ્યો. એને થયું કે હવે શું કહેવું?

'વચાર હાનો કરે?'

'બાપા, મરઘી તો મફ્ત આવેલી.'

હવે વિચારમાં પડવાનો છનીઆનો વારો આવ્યો. આવી સરસ મરઘી અને કોઇ મફત આપે? ત્યારે? મફ્ત કયાંથી આવી? . . . સમજ્યો. એ તો કારીગરે કૌશલ્ય દાખવ્યું લાગે છે. એણે પણ સાઠ વર્ષ કંઇ એમ ને એમ નહોતાં કાઢ્યાં. એના ધ્યાનમાં મર-ઘીનો ભેદ તરત જ આવી ગયો.

'ડાબો હાથ અજમાવેલો કે? હેં!' એણે હસતાં હસતાં કહ્યું. 'જો હવે એને વેચી ની લાખવાની. ઘર આંગણાંમાં મરઘાં હારાં; જીવાત, એરૂ એરૂ ન આવે. હમજ્યો કની?'

તે દિવસથી એ મરઘી ત્યાં રહેવા લાગી. આખો દિવસ આજુબાજુ ફર્યા કરે અને છનીઆની સાથે ગેલ કર્યા કરે, કારણકે છનીઓ એને દાણા નાખે. કોઇ કોઇ વખતે એદલજી એલચીદાણાના બગીચામાં પણ સેલ કરી આવે. કોણ જાણે કયાંથી એક કૂકડો પણ ત્યાં એક બે આંટા મારી જતો થયો. આ કૂકડાને છની-આએ પહેલવહેલાં જોયો ત્યારે એ બૂમ પાડી ઉઠેલો, 'અલા, મરઘો બી આવેલો દેખું.' પછી તો ઘણી યે વાર બંને સાથે ફરતાં દેખાતાં.

મરઘીએ એક પછી સાત ઇંડાં મૂક્યાં. મરઘો આનંદનો માર્યો 'પક પક પક પક' કરતો એટલામાં અને આજુબાજુના ચાર ચાર કૉમ્પાઉન્ડમાં ઘૂમી વળ્યો. પહેલે દિવસે મરઘાનું ઘુમરાણ સાંભળી છનીઓ નાનાને તેડી પેલા ખોખા તરફ ચાલ્યો. ત્યાં પહોંચી જેવો એ હાથ લંબાવી મરઘીને પંપાળવા જાય છે ત્યાં મરઘીએ હુંકાર કર્યો અને એના દેખાવમાં વિકરાળતા તરી આવી. મરઘાની કલગી ઊંચી થઇ અને 'પકાક' કરતો એ ઝનૂનથી છનીઆ તરફ દોડ્યો. છનીઆને પોતાની ભૂલ સમજાઇ. એણે હાથ પાછો ખેંચી લેતાં કહ્યું, 'હું ઇંડા ની લેતો. ક'ડવા હાનો આવે?'

એક દિવસ છનીઓ ઊભો ઊભો એક તાને મર-ઘાની હીલચાલ જોઇ રહ્યો હતો ત્યાં પાછળ કંઇક ખડખડાટ થતાં એણે પાછા વળી જોયું. સામે જ એદલજી એલચીદાણા હસતા હસતા ઊભા હતા. છની-આએ એમને ઓળખ્યા. એ હર્ષથી બોલી ઊઠ્યો, 'એલા છેડીયા, તું લ્યાં કીયાંથી ભરૈ ગએલો?'

તોછડી રીતે બોલાએલા એ વાક્યે એદલજીને હસાવ્યા. એદલજીની એ લત્તામાં ઠીક ઠીક પ્રતિષ્ઠા હતી. એક તો ગર્ભશ્રીમંત હતા અને ઉપરથી એક અનુભવી અને હોશિયાર ડૉક્ટર તરીકે એમણે સારી નામના મેળવી હતી. અટક તો હતી એલચીદાણા, પણ એમનું બદન એલચીના દાણાને જરાય મળતું નહોતું આવતું.

'છનીઆ,' એમણે એક છોડ તરફ આંગળી ચીંધતા કહ્યું, 'જો ની આય આંબાની કલમ છે ની, તે વેચવાની છ કે? કિંમત વાજબી હોસે તો હું તે ખરીદી લેવસ.'

'હોવે છા'બ,' છનીઓ બોલ્યો; 'વેચે ની તો પેટ કેમ કરી ભરા? અછલ હાપુછની છે, છા'બ; ગામઠી હાપુછની. તન રૂપ્યા પડછે છા'બ.'

એદલજીએ નકારાત્મક ડોકું ધૂણાવ્યું: 'Too costly. બહુ જ મોંઘી.'

'તે તું છું દેવા?'

'દોઢ રૂપીઓ આપસ હું તો. કબૂલ હોય તો સાંજના કલમ મારા માલીને આપી પૈસા લઇ જજે.'

'ના છા'બ. બે રૂપ્યા હોય તો લઇ જા. તું તો છેદચો છે. તું ભાવમાં ખેંચતાણ હાની કરે?'

'વારૂ ત્યારે. સાંજના પૈસા લઈ જજે.'

અચાનક શેઠની નજર ઇંડાં સેવતી મરઘી ઉપર ગઇ. મરઘીની નીચેથી ડોકાઆં કરતાં ઇંડાં એમની નજરમાં પેસી ગયાં. એમણે કંઇક વિચાર કર્યો અને પછી એ માંડી વાળ્યો.

'ઠીક તારે...સાંજના...' જતાં જતાં એમણે કહ્યું.

'વારૂ શેઠ.'

ઈંડાં મૂક્યાને ઘણા દિવસ થઇ ગયા છે. હવે તો એ ઇંડાં ઇંડાં નથી રહ્યાં: સાત નાના નાના જીવ એમાંથી પ્રગટ થયા છે. જ્યાં જ્યાં મરઘી જાય છે ત્યાં ત્યાં એ સાતે બચ્ચાં એની આજુબાજુના કુંડાળાના આકારમાં ફરી વળી એની સાથે સાથે જાય છે. મરઘીને પણ એ બહુ ગમે છે. બધાંની વચ્ચે એ કોઇ મહારાણીની અદાથી ચાલે છે. એની જિંદગીના મુગટમાં હવે માતૃપદની યશકલગી લાગી છે અને તેથી એનું ગૌરવ વધ્યું છે. સાત બચ્ચાંમાં જે એક લંગડું છે એ મરઘીને બીજાં કરતાં વધુ વ્હાલું છે. જ્યારે એ બચ્ચું પાછળ રહી જાય છે ત્યારે મરઘી ઊભી રહે છે અને એના આવ્યા પછીથી જ પાછી આગળ વધે છે. બચ્ચાંઓનો કલરવ આખો દિવસ ખાલી વાતાવરણને ભર્યું ભર્યું કરી મૂકે છે.

તે દહાડે સાંજે ભેકલ તાડીથી ચકચૂર બનેલો ઝૂંપડીમાં દાખલ થયો. ટોપીને એક બાજુ ફગાવી, કોઇ હોટલમાં વાગતી કોઇક નાટકના અશ્લીલ ગાયનની રેકર્ડમાંની મહામહેનતે યાદ રાખેલી કડીઓ ગણગણવા લાગ્યો. ઝોળીમાં સુતેલા નાનાને હીંચોળતી છીતલીએ એક નિઃશ્વાસ નાખ્યો, અને છનીઓ, કંઈપણ બોલાચાલીનું મંગળાચરણ થાય તે પહેલાં, ગામમાં કામ હોવાના બહાના નીચે ઘર બહાર નીકળી ગયો. છીતલીએ છનીઆના ગયા પછી, ખૂણામાં દિવાલને અઢેલીને બેઠેલા ભેકલને ઢંઢોળ્યો; પણ હદબહાર પીવાઇ ગએલી તાડીના નશાએ એની આંખને ઊંચી થવા ન દીધી.

છીતલીએ ફુંફાડો માર્યો, 'પાછો પીને આવેલો કની? તાડીમાં ને તાડીમાં ઘરનું સતાયાનાશ કાઢી લાખવાનો જો. ભૂખે મરા પણ તાડી પીવા એમ જ કની? વાસ પણ કેવી મારે! ગટરનું મેલું પાણી પણ એવી વાસ ની મારે. તાડી પીવે તે અમારા લોહી હાને નથી પીતો?'

ભેકલ તો દારૂડીઆને સહજ એવા હાસ્યથી, લોચા વળતી જીભે પેલી કડીઓ ગણગણતો રહ્યો અને હાથથી ચાળા કરતો રહ્યો.

એ રાતે સુખલાએ એની માનો કેટલો માર ખાધો? રાંધેલું ભોજન કેટલું પડ્યું રહ્યું? ભેકલે ક્યાં સુધી પેલી અશ્લીલ કડીઓનું ગુંજન કર્યું? છીતલીએ રાત કેમ વિતાવી અને છનીઓ રાતના કેટલા વાગે ગામમાંથી ઘેર આવીને છાનોમાનો ઝૂંપડી બહાર વગર બિછાને સૂઇ ગયો?... આનો અહેવાલ નથી.

બીજે દિવસે છીતલીએ અને છનીઆએ જાણ્યું કે દુઃખના ડુંગર માથે પડવામાં હવે વાર નથી. ભેકલની નોકરી તૂટી ગઇ છે. તાડીના નશામાં શેઠને ગાલિપ્રદાન દેવાથી શેઠે જવાબ આપી દીધો છે. ચૂકતે લીધેલો પગાર ગઈ કાલે રાતના ભેકલે તાડીના પીઠાવાળાને ચૂકતે કરી દીધો છે. હવે ઘરમાં એક પાઈ પણ નથી રહી. હજી કાલનો દિવસ ચાલે એટલો બાજરીનો લોટ છે; પછી જો કંઇ જોગવાઇ ન થઇ તો ચૂલો ટાઢો રહેશે ને નાનાં બાળકો ભૂખ્યાં રહેશે. આ વિચાર આવતાં છીતલી સમસમી ગઇ અને છનીઓ દુઃખનો માર્યો ભજન લલકારવા બહાર ચાલ્યો ગયો.

ચાર રાતનાં અંધારાં અને ત્રણ દિવસનાં તેજ આવ્યાં અને ચાલ્યાં ગયાં. ભેકલ એ ત્રણે દિવસ ઘરમાં જ પડ્યો રહ્યો; નોકરીની કે મજૂરીની શોધમાં જવાનું એને મન ન થયું. વડવાઓએ મૂકેલી મિલકતનો ઉપભોગ કરી રહેલા કોઇ બાપકમાઉના જેટલા જ નિશ્ચિંત મનથી એ ઘરમાં બેસી રહ્યો.

છનીઓ બિચારો મુંઝાયો. અત્યાર સુધીમાં આવા કારમા દહાડા એણે નહોતા જોયા. જ્યારથી એણે મજૂરી કરવી છોડી દીધી છે ત્યારથી જ ભૂખના બળાપા શરૂ થયા છે. ત્યારથી જ કંગાલિયત એ ઝૂંપડીમાં પથારો પાથરીને બેઠી છે; કેમે કરી જતી જ નથી... અને છનીઓ કરે પણ શું? મજૂરી કરી કરીને બિચારે જીવનની કિતાબનાં પંચોત્તેર પાનાં તો ફેરવી નાખ્યાં છે. હવે એનું વૃદ્ધ શરીર મજૂરીનો બોજ ઝીલી શકતું નથી. એ પીળું પાન હવે ખરી પડવાની રાહ જોતું અંતિમ જિંદગી જીવતું હતું. એણે મજૂરી છોડી ત્યારે એને એક આશ્વાસન હતું કે ભેકલ કમાય છે એટલે વાંધો નહિ આવે. પણ એનું

સ્વપ્ન ફળે તે પહેલાં તો ભેકલ લફંગા દોસ્તદારોની સંગતે તાડી પીતો થયો. એની કમાઇ, તાડી રૂપી પ્રવાહી બની એનાં હાડચામ ઓગાળી નાખવા અને કુટુંબને ભૂખમરાની ખીણમાં ગબડાવવા એના જીવનના તાણાવાણામાં ગુંથાઇ ગઇ. છનીઓ જાણતો હતો કે ભેકલ તાડી પીએ છે, પણ એટલું એ નહોતો જાણતો કે તાડી પીએ છે તો ખરો પણ ખૂબ જ પીએ છે અને બીજાને પીવડાવી મોટાઇનો આનંદ લે છે. હવે એણે એ જાણ્યું, અને એ પણ જાણ્યું કે પોતાનું કૌવત અને ભેકલની જનેતાનું દૂધ એળે ગયું છે.

છીતલી બેઠી બેઠી નાના ઉપર હાથ ફેરવી રહી હતી ત્યાં છનીઓ ગયો. સુખલો તો 'ભૂખ ભૂખ' કરી, રોઇરોઇને થાકી, આખરે ઊંઘી ગયો હતો. નાનો થોડી થોડી વારે ભૂખનો માર્યો રડતો હતો. છનીઆએ છીતલી તરફ જોયું. કૃશ દેહની ને ચાર દિવસના અપવાસવાળી છીતલી નાનાને થોડું પણ પોષણ આપવા સાવ અશક્ત હતી. દૂધ પણ ક્યાંથી? છનીઓ દીન દૃષ્ટિથી છીતલી તરફ જોઇ જ રહ્યો અંતે ધીમેથી કહ્યું, 'છીતલી, તું ગભરાય હાની! આ મજૂરી ની મળે એટલી વાર. પછી તો પૈછા જ પૈછા. રડે હાની તું?'

પછી વૃદ્ધ છનીએ હસવાનો પ્રયત્ન કર્યો. મોં ઉપર મરકાટ તો આવ્યો પણ આંખમાં ઝળઝળીઆં ભરાઇ આવ્યાં. છીતલીએ આ જોયું અને એ પણ રડી પડી. હજી થોડા દિવસ ઉપર જ એણે ભેકલને નહોતું કહ્યું, કે છનીઓ શું કામ મજૂરીએ નથી જતો? હા, કહ્યું તો હતું! તો પછી આજ છનીઓ પોતે જ જ્યારે મજૂરીએ જવાનું કહે છે ત્યારે એની પાંપણો ભીની કેમ બને છે? એ વિચારેને, કે અરે બિચારો ખખડી ગએલો ડોસો મજુરીએ જાય અને પોતાનો ધણી આરામ કરે? અરે એ વૃદ્ધ કુટુંબ કાજે પસીનો નીતારવા જાય અને પોતે જુવાનજોધ એમ ને એમ બેસી રહે? ના . . . એ ન બને.

'એ ની ચાલે' છીતલીએ કહ્યું; 'તું તારે નાનાને રમાડીઆ કર. તારો પોરો છેડીઓ થયો પણ હું મજુરી કરા, પેટ ભરા, તું આ ઘડે ઘડપણ મજુરી કરવા હાનો જાય? ઘેરે બેછી રે.'

લાંબી રકઝકને અંતે એમ નક્કી થયું કે છીતલી મજૂરીની શોધમાં જાય અને છનીઓ છોકરાંઓ રાખે અને ઘર સાફ કરે. કેટલાંય વેણ કહ્યાં છતાં પણ જ્યારે ભેકલનું રૂંવાડું ય નથી ફરકતું તો એ ભલે ગોદડું પાથરી વડના ઝાડ નીચે આખો દિવસ પડ્યો રહે. હવે એ લોકો એને કશું વધારે નહિ કહે; જે કહેવાનું હતું તે કહેવાઇ ગયું છે. સસરો અને પુત્રવધૂ બંને એને બતાડી આપશે કે એના વિના પણ એમના જીવનનાં ચક્રોમાં તેલ પુરાશે. એની મદદની લીરડી વિના પણ કુટુંબની તૃષા છીપશે.

બીજા દિવસની સવારથી જ છીતલી મજૂરીની તલાશમાં નીકળી પડી. છનીએ ઘર સાફ કરી નાખી, પેલાં મરઘીનાં બચ્ચાંઓની તરફ કરુણ દૃષ્ટિથી જોયા કર્યું અને ભેકલ આખો દિવસ સૂતો જ રહ્યો. એનાં નસકોરાંના અવાજમાં પેલાં મરઘડાંનો કલરવ ડૂબી ગયો.

સાંજના થાકેલી પાકેલી ને ધૂળથી છવાએલી છીતલી ઘેર પાછી ફરી. છનીઆને જોતાં જ સાડલાને છેડે બાંધેલા પાંચ આના એને આપી દીધા.

છનીઆએ પૈસા ગણ્યા અને છીતલીને પાછા આપતા કહ્યું, 'ગાંડી રે, મને હાના આપે? નાનો દૂધ માગતો છે, સુખલો ખાવાનું માગતો છે, તે કાંથી કાઢા?'

. . . અને એ વિચારે ચઢ્યો. સવારના આઠથી તે સાંજના સાત વાગ્યા સુધીની મજૂરી પાંચ આના. કુટુંબનાં પાચે જણ ભૂખ્યાં ડાંસ. કેમ કરી ચાલશે? ત્રણ પૈસાનું તો નાનાને માટે જાણે દૂધ જ લાવવું પડશે. ભેકલ નોકરીએ નથી જતો તે શું થયું? એને ખાવાનું તો આપવું પડશેને? અને પાંચ રોટલા સિવાય એની ભૂખ ન ભીટે. પછી . . . પછી . . . પછી? . . . અને પૈસા પાંચ આનાના.

છનીઓ પછી પેલાં બચ્ચાંની ખબર કાઢવા ચાલ્યો ગયો. જતાં જતાં કહેતો ગયો, 'અતારના હું જમવાનો ની. પેટમાં બહુ દુખે છે કની!'

પોતાનાં બચ્ચાં ભૂખ્યાં ન રહે એ માટે છનીઓ તે દહાડે જૂઠું બોલ્યો. પેટમાં દુખવાનું બહાનું એ એની જિંદગીનું પહેલું જ અસત્ય વાક્ય હતું. એણે મરઘીનાં બચ્ચાં પાસે જઇ મોટે રાગે ભજન ગાવું શરૂ કર્યું અને એ ભજનની કડીઓને ઠેકે ઠેકે છીતલીએ ચૂલા પાસે બેસી રોટલા ઘડવા શરૂ કર્યા.

બીજા દિવસની સવાર એક દુઃખદ કહાણી કહેતા



ભેકલની જિંદગીમાં આજ એવી ઘડી આવી પહોંચી. બાપના શાપ જેવા બોલ આજ એ સાંભળી રહ્યો

લાગી. છીતલીથી મજૂરીએ જવાયું નહિ. ગઇ કાલની રાત નાનાને અને છનીઆને તાવની બક્ષિસ આપી ચાલી ગઇ છે. કોણ જાણે કયાંથી અને કેમ, એક જ રાતમાં બંનેને તાવ ચઢયો. ભેકલ છનીઆના ગોદડા પાસે બેઠો છે; છીતલી નાનાની સારવારમાં રોકાઇ છે. ચૂલામાં રખ્યા નથી વળી.

બપોરના બાર વાગ્યા સુધીમાં તો છનીઆનો તાવ એકદમ વધી ગયો, એની માંદગી ગંભીર સ્વરૂપ પકડવા લાગી. પાનનો ખરવાનો વખત હવે થવા આવ્યો છે. ત્રુટક ત્રુટક એ એક વાકય બોલે છે: 'ભેકલ . . . હું . . . ગામે જવાનો . . . જો. વાર ની . . . થાય . . . આજ ની . . . તો . . . કાલ છુધીમાં . . . તો . . . જરૂર . . . હું મરૂ . . . પછી તું . . . બૂબ . . . તાડી પીજે. . . . તને કેવાવાલો . . . હું . . . ની હોઉં ની! . . . તારા નાનાના . . . આંસુ પીજે . . . તારા કુટુંબની . . . આબરૂ . . . પીજે, . . . બૂબ પીજે . . . હાં કે ! . . . કુટુંબનું . . . સતીયાનાસ થાય તાં . . . લગન . . . તાં લગન પીજે.'

દરેકના જીવનમાં એક ઘડી એવી આવે છે કે જયારે એને પોતાનાં ખરાબ કર્મોનો પશ્ચાત્તાપ થાય છે. એ ઘડી જે ઝીલી લે છે એ તરી જાય છે અને છોડી દે છે એ સડી જાય છે. ભેકલની જિંદગાનીમાં આજ એવી ઘડી આવી પહોંચી. એ એના બાપના શાપ જેવા બોલ મૂગો મૂગો સાંભળી રહ્યો. એના મરણને કાંઠે પહોંચેલા બાપનું શુષ્ક મોં એકીટશે જોઇ રહ્યો. મરતા પિતાનાં એ વાકયોએ ઊડવાની તૈયારી કરતા આત્માના એ સંદેશે એની હૃદયવીણાના તાર ઝણઝણાવ્યા અને પછી ભેકલના હૃદયમાં કારુણ્ય ઝબકયું; એનો આત્મા જાગી ઉઠયો.

'બાપા,' એણે ગદ્ગદ્ કંઠે કહ્યું.

છનીઆએ ભેકલની આંખમાં આંખ પરોવી. એની આંખોએ ભેકલની આંખોમાંથી નીતરતી અબોલ વાણી સાંભળી લીધી. સંતોષના સ્મિતસહ એ બોલ્યો: 'ભેકલ . . . આપણે . . . છેડીયા નથી. . . . હાં કે!'

'બાપા,' ભેકલે કહ્યું, 'આજથી હું તાડી ની પીવા. એક ટીપુ બી ની પીવા.'

અને પછી એનાથી ડુસકું ન ખવાયું; એ મોકળે સાદે રોઇ પડયો.

'છીતલી,' છનીઓ મહાપરાણે બોલ્યો, 'નાનો . . . મારી છાથે . . . ની આવ્વાનો. . . . મારી છાથે રમ્મવા . . . ની આવ્વાનો જો.' પછી થોડીવાર રહી

એણે કહ્યું, 'ભેકલ . . . મરઘીના બચ્ચાં . . . છે કની . . . એને લેઇ આવતો.'

ભેકલ બચ્ચાં લાવવા ઊભો ન થઇ શક્યો. આજ પરોઢીએ જ એણે છ બચ્ચાં એદલજી શેઠને વેચી માર્યાં હતાં. કારણ એમ હતું કે એદલજી શેઠની આજ વર્ષગાંઠ હોવાથી એમને ત્યાં ભોજન સમારંભ થવાનો હતો. ભોજનમાં 'ચીકન' હોય તો ઠીક એમ માની એમણે ભેકલની સાથે સોદો કરી નાખ્યો હતો. પેલું લંગડુ બચ્ચું એમણે નહોતું ખરીદ્યું.

છનીઆને હવે શો જવાબ ભેકલ આપે? કયા મોઢે કહે કે એ બચ્ચાં તો અત્યારે રંધાઇ ગયાં હશે?

'એછી હાને રએલો?' વળી છનીએ પૂછ્યું. દેહમાંથી હવા નીકળી જાય તે પહેલાં એકવાર મરઘીનાં બચ્ચાંને જોઇ લેવાનો એનો તલસાટ ઉગ્ર બનતો હતો.

ભેકલ મૂગો જ રહ્યો. એટલામાં પેલી મરઘી છાનીમાની આંગણામાં આવી ભેકલ તરફ જોઇ ઊભી રહી. એનાં ગુમ થએલાં બચ્ચાંનો જાણે પત્તો પૂછતી ન હોય? પેલું લંગડું બચ્ચું ધીમે ધીમે એની માની બાજુમાં ફરી રહ્યું હતું.

પથારીમાં છેલ્લા શ્વાસ લેતા છનીઆએ મરઘીને જોઇ, પેલા લૂલા બચ્ચાને પણ જોયું. પણ બાકીનાં બીજાં કયાં ગયાં? એક છે ને બીજાં કયાં ભાગી ગયાં? મરઘી આમ બાવરી બાવરી શાને ચારે તરફ જોયા કરે છે? છનીઓ વિચારે ચઢયો. ફરીથી એણે પૂછ્યું, 'બચ્ચાં આવેલાં કે?'

'બાપા.' ભેકલે આખરે કહ્યું, 'તારી દવા કરવા છારૂ બચ્ચાંને વેચી લાખેલા. એદલજી છેઠે લીધેલા જો.'

આ સાંભળતાં જ છનીઓ પથારીમાં અર્ધો બેઠો થઇ ગયો. એણે ત્રાડ પાડી: 'વેચી લાખેલા? . . . હાને . . . માટે? મારે . . . દવા . . . ની ખપે . . . હું . . . મરી જવા. મેં કીધેલું ઉતું . . . કની . . . બચ્ચાં ની . . . વેચવાનાં! આપણા માટે . . . બીજા જીવની હત્યા . . . ની કરવાની! બચ્ચાં . . . વેચી લાખેલાં? તો મરઘી બી . . . વેચવી તી . . . કની? છુખલાને . . . અને નાનાને બી . . . વેચવો તો . . . કની? . . . . અને . . . ને . . . છીતલીને . . . બી . . .' આવેશમાં બોલવાથી છનીઆને દમ ચઢયો, ખાંસી ઊપડી ને પછી એની જબાન બંધ થઇ ગઇ. લોહીનો એક કોગળો નીકળી ગયો. એનો આત્મા પેલી મરઘીના બચ્ચાંઓની ભાળ કાઢવા ચાલ્યો ગયો.

છનીઓ બહુ માંદો છે એમ ખબર સાંભળવાથી એદલજી શેઠ જમી પરવારી છનીઆની ખબર કાઢવા આવ્યા. એના રાણી છાપના બૂટના 'ચું ચું' અવાજથી ભડકી પેલી મરઘી 'પક પકાક પક પક' કરતી દૂર જતી રહી અને ત્યાં ઊભી ઊભી એમની સામે તાકી રહી; જાણે પૂછતી ન હોય કે 'તમે જોયાં છે મારાં બચ્ચાંને?'

ધરાઇને ખાધેલા ભોજનનો સંતોષ એદલજીએ એક મોટો ઓડકાર ખાઇ વ્યક્ત કર્યો. પેલું લૂલું બચ્ચું એ ઓડકારનો અવાજ સાંભળી મરઘીની પાંખમાં લપાઇ ગયું.

ઓરડીની બહાર ઊભા રહી મિ. એદલજીએ ભેકલને પૂછ્યું. 'છનીઆને કેમ છે દીકરી?'

છનીઆની બંધ આંખ ને મોંમાંથી નીકળેલા લોહી સામે જોઇ રહેલા અને બંધ પડી ગએલા હૃદયના ધબકારા પાછા ચાલુ થશે એ આશાએ બેઠેલા ભેકલે એદલજી સામું જોયું. નીતરતી આંખે એણે કહ્યું,' બાપા મરી ગએલા જો.'

ચંદુલાલ પટેલ

પહેલી પનોતી . . . . (અનુસંધાન પૃષ્ટ ૩૫૮થી)

આજ એ જલ્લાદ સામ્રાજ્યનાં હિંદમાં તો દીવ, દમણ ને ગોઆ એ ત્રણ સંસ્થાનો જ બાકી રહ્યાં છે, પણ હિંદને પાયે બેઠેલી એ પહેલી જ પનોતી હતી, જેણે હિંદ એ દૂઝણી ગાય હોવાનો અને તેની પ્રજાના દૌર્બલ્યનો લેવાય એટલો લાભ લેવાનો બોધપાઠ સમસ્ત ગોરી જનતાને આપ્યો. એ બોધપાઠ પચાવી જેમ ડચો ને અંગ્રેજો હિંદને કિનારે આવ્યા તેમ ડેન, સ્વીડ ને ફ્રેન્ચો યે આવ્યા. એ બધાયના સંઘર્ષમાંથી છેવટે તો એકલા અંગ્રેજો જ ટકી શકયા, ને એ ટકાવ છેવટે હિંદના હ્રાસમાં પરિણમ્યો. જોકે એ હ્રાસની પાછળ ઇતિહાસ પણ સાક્ષી પૂરે છે એવાં આપણા દૌર્બલ્ય, સંઘબળનો અભાવ, પરસ્પર વૈમનસ્ય, અદેખાઇ અને અવિશ્વાસનાં કારણો ઊભાં જ રહ્યાં છે. છતાં ત્રિશૂળની જેમ, અંગ્રેજ ફ્રેંચ ને પોર્ટુગીઝ એ ત્રિવિધ સત્તાનાં હિંદને ગળે ખૂંચેલાં ત્રણ શૂળોનું પ્રેરક બળ તો એકલી પોર્ટુગીઝ સત્તાની પહેલી જમાવટ જ રહે છે ને એટલે જ હિંદને માટે એ પહેલી પનોતીની ગરજ સારે છે.

અશોક હર્ષ

સંસારનાં શહેરો


(૨) બગદાદ

અગીઆરસો વર્ષ પર હારૂન અલ રશીદના વખતમાં વીસ લાખની આબાદી ભોગવતું બગદાદ શહેર આજે જુઓ તો કાળના ચક્રનો તમને આબેહૂબ ખ્યાલ આવે. ઉત્તર યુરોપ હજુ જંગલી અવસ્થામાંથી પૂરૂં પરવાર્યું પણ ન હતું ત્યારે શકિત અને સમૃદ્ધિ જ્ઞાન અને જાહોજલાલીનું ઇસ્લામી દુનિયાનું એ પ્રધાન કેન્દ્ર હતું. એકલા ઈરાકનું જ નહિ, પણ અરબસ્તાન, ઇરાન, મિસર, સીરિયા ને ઉત્તર આફ્રિકા સુધીના વિસ્તીર્ણ સામ્રાજ્યનું પાટનગર પદ એ શોભાવતું. આજે એ જોનારને ખ્યાલ જ ન આવે કે એક કાળે આ શહેર દુનિયાનું ફિરદૌસ ગણાતું આજે વેરાન પડેલો તૈગ્રીસ-યુફ્રેટીસ વચ્ચેનો પટ ત્યારે બગદાદની પરેશાની નહેરથી સંધાઇ લીલો-છમ બની રહ્યો હતો. આખું ઇરાક નહેરોથી ત્યારે ગૂંથાઇ 'અલેફ-લયલા'ની એ ભૂમિને રંગદષ્ટિએ જડી દેતું હતું.

અને છતાં હજુ અવિસ્મરણીય પૂર્વનું બગદાદ એક અગ્રગણ્ય શહેર છે. એ જાજવલ્યમાન નથી. પણ હવે પાછી એની ચડતી કળા આવી છે. ઉત્તર અરબસ્તાન, પશ્ચિમ ઇરાન અને ઇરાકના વેપારનું અને હિન્દી મહાસાગર અને ભૂમધ્ય સમુદ્ર વચ્ચેનું એ કુદરતી જ અગત્યનું મથક હોઈ એનો ઝડપી નિકાસ થતો જ જાય છે.

મોટે ભાગે અહીંથી ઊન, ચામડાં, ખજૂર, શેતરંજીઓ વગેરેની નિકાસ થાય છે ને બદલામાં યુરોપનાં કારખાનાંનો માલ આયાત થાય છે.

ઇસ્લામી તાઝગી ને શહૂરના વખતમાં આ શહેરે ઘણા પલટા જોયા છે. અરબો પછી મોંગોલો, ઇરાનીઓ ને તુર્કો પછી બ્રિટિશ સંરક્ષણ નીચે થઇ, હાલ થોડાં જ વર્ષો પર પાછું તે અરબોના હાથમાં ગયું છે.









← બાજુનાં ચિત્રો: મથાળેથી (૧) યુફ્રેટિસના કિનારા પરની વસતિ (૨) બગદાદનો રાજમાર્ગ (૩) પોતાના બંને કિનારા પર બગદાદની વસાહત ધરાવતી યુફ્રેટિસ નદીનું વિહંગ દશ્ય (૪) બગદાદનો એક રસ્તો. (Peoples of All Nations.)

ત્રિશૂળ જેમ આપણા રાષ્ટ્રશરીરને ખૂંચી રહેલાં પરશાસનનાં શૂળ શક્ય બનાવનાર

પહેલી પનોતી

દસ્યુઓનો ધ્વંસ કરી આર્યોએ સ્થાપેલા આર્યાવર્તના કાળથી જ આપણી ભૂમિ બહારનાં અનેક પરિબળોના હૂમલાઓ સહન કર્યે જ આવી છે. જંગલી અવસ્થામાંથી બળવત્તર બનેલી યુરેપ–એશિયાની એવી એકે જાતિ બાકી નથી રહી જેણે હિંદ પર પોતાના મોરચા ન માંડ્યા હોય. નાગ, શક, હૂણ અને ગ્રીક પછી ઇસ્લામે અરબનું લોહી ધમધમાવ્યું ને એણે યે સિંધ અને વાયવ્ય સરહદેથી ધૂસતા આવી છેવટે આખું હિંદુસ્તાન કબજે કર્યું. આ બધામાં ઇસ્લામ પહેલાંના આક્રમણોમાં સિકંદર અને સેલ્યુકસ નિકેટર સિવાયનાં આક્રમણો ભાગ્યે જ ભારરૂપ ગણાય, કારણ એ વિજેતાઓએ ભારતમાં આવી, સર્વાંશે ભારતીય બની, ભારતીય સંસ્કૃતિને વેગ આપવામાં ઊલટો અગત્યનો હિસ્સો પૂર્યો છે. ઇસ્લામનું પણ પછીથી તો કલેવર જ માત્ર ઇસ્લામી રહ્યું; એનો આત્મા તો ભારતીય બની ચૂક્યો હતો. પણ એ પછી રહીરહીને સોળમી સદીથી જે છદ્મનીતિભરી પ્રજાનો ભારત ભોગ બન્યું એ તો હિંદને કિનારે આવી નાંગરેલું એક પાપ જ હતું. એ પાપ હળવે હળવે પોતાનું પોત પ્રકાશતું ગયું ને ધીમેધીમે આખું ભારત એના બોજા તળે દબાઇ ગયું.

એ નવી પ્રજા તે દૂરદૂરના સાગર વીંધી આવી પહોંચેલી ગોરી પ્રજા. એ એક જ પ્રજા હિંદને આંગણે એવી ઊતરી કે જેણે સૈકાઓ પછી યે એના પ્રાણને જરા યે ધબક ન આપી, ને આજ સુધી યે એવી ધબક ન ઊઠવા પામે એને એ પોતાનો કર્તવ્યધર્મ માની રહી છે. હિંદને પાયે આવી લાગેલી એ પહેલી પનોતી હતી, જેણે હજી આ દેશનો કેડો નથી મૂક્યો ને ન મૂકવો પડે તેની પેરવીમાં રહી છે.

એ ગોરી પનોતીના પહેલા શ્રીગણેશ માંડ્યા પોર્ટુગીઝ પ્રજાએ. આજે તો 'સુવર્ણભૂમિ' નામથી હિંદને સંબોધવું એની મશ્કરીરૂપ જ લાગે, છતાં એ વખતે તો એ ખરેખર સુવર્ણભૂમિ જ હતું. સારી દુનિયાના વેપારનું ત્યારે એ કેન્દ્ર હતું ને પ્રજાઓની પ્રજાઓ કેવળ તેના આડતિયા તરીકે રહીને પણ માલેતુજાર બની જતી. પોર્ટુગીઝ પ્રજાને મોહ જાગ્યો એવા આડતિયા બની આટલાંટિક કિનારાના એકહથ્થુ વેપારી બની જવાનો.

આ ઉદ્દેશને પાર પાડવા માટે પોર્ટુગીઝ સરકારે ત્રણ વહાણો તૈયાર કર્યાં: સામ જેબ્રાઇલ, સામ રાફાએલ અને સામ માઇગેલ. ત્યારના ચુનંદા વહાણવટી વાસ્કો ડા ગામાના હાથ નીચે એ મૂક્યાં ને એ લઇને તે ઇ. ૧૪૯૭ના જુલાઇની ૮મીએ હિંદને કિનારે નાંગરવા નીકળી પડ્યો. જેમ બને તેમ જલદીજલદી ત્રણે વહાણો માલથી ભરી જઇ, પોતાના પડોશી રાષ્ટ્રોને એ વેચી પોર્ટુગાલને માતબર બનાવવાની એકમાત્ર મુરાદ જ એની પાછળ રહી હતી. એટલે આફ્રિકા નજીક આવતાં એની સાથેના માણસો જ્યારે કંટાળ્યા ત્યારે એમને હાથેપગે બેડીઓ નાખી, લાલ કિનારાના ખાજીરો ને મૂરોથી યે વધુ હેવાનિયત આદરતાં એ નહોતો અચકાયો.

અગિયાર મહિને એણે હિંદને દક્ષિણ કિનારે પગ મૂક્યો. કમનસીબે દખ્ખણમાં ત્યારે એવી ભવિષ્યવાણી પ્રચારમાં હતી કે દૂરદૂરના ગોરા લોકો આવી હિંદુસ્તાનનું રાજ્ય કરશે અને એમનો જે વિરોધ કરશે તેને એ જડમૂળમાંથી ઉખેડી નાખશે. એટલે ગામાના ત્યાં પગ મૂકતાં જ ત્યાંની પ્રજાએ એ ભવિષ્યવાણી સાર્થક થવાનો કાળ આવી પહોંચેલો ગણી લીધો ને ડરીને એનાં બધાં વહાણો મરી, તજ, સૂંઠ, લવીંગ, જાવંત્રી ને જાયફળથી ભરી દીધાં.

ગામા પણ જેટલા વણિગ્બુદ્ધિ એટલા જ ચાણાક્ય ગોરા તુખમનું ફરઝંદ હતો. પહેલી જ નજરે હિંદી પ્રજાનું દૌર્બલ્ય એની આંખોએ માપી લીધું. પણ એ વખતે તો કશી નવાજૂની કર્યા વિના એ ચાલ્યો ગયો. મૂળ કીમત કરતાં સાઠ ગણો નફો એણે ભરેલાં વહાણોએ અપાવ્યો, ને એથી ખુશ થઇ પોર્ટુગાલના રાજાએ તેને 'Lord of Conquest, Navigation and Commerce of Ethiopia, Arabia, Persia and India'નો ઇલકાબ આપ્યો.

અને ફરીવાર ઇ. ૧૫૦૨માં જ્યારે ગામા હિંદ આવ્યો ત્યારે પોતાની બદદાનત પાર પાડવાના ઇરાદાથી બધી સાધન સામગ્રી સહિત જ આવ્યો. આવતાં



વાસ્કો ડ ગામા



આલ્ફૉન્ઝો અલબુકર્ક

વેંત તેણે મલબાર કિનારા પરનાં વહાણો પકડવાનો ધંધો શરૂ કર્યો. ૨ વહાણ ને ૧૬ મછવા એણે પકડ્યા ને આઠસો કમભાગી ઇન્સાનોના હાથ, કાન ને નાક કાપી, દાંત ભાંગી નખાવ્યા ને એક વહાણમાં એમને બેસાડી, તેને આગ લગાવી, દરિયામાં ધકેલી દીધું. આ પરાક્રમ(!) એણે એટલા વાસ્તે જ કર્યું કે કલીકટના રાજા સામુરી (ઝામોરિન) વગેરેને ગોરી જાતના ગુસ્સાની ખબર પડે!


સામુરીએ તરત જ તેની સામે લશ્કર મોકલ્યું, પણ તેનો પરાજય થયો. ત્યાર પછી કેબ્રાલ અને ડૉમ ફ્રાન્સિસ્કો ડ આલ્માઇડા આવ્યા. તેર વહાણોનો કાફલો તેઓ સાથે લાવેલા અને તે વેપારના સરંજામથી નહિ પણ સશસ્ત્ર સૈનિકોથી ભરેલો. ઝામોરિનના વિરોધને ઠોકરે મારી એમણે જ્યાંત્યાં કોઠીઓ નાખવા માંડી, હિંદીઓની કત્લ કરાવી ને ગામડાં બાળવાં શરૂ કર્યાં. અને એ રીતે જબરી શેહ બેસાડી એમણે દખ્ખણમાં પગ મૂકવાનો માર્ગ મેળવ્યો.

હજુ પોર્ટુગાલ તરફની પોતાની કૃતજ્ઞતામાં કંઇ ઊણપ રહેતી હોય તેમ ૧૫૦૪માં વાસ્કો ડા ગામા વીસ વહાણના કાફલા સાથે ત્રીજી વાર હિંદ આવ્યો. હિંદી મહાસાગરના કિનારા પરનું એક જંગી વહાણ સેંકડો લોકો સાથે તારાજ કર્યું ને કોચીન તથા કાનાનોરના રાજાઓ સાથે ઝામોરિન વિરુદ્ધ સુલેહ કરી પોર્ટુગાલના રાજાને સાગરસમ્રાટ અને પોતાને હિંદી મહાસાગરનો 'કૅપ્ટન મેજર જાહેર કર્યો. ૨૯મી ઑક્ટોબરે એ કાલીકટ પહોંચ્યો ને સીધો તોપનો મારો એ શહેર પર શરૂ કરી આઠસો શહેરીઓને કેદ પકડી એમની કત્લ કરી. એ ચાંચિયાગીરીથી હિંદનો મલબાર કાંઠો સહેજે તેમને હાથ ચડ્યો ને આલ્માઇડા હિંદનો પહેલો પોર્ટુગીઝ ગવર્નર નીમાયો

હિંદમાં ચાલતી આ ખૂનરેજી વખતે જ, અરબથી તે ચીન સુધી નાવિક, સૈનિક ને રાજકારણપટુ તરીકે જેની ખ્યાતિ પ્રસરેલી એ લાંબી દાઢીનો ફિરંગી લડવૈયો આલ્ફૉન્ઝો અલબુકર્ક ઇરાનના અખાતને નાકે ઊભેલું ઓર્મઝ બંદર લેવા લડી રહ્યો હતો. એ ઓર્મઝ આજે તો થોડાં ઝૂંપડાંનું ખંડિયેર માત્ર છે, પણ ચાર સો વર્ષ પહેલાં એ અકલ્પ્ય સમૃદ્ધિનું નગર અને પૂર્વનું જબરૂં વેપારધામ હતું. અલબુકર્કે એને નમાવ્યું ને એના રાજા પાસેથી વાર્ષિક સોનાની ૧૫૦૦૦ અશરફીઓ લેવાની શરતે તેને પોર્ટુગાલનો ખંડિયો બનાવ્યો.

આ જ અલબુકર્કને હિંદમાં આલ્માઇડા પછીનો વાઇસરૉય નીમવામાં આવ્યો. એના જેવો પ્રતિભા ને સાહસભર્યો બીજો કોઇ જ પોર્ટુગીઝ હિંદને કિનારે નથી ઊતર્યો. નાના મછવા જેવડા તેના ફ્રૉલ ડેલામાર વહાણમાં તેણે ખેડેલી સફરો ને લડેલી લડાઇઓ આજ પણ આપણને આશ્ચર્યચકિત કરે છે. આજ પણ

હિંદમાં કાયમ રહેલું સમૃદ્ધ સંસ્થાન ગોવા એણે જ પોર્ટુગીઝો આદિલશાહ પાસેથી જીતી આપ્યું; એણે જ વિજયનગર સાથે મૈત્રી બાંધી પોર્ટુગીઝોનો વેપાર ખૂબ વધાર્યો; ને એણે જ પોર્ટુગાલનારાજાને 'Lord of the Indies' ઘોષિત કરી 'ઇંડીઆ પોર્ટુગીઝા' કાયમ કર્યું. પરંતુ એને જશ ન મળ્યો. પોર્ટુગાલના રાજાના ખુશામતીઆઓનાએને ભોગ બનવું પડ્યું ને છેવટે હતાશ થઇ, દરિયામાં ડૂબીને એણે જાન આપ્યો.



કાલીકટનો રાજા ઝામોરીન પરદેશીઓને મુલાકાત આપે છે.

પોર્ટુગાલનો ઇરાદો અહીં એકલો વેપાર એકહથ્થુ કરવાનો ન હતો. વિજય, વેપાર ને વટાળ (Conquest, Commerce and Conversion) એ ત્રિવિધ હેતુઓએ પોર્ટુગીઝોએ પૂર્વનાં પાણીમાં ઝંપલાવ્યું હતું. એકલા હિંદુઓ પર જ નહિ, મુસલમાનો પર પણ એમને એટલી દાઝ હતી, ને મુસલમાન દેશો પર એમણે ઓછો સિતમ નહોતો ગુજાર્યો. આ અલબુકર્કે તો મક્કાનો નાશ કરી, હઝરત મહંમદની કબર ઉખેડી નાખવાનો નિર્ણય કર્યો હતો ને જેરૂસલેમનું વેર વાળવા ખ્રિસ્તીઓના ધર્માધ્યક્ષ પોપે 'પૅપલ બુલ'થી એ નિર્ણય વધાવી લીધો હતો.

ઇ. ૧૫૫૮માં ડૉમ કૉન્સ્ટન્ટાઇન ડા બ્રૅગન્ઝા ગોઆનો વાઇસરૉય નીમાયો ત્યારે લૂંટ મેલો આગ ને તલવારથી આખો મલબાર કાંઠો ધ્રૂમી વળ્યો. મેંગલોર પર હલ્લો કરી એ શહેર તારાજ કર્યું અને બધી વસતિનો નાશ કર્યો. હળવે હળવે આખો કિનારો એણે પોર્ટુગીઝો માટે સાફ કરી આપ્યો. મેંગલોર ઉપરાંત કોચીન, લંકા, દીવ ને મુંબાઇ બેટ સુદ્ધાંના એ ધણીરણી બની બેઠા.

આમ પારકે કિનારે સામ્રાજ્યસ્થાપના સુદૃઢ થઇ, ત્યાં ૧૫૬૦ની સાલ આવી ને અહીંની આખી વસતિ



ઈ. ૧૫૭૪ ના સમયમાં કાલીકટ બંદરનું દૃશ્ય

ખળભળી ઊઠી. યુરોપમાં નહોતી ચાલી એવી 'ઇન્ક્વીઝીશન' ગોઆમાં શરૂ થઇ. સ્પેનથી યે એ વધુ ભયંકર હતી. પોર્ટુગીઝ તાબાની સઘળી રૈયતને ખ્રિસ્તી ધર્મ સ્વીકારવાની ફરજ પાડવામાં આવી. મેસ્કીટાએ ૨૦૦૦ જેટલાની કત્લ ચલાવી ને કાનાનોરમાં બળવો ફાટ્યો તેને નોરોનાએ કડક હાથે દબાવી દીધો. ખ્રિસ્તી ધર્મ સ્વીકારવાનો ઇન્કાર કરનાર કેટલાયને શણમાં શીવીશીવીને દરિયામાં ફેંકી દેવામાં આવ્યા. ક્રિયાકાંડો કરવાની ને શાસ્ત્રો વાંચવાની મનાઇ કરવામાં આવી. મંદિરો ને મસીદોનો એકસરખો નાશ કરવામાં આવ્યો ને આફતમાંથી ઊગરવા નાસી જનારાઓને પકડીપકડીને મોતના મોંએ નાખવામાં આવ્યા.

આ રીતે પોર્ટુગાલે હિંદમાં પોતાના સામ્રાજ્યની જમાવટ કરી; અને એ જમાવટ થતાં સુધીમાં આફ્રિકા ને બ્રાઝિલમાં પણ એવી જમાવટ કરી દીધેલી હોઇ, સો વર્ષ સુધી તો કેપ ઑવ ગુડ હોપથી તે મસાલાના ટાપુઓ સુધીનો એકહથ્થુ વેપાર તેણે ખેડયા કર્યો. હિંદના સામ્રાજ્યની એની જમાવટ માટે એ જ દેશનો ઇતિહાસકાર કોરીઆ લખે છે કે: 'The conquest of India is repugnant to us, and strikes us with horror, on account of the injustice and barbarity of the conquerers, their frauds, extortions and sanguinary hatreds; whole cities ravaged and given to flames ··· soldiers converted into executioners after victory.'

આ લોકોનાં વહાણો એ કાળે હિંદના પૂર્વ તથા પશ્ચિમ કિનારાની આસપાસમાં ફરતાં જ રહેતાં ને જે હિંદી વહાણ દેખાતું તેને પકડીને લૂટી લેતાં. કિનારાની વસતિને પણ અવારનવાર લૂંટતા ને એના પર સેતાનિયત ગુજારતા. વળી આફ્રિકાથી ગુલામો પણ પકડી લાવી હિંદનાં બજારોમાં સસ્તે ભાવે વેચી દેવાનો ધંધો યે એ કરતા.

પરંતુ એમની આઝાદી માત્ર એકાદ સૈકો જ ટકી. એક પોર્ટુગીઝ લેખક આલ્ફૉન્ઝો ડીસોઝા લખે છે કે 'પોર્ટુગીઝોએ એક હાથમાં તલવાર ને બીજા હાથમાં ક્રૉસ લઇને ભારતમાં પ્રવેશ કર્યો, પણ જ્યારે અહીં લખલૂટ સોનું જોયું ત્યારે ક્રૉસને એક બાજુ મૂકી એમણે એ જ હાથે પોતાનાં ખીસાં ભરવાનું શરૂ કર્યું. પછી ખીસાં એટલાં તો ભરાઈ ગયાં કે એક હાથે સાચવી ન શકાયાં એટલે એમણે બીજા હાથમાંની તલવાર પણ મૂકી દીધી.'

સમૃદ્ધિમાં લુબ્ધ બનેલા પોર્ટુગીઝો આમ નરમ પડવા આવ્યા હતા, ત્યાં ૧૫૮૮માં સ્પૅનિશ કાફલાના પરાજયે બધા સમુદ્રોના કિનારા યુરોપનાં બધાં રાષ્ટ્રો માટે ખુલ્લા મૂકી દીધા. એનો પહેલો લાભ લીધો ડચોએ અને પછી અંગ્રેજોએ. ૧૫૯૫માં કૉર્નેલીઅસ હાર્ટમૅનની સરદારી નીચે પહેલવહેલાં ચાર ડચ વહાણોએ પૂર્વની મુલાકાત લીધી ને ૧૬૦૨ સુધીમાં એમણે હિંદનો પશ્ચિમ કાંઠો, સીલોન, જાવા, ચીન અને જાપાનમાં પોતાનાં થાણાં નાખી દીધાં.

આ હીલચાલની જાણ થતાં જ ઇંગ્લંડ ખળભળી ઊઠયું. આ કમનસીબ દેશની લૂંટમાં એને પોતાનો હિસ્સો જતો લાગ્યો. એણે એક પછી એક નાવિકોને મોકલી જોયા, પણ હિંદનો કિનારો એ ન મેળવી શકયા. છેવટ ૧૫૭૮માં ફ્રાન્સિસ ડ્રેકે લિસ્બન આવતું એક વહાણ લૂંટયું ને તેમાં હિંદ આવવાના નકશા હાથ લાગ્યા. ૧૫૯૯ના સપ્ટેમ્બરની ૨૨મીએ ઇંગ્લંડના બધા વેપારીઓ ભેગા થયા ને પૂર્વ સાથે વેપાર ખેડવા 'ઇસ્ટ ઇંડીઆ કંપની' સ્થપાઇ. ઇ. ૧૬૦૦ના ડિસેંબરની ૨૩મીએ એને ચાર્ટર મળ્યો ને ૧૬૦૧ની બીજી એપ્રિલે એનાં ચાર વહાણ હિંદ આવવા નીકળ્યાં.

પોતાના એકહથ્થુ વેપારમાં ઘુસેલા આ બે નવા કાંટા પોર્ટુગીઝોથી સહન ન થયા. ડચોને 'rebeldes' (બંડખોરો)ને અંગ્રેજોને 'piratas' (ચાંચીઆ) જાહેર કરી એ તેમની સામે થયા, પણ સંજોગો એમની વિરુદ્ધ હતા. એમના પાપનો ઘડો એકી સામટો ફૂટ્યો. નૈતિક પતન તો એમનું વહેલું જ શરૂ થઇ ગએલું. ૧૬૨૨માં શાહ અબ્બાસે ઓર્મઝ લઇ લીધું, ૧૬૨૯માં શાહજહાંએ હુગલી જીતી તેમનાં ત્રણસો વહાણો કબજે કર્યાં ને ડચો ગોઆનું બારૂં બંધ કરી બેઠા. આમ, અહીં જેમ પોતાનો બચાવ કરવામાં નિષ્ફળ નીવડ્યા તેમ યુરોપીઅન સમુદ્રોમાં એમનાં વહાણોને લૂંટતા ફ્રાન્સિસ ડ્રેકનો યે સામનો કરવામાં એ નિષ્ફળ નીવડ્યા ને પરિણામે પોતાનાં રહ્યાં સહ્યાં સંસ્થાન સાચવી બેસી રહેવામાં જ અને વેપાર તથા રાજકારણમાંથી નિવૃત્તિ લેવામાં જ એમણે ડહાપણ માન્યું.

(અનુસંધાન પાછળ પાન ૬૫૩મે)


ફોટોગ્રાફી

હરીફાઇનું પરિણામ

પહેલું ઇનામ: 'જલવિહાર'–રણછોડભાઇ મિસ્ત્રી (નડીઆદ); બીજું ઈનામ: 'નિર્દોષ બાલપણ'–એસ. એન. કાદરી (અમદાવાદ); ત્રીજું ઇનામ: 'ફૂલની ફોરમ'–એન. એન. ઠક્કર (કચ્છ માંડવી). નોંધપાત્ર (૧) ગોકળદાસ કાપડીઆ (મુંબાઇ); (૨) કુ. સરલા નારણજી (કચ્છ માંડવી); (૩) દિનકર ઘાટગે (વડોદરા); (૪) ભુરાભાઈ શાહ (નંદરબાર); (૫) લાલજી માઇ હિન્ડોચા (જિન્જા); (૬) ચતુરભાઇ પટેલ (ખાનપુર); (૭) મણિભાઇ પટેલ (ખાનપુર).

આ માસની હરીફાઇમાં ચિત્રોની સંખ્યા સારી છે. વિવિધ વિષયનાં ઘણાં ચિત્રોમાંથી ઇનામને પાત્ર ચિત્રોની પસંદગી મુશ્કેલ છે. દરેકમાં અમુક અમુક સુંદર તત્ત્વો જાણ્યે અજાણ્યે પણ બહાર દેખાઇ આવે છે. બધાંમાં 'જલવિહાર' પહેલે નંબરે આવે છે. સન્ધ્યાના આછા અજવાળામાં હોડી અને માનવ પાત્રો કુતૂહલભર્યાં આકર્ષણ છે. છતાં ચિત્રની મજા તો વાદળઘેર્યા આકાશથી જ છે.

'જલવિહાર'નું વસ્તુ હોડી અને બાળક છે. વસ્તુને ચિત્રની જગ્યાના મધ્યબિન્દુએ કદી રાખવું નહિ; તેથી ચિત્ર સંયોજનની દૃષ્ટિએ મોળું પડે છે. ખાસ કરીને ગતિમાન વસ્તુના ફોટોગ્રાફમાં, જે દિશામાં વસ્તુ આગળ ધપતી હોય તે છેડા તરફ, પાછળ કરતાં વધુ જગ્યા રાખવાથી ચિત્રમાં ગતિનો ભાસ ઉદ્ભવે છે. અને વસ્તુ દૃષ્ટિપથમાં દાખલ થતી દેખાય છે. ભાઇ મિસ્ત્રીનું ચિત્ર બાળકના ગતિસૂચનથી જ આ દોષમાંથી છટકી જાય છે



ચિત્રસંયોજનના ઉપરના બે મુદ્દા સમજાવતા આ સાથેના બે સ્કેચ નિહાળો. પહેલા સ્કેચમાં પાણી અને આકાશ ચિત્રના બે ભાગ પાડે છે અને હોડી ચિત્રમાંથી ખસી જતી ઠેઠ ડાબા છેડા તરફ પહોંચી ગઈ હોય તેમ લાગે છે. તેને સુધારીને બીજા સ્કેચમાં બતાવ્યા પ્રમાણે રચના કરવાથી સંયોજન સારૂં થાય છે. હોડી એ ચિત્રની અંદર દાખલ થતી જણાય છે.

ભાઇ કાદરીને 'નિર્દોષ બાળપણ' ચિત્રમાં બાળમાનસને સહજ કુતૂહલને લીધે રમકડું પકડવા હાથ લંબાવતા બાળકના ચહેરા ઉપર રમતનો આનંદ દેખાય છે. અનુકૂળ પળ જોઇને ચાંપ દાબવાથી જ બાળકનાં ઉત્તમ ચિત્રો બનાવી શકાય. છતાં ભાઇ કાદરીએ સ્નૅપ લેવામાં સહેજ ઉતાવળ કરી છે. બાળકની બેસવાની ઢબ બરાબર નથી. તેના પગ ઝભ્ભામાં ઢંકાએલા રહેવાથી ચિત્ર અરૂચિકર બને છે.

'નિર્દોષ બાળપણ' કરતાં 'ફૂલની ફોરમ' ચિત્ર વધારે સ્વાભાવિક છે. પરન્તુ પ્રિન્ટ નબળો છે. ચિત્રને વધારે વિગતવાળું બનાવવા જરા નજીકથી લેવું જોઇએ અથવા ડાબા હાથની નીચેથી દાબી દઇ મોટું બનાવવું જોઇએ. એથી સમચોરસ જગ્યામાં પાત્રનો અભિનય આકર્ષક બને છે. એકંદરે ભાઈ ઠક્કરનો પ્રયાસ સ્તુત્ય છે.

નોંધપાત્ર ચિત્રોમાં કુમારી સરલાબ્હેન નારણજીનું ચિત્ર ઉત્તેજનપાત્ર ઠરે છે. મદારીના ખભે ચડી માથામાંથી જૂ શોધતું માંકડું તથા મદારી બંનેના સ્નૅપમાં બે સરખા Interest વાળી વસ્તુઓ હોવાથી એકેય વિષય પર જોનારનું મન ઠરતું નથી. ઘડીમાં મદારી તો બીજી પળે માંકડા તરફ મન દોડે છે.

એક બ્હેન બીજીનું માથું ગૂંથતી હોય તે વેળાએ ભાઇ ગોકળદાસે તેમનું ચિત્ર ઝડપ્યું છે. વિષય સારો ગણાય. માથું ગૂંથતી છોકરીનો પગ કૅમેરા તરફ લંબાએલો હોવાથી તે પ્રમાણસર નથી અને એકદમ વધુ પડતો મોટો આવી ગયો છે.

ભાઇ ઘાટગેએ 'શૂરવીર શિવાજી'ના પૂતળાને પોતાના ચિત્રનો વિષય બનાવ્યો છે. બહુ ઊંચા સ્થાને ગોઠવેલા પૂતળાનો નીચેથી લીધેલો સ્નૅપ જરૂર આકર્ષક છે.

મોટા મોટા ચોપડાઓની વચમાં તકીઆ પર ઉઘાડો ચોપડો રાખી હોલ્ડર વડે લખવાનો ડોળ કરતી નાની સરખી છોકરીનું ભુરાભાઇ શાહનું 'મુનીમજી' ચિત્ર બાળજીવનનો સુંદર વિનોદ છે. ભાઇ હિન્ડોચાના 'મોરલીના નાદ'માં મદારીના હાથ આઉટ ઑફ ફોકસ છે. નાગની ફેણ પાછળની છાબડીમાં મળી જાય છે. નાગ બહાર દેખાઇ આવતો નથી. ચતુરભાઇ પટેલે દ્રાક્ષ ખાતા મિત્રની છબી લીધી છે. ચિત્રમાં દ્રાક્ષનો લૂમખો અને ખાનારનું માથું કાન સુધી જ રાખીને ફ્રેમ બાંધી હોય તો ચિત્ર ઘણું સારૂં બની શકે.

મણિભાઇ પટેલનું 'બેલડી' ઠીક છે. કુ. સરલાના ચિત્રની ટીકાઓ આને પણ લાગુ પડે છે.

આ મહિનો (ઑગસ્ટ) . . અને એની પ્રતિભા

તા. ૨ ગવર્નમેન્ટ ઑવ ઇન્ડીઆ બિલને શાહી સંમતિ મળી—ઇ. ૧૯૩૫

તા. ૩ આંબૂરની લડાઇમાં અનવરુદ્દીનને મારી ફ્રેન્ચોએ ચંદાસાહેબને કર્ણાટકનો નવાબ જાહેર કર્યો—ઇ. ૧૭૪૯

તા. ૭ હિંદના અભિજાત કલાકાર અવનીન્દ્રનાથ ટાગોરનો જન્મ—ઇ. ૧૮૭૧

તા. ૮ જર્મન માર્શલ ફૉન લુડેનડૉર્ફે જર્મનીના ઇતિહાસમાં આલેખેલો કાળો દિવસ—ઇ. ૧૯૧૮ (એ દિવસે અંગ્રેજ સરદાર હેગે આમીન્સ આગળ ૨૦ હજાર જર્મનોને કેદ પકડ્યા).

તા. ૧૦ થર્મોપીલીના ઘાટનું ભયંકર યુદ્ધ જેમાં ત્રણ સો ચુનંદા સ્પાર્ટનો હણાયા—ઇ. પૂ. ૪૮૦.

તા. ૧૪ 'ફૉર્સાઇટ સાગા' કાદંબરીના લેખક મહાન અંગ્રેજ નવલકથાકાર ને નાટ્યકાર જોન ગાલ્સવર્ધીનો જન્મ—ઇ. ૧૮૬૭.

તા. ૧૫ સાયમન કમિશનની કાર્યવાહી પ્રસિદ્ધ થઇ અને એ જ દિવસે પેશાવરમાં માર્શલ લૉ જાહેર થયો—ઇ. ૧૯૩૦.

તા. ૧૭ હિંદને 'કોમી ચુકાદો' મળ્યો—ઇ. ૧૯૩૨.

તા. ૨૨ પેરૂમાં ક્રાન્તિ—ઇ. ૧૯૩૦.

તા. ૨૪ જસવંતરાવ હોળકરે રામપુર નજીક બનાસને કિનારે અંગ્રેજ સેનાપતિ મૉન્સનને એવી તો શિકસ્ત આપી કે પોતાનો ખરો સામાન, મુડદાં, જખમાએલાં ને માંદા સૈનિકોને પણ છોડી તે કુશલગઢ નાસી ગયો—ઇ. ૧૮૦૪. હોળકરે ઉપરાઉપરી આપેલી એ હારોથી અંગ્રેજો એના નામમાત્રથી કંપતા હોઇ, તેમનાં લખાણોમાં તેને એમણે 'લૂંટારો,' 'રાક્ષસ' 'હત્યારો' આદિ અનેક વિશેષણોથી નવાજ્યો છે.

તા. ૨૬ ઍંગ્લો-ઇજીપ્શીઅન સંધિ—ઇ. ૧૯૩૬.

તા. ૩૦ બંગાળના ઇન્સ્પેક્ટર જનરલ ઑવ પોલિસનું ખૂન અને મીરતની જેલમાં બળવો—ઇ. ૧૯૩૦.



આ માસની વિભૂતિ
વીરચંદ રાઘવજી ગાંધી

ઈ. ૧૮૬૪માં ભાવનગર પાસેના મહુવા ગામમાં તા. ૨૫મી ઑગસ્ટના રોજ સાધારણ સ્થિતિના છતાં કુલીન જૈન કુટુંબમાં જન્મ. ભાવનગરમાં મૅટ્રિક પસાર કરી મુંબાઇની એલ્ફિન્સ્ટન કૉલેજમાં પ્રવેશ્યા ને વીસમે વર્ષે બી. એ.ની ઉપાધિ મેળવી.

સંવત ૧૯૪૧માં જૈન એસોસિયેશન ઑવ ઇંડીઆના તેઓ મંત્રી ચુંટાયા ને ત્યારથી સામાજિક, રાજકીય ને ધાર્મિક બાબતોનું ઊંડું ચિંતન આરંભી તે પર પ્રવચનો કરવા માંડયાં. સાથોસાથ સોલિસિટર થવા પણ અભ્યાસ કરવા માંડયો. જૈનોના પવિત્ર તીર્થ સમેતશિખર પર ચરબીનું કારખાનું ખોલનાર એક અંગ્રેજ સામે લડી જૈન કોમને એમણે વિજય અપાવ્યો.

નાની વયથી જ ચિંતનવૃત્તિને લઇ એમની વિદ્વત્તા એટલી પ્રગલ્ભ બની હતી કે ઈ. ૧૮૯૩માં શિકાગોમાં ભરાનારી વિશ્વધર્મપરિષદમાં પચાસ લાખ જૈનોના પ્રતિનિધિ તરીકે તેમની વરણી થઈ. સ્વામી વિવેકાનંદ પણ એમની સાથે જ ગએલા. ત્યાં એમણે એવી તો સરસ છાપ પાડી કે ત્યાંના એક પત્રના લખવા મુજબ, 'મિ. ગાંધી કરતાં વધુ રસથી શ્રોતાઓએ કોઇ પૌર્વાત્ય પંડિતને સાંભળ્યો નહોતો.'


એમનાં પ્રવચનોથી મુગ્ધ થઇ પરિષદે એમને રૌપ્યચન્દ્રક આપ્યો. દર્શનશાસ્ત્રના અભ્યાસને વેગ આપવા અમેરિકામાં એમણે 'ગાંધી ફિલૉસૉફિકલ સોસાયટી' ઊભી કરી ને પાછા વળતાં ઇંગ્લંડમાં પણ એમણે વ્યાખ્યાનો આપી ત્યાંની પ્રજાનું દિલ જીતી લીધું. પણ હિંદ આવતાં મુંબાઇમાં તેમને માનપત્ર આપવાનો મેળાવડો થતાં રૂઢિચુસ્ત જૈનોએ ખુરશીઓ ઉછાળેલી!

અમેરિકાનું એ પરિભ્રમણ હિંદ માટે આશીર્વાદરૂપ નીવડેલું. હિંદ માટે ચાલતાં અનેક જૂઠાણાંઓનું એમણે નિરસન કર્યું અહીંના કલાધામોનાં સ્ટીરીઑસ્કોપ ચિત્રો ત્યાં દર્શાવી, તે પર વિવરણો કરી, ભારતીય કલાનું હાર્દ સમજાવ્યું. શાકાહારની મહત્તા ગાઇ અનેકોનો માંસાહાર છોડાવ્યો. હિંદમાં દુકાળ પડવાની ખબર મળતાં જ ત્યાંની પ્રજાને વિનતિ કરી મકાઈની ભરેલી એક આખી સ્ટીમર કલકત્તા, તથા હિંદના જુદાજુદા ભાગોમાં ચાળીસ હજાર રૂપિયા જેટલી મદદ મોકલાવી.

બાર ભાષાઓના એ જાણકાર હતા ને એટલી જ વિવિધ એમની જ્ઞાનરૂચિ હતી. અમેરિકાનો પ્રખ્યાત ફિલસૂફ વિલિયમ જેમ્સ એમના પર મુગ્ધ બનેલો. યોગ, કર્મ ને ધ્યાનમાર્ગોથી માંડી 'વશીકરણવિદ્યા,' 'રત્નશાસ્ત્ર' 'હિંદુસ્તાનની સતીઓ'થી તે 'અમેરિકાની સ્ત્રીઓએ ટોપીમાં પક્ષીનાં પીછાં શા માટે ન ઘાલવાં' જેવા સઘળા જ વિષયો પર નિબંધ વાગ્ધારા એ વહેવડાવી શકતા. એમનામાં અદમ્ય જોસ હતો, પણ આછકલો નહિ; અનુકંપાભર્યો ને આત્મપ્રત્યયજન્ય. જગતના અજ્ઞાન ને દુઃખો પર બોલતાં એમનો આત્મા જાણે એમની જીભ પર આવી વસતો.

આને લઇને તો અમેરિકાએ એમને બીજી વાર પોતાને આંગણે બોલાવેલા. એ વખત ઇંગ્લંડ પણ એ ગએલા ને બૅરિસ્ટરીનો અભ્યાસ આગળ વધારેલો, પરંતુ એ લાંબું ન જીવી શક્યા. ઇ. ૧૯૦૧ના ઑગસ્ટની ૭મીએ સાડત્રીસ જ વર્ષની વયમાં એમનું અવસાન થયું.

દક્ષિણ ભારતમાં એક ડોકિયું



અર્વાચીન હૈદરાબાદમાં જ પ્રાચીન તૈલંગણનો પ્રદેશ આવેલો છે. તૈલંગણના એ સામ્રાજ્યના અવશેષ સમી, વરંગળમાંની, એક દરવાજાની કમાનની શિલ્પસમૃદ્ધિ

મુંબાઇમાં ચોમાસું વીતવા આવ્યું છે અને તાપ જણાવા માંડ્યો છે, પરંતુ ઘાટના પ્રદેશમાં જતાં જ વર્ષાના અભિષેકથી પ્રફુલ્લ થએલી ખાણો અને ડુંગરોમાંથી ઠેરઠેર નીતરતાં ઝરણાં કહેતાં હતાં કે વર્ષા હજુ વીતી નથી. ફરી પાછી બાર માસની મુસાફરી કરવાની હોવાથી ટેકરીમાંથી વહેતાં ઝરણાંનું પાણી પી લેવા વાદળાંઓ ખૂબ નીચાં આવ્યાં હતાં. પીંજ-રાએ પીંજીને તૈયાર કરેલા રૂના પોલ જેવાં હળવા ઊડતાં વાદળાં ખાણો ભરી દેતાં હતાં અને તેમાંથી કોઇ કોઇ વખત દેખાતા પીંજારાના હાથમાંના ગોટી-લાની જેમ પર્વતનાં શિખરો અવારનવાર દેખાતાં હતાં.

ગાડીની બીજી તરફ ધુમાડાના ગોટા કાઢતા જ્વાળામુખીની જેમ રાખોડી ˙ગનાં વાદળાં ટેકરીના ઉપરના ભાગને વીંટી વળ્યાં હતાં. બરફથી ઢંકાએલા ફુજી પર્વતનું એક ચિત્ર હોકુશાઇએ દોર્યું છે. આ દૃશ્ય એના જેવું નથી. એ ચિત્રમાંની આકાશને વીંધીને નીચે ઉતરતી સૌદામિનીની અગ્નિરેખા અહીં નથી. કથા આખ્યાયિકાના પ્રસંગો અને છબી (Portraits) ચીતરનારા ચિત્રકારો કરતાં પ્રકૃતિના આલેખકોની સૌંદર્યદૃષ્ટિ સાંકડા ચીલામાં વહેનારી નથી હોતી. નિરામય પ્રકૃતિમાંથી કોઇક જ સમભાવી કલાકાર સૂક્ષ્મ સંવેદનો ઝીલી શકે છે. નહિ તો વાદળથી ભરેલી આ પર્વતમાલા અને એમાંથી વહેતા ધોધને, આપણા કલાકારોની પીંછી હજુ કેમ સરજાવી શકતી નથી?


સવારે ઊઠ્યો તે વખતે હૈદરાબાદ આવી પહોંચ્યું છે એનો ખ્યાલ નહોતો. ટેકરા અને પત્થરોવાળા વિશાળ પ્રદેશમાંથી અમારી ગાડી જતી હતી. લશ્કરી હીલ-ચાલ માટે આ પ્રદેશ અનુકૂળ છે એવું વિચારતો હતો ત્યાં તો હૈદરાબાદ આવ્યું. હૈદરાબાદને એક છેડે વળગીને દક્ષિણના બ્રાહ્મણી સામ્રાજ્યનું પાટનગર ગોલકોંડા ઊભું છે. ચારે તરફ દસેક માઇલના વિસ્તારનું નિરીક્ષણ થઇ શકે એટલી ઊંચી ટેકરી ઉપર દિવાલોના કોઠાઓમાં રક્ષાએલા શહેરના ભાંગેલા અવશેષોમાં હવે પ્રાચીન ગૌરવની યાદ આપે એવું કશું નથી.

વળતે દિવસે મારે હૈદરાબાદથી થોડે દૂર આવેલા ગામડામાં જવાનું થયું. ટ્રેનમાં કોઇ રંગીલો દવા વેચનાર બેઠો બેઠો ગાતો હતો:

"શમા જલતી હૈ, પરવાના કે જલ જાને કે બાદ."

ઇતિહાસ પણ એવો જ છે. અનેક સંસ્કૃતિઓને ભસ્મસાત્ કરીને એની મશાલ ભવિષ્યનું માર્ગસૂચન કરવાને બળ્યાં કરે છે.

હૈદરાબાદની પ્રજા મોટે ભાગે હિન્દુ હોવા છતાં તેમને માટે કેળવણીની જરા જેટલી યે સગવડ સરકાર તરફથી નથી. આપણે ત્યાં સામાન્ય જનતાને માટે હિન્દુસ્તાનનો ઇતિહાસ અંગ્રેજો અને એથી જરા આગળ વધીને મુસલમાનોથી શરૂ થાય છે. મારે આ પ્રદેશ વિષે વધારે જાણવું હતું. મારી જિજ્ઞાસા સંતોષે એવું કોઈ લાગ્યું નહિ. એવામાં હું જેમને ત્યાં ઊતર્યો હતો



ચાર મિનાર—હૈદરાબાદ

એ ભાઇની હજામત કરવા એમનો હમેશનો વાળંદ આવ્યો. મને યાદ આવ્યું કે વાળંદની જમાત દુનિયાભરમાં લોકચર્ચા જાણવા માટે શ્રેષ્ઠ સાધન છે! એટલે હાથે દાઢી કરવા કરતાં એને જ પકડયો. એ તો ઉત્સાહી મહાસભાવાદી અને મોટો સમાજસેવક નીકળ્યો.

અર્વાચીન હૈદરાબાદમાં જ પ્રાચીન તેલંગણનો પ્રદેશ આવેલો છે. એ સામ્રાજ્યના જૂના અવશેષ વરંગળમાં છે. બૂતપરસ્તીમાં નહિ માનનાર ઇસ્લામી સંસ્કૃતિના રક્ષક આ રાજ્યના સિક્કા ઉપર જે ચાર-મિનારની મહોર છે તે મિનારા શહેરના અંદરના ભાગમાં આવેલા છે. શહેર કંઇ આકર્ષક નથી. પરંતુ શહેરની ચારે તરફ છેલ્લામાં છેલ્લી યુરોપી ઢબના એકએકથી જુદા પડતા ઘણા બંગલા છે.


હૈદરાબાદથી થોડે દૂર એક જ પત્થરના વિશાળ ખડક ઉપર ભોંગીરનો કિલ્લો છે. ભાગવતની એક કથામાં સ્વર્ગના ઉપવનમાં ઊગેલા જાંબૂડાની વાત છે. સ્વર્ગના એ જાંબૂડા ઉપરથી હાથી જેવડાં જાંબૂ ઊતરતાં. આ પ્રમાણ લક્ષમાં રાખી, સામાન્ય હાથી અને સ્વર્ગના હાથીની કલ્પના કરતાં જે માપ નીકળે એવડો સ્વર્ગના હાથી જેવો આ ખડક હશે. દૂરથી ખડક ઉપરનો આ કિલ્લો દંતુશળ સુધી પાણીમાં ડૂબેલા હાથી ઉપર અંબાડી મૂકી હોય એવો શોભતો હતો.

ભારતવાસીઓ ગોદાવરીને દક્ષિણ ગંગાને નામે ઓળખે છે. દક્ષિણ ભારતની શરૂઆત ગોદાવરીથી છે. હૈદરાબાદથી મ્હેસુર જતાં કૃષ્ણા નદી ઓળંગવી પડે છે. ઉત્તર ભારતનાં સામ્રાજ્યો દક્ષિણનું સામ્રાજ્ય લેતાં થાકી જતાં. તેથી તો આસમુદ્રક્ષિતીશ—છેક સમુદ્ર સુધી જેની સત્તા પહોંચતી તેને જ ભારતવાસીઓ ચક્રવર્તી કહેતા. દક્ષિણનું રાજ્ય લેવા જતાં મુગલાઇનું જોર પણ ઓછું થયું હતું.

અત્યાર સુધી મ્હેસુર ઊતરેલા મુસાફરોમાં સૌથી ઓછે ખરચે મેં જ એ શહેર જોયું હશે. અજાણ્યા શહેરમાં એકાદ મારવાડી ગૃહસ્થની ઓળખાણ હોય તો ઘણો બચાવ થઇ શકે. મારો બિસ્તરો પરચુરણ ધીરધાર કરનાર એક મારવાડીની દુકાને રાખી એમણે ભાડું ઠરાવી આપેલા એક ઝટકામાં (ટાંગામાં) શહેરના મુખ્ય રસ્તાઓ જોઇ વળ્યો.

ખરે બપોરે શહેર બહાર આવેલી ચામુંડી હિલ્સ જઇ આવવાનું ઠરાવ્યું કે જેથી સાંજે વૃંદાવન ગાર્ડન્સ જોઈ એક જ દિવસમાં બધું આટોપી લેવાય. આ ટેકરી ઉપર મ્હેસુરના રાજકુટુંબની કુળદેવીનું મંદિર છે.

દરિયાની સપાટીથી આ શહેર ત્રણું ઊંચું છે એટલે ખરે બપોરે સીધો ચઢાવ હતો તોય કશો થાક લાગ્યો



ગોલકોંડાનો કિલ્લો



એક અખંડ પત્થરમાંથી કોતરેલો મ્હૈસુરની ચામુંડી ટેકરી પરનો પત્થરનો નંદી. પાસે ઊભેલા માણસના માપ ઉપરથી તેના કદનો ખ્યાલ આવશે.

નહિ. ટેકરીને એક એક પગથીએ પૃથ્વીનું વાતાવરણ છોડી કોઇ અદૃશ્યમાં જતા હોઇએ એવું લાગે છે. નજર સામે ઊંડાણ અને અસીમ વિસ્તાર પડ્યાં છે. સમુદ્રનું ઊંડાણ આંખો માપી શકતી નથી એટલે એ ભયાનક દેખાતો નથી; પણ ચોમેર ફરતા આકાશમાં તરતાં વાદળાંના મહાસાગરનો વિસ્તાર અને એની વચ્ચેનું અંતરાળ ભવ્ય અને ભયાનક—awe inspiring—લાગે છે અને આહ્લાદક વાતાવરણમાં યે પ્રકૃતિના કરાળ રૂપનું દર્શન કરાવે છે. પરંતુ થોડે ઊંચે જતાં એ જ દૃશ્યની ભયાનકતા જતી રહી ભવ્યતા જ માત્ર રહે છે.

બપોરનો વખત હોવાથી ચામુંડીનું મંદિર તો બંધ હતું એટલે ટેકરી ચઢતાં એક જ પત્થરમાંથી કોતરેલા મોટા નંદીના દર્શનથી જ સંતોષ માનવો પડ્યો.

કાશ્મીરમાં મુઘલ સમ્રાટોએ કરાવેલા બગીચાઓની જેમ મ્હૈસુરમાં વૃંદાવનના ઉપવન–ઝરૂખાઓ બાંધ્યા છે એવું કહે છે. ઉત્સવો અને રજાના દિવસોમાં ઊડતા પાણીના ફુવારાઓમાં વીજળીની રંગયોજના કરેલી છે. રંગીન પાણીની ઊંચે ઊડતી ધારાઓ આકાશમાં રંગબેરંગી ફૂલો વેરતી હવાઇ જેવી રમણીય લાગે છે.

વૃંદાવનમાં તુલસીનાં વન તો હશે જ એમ મેં માની લીધેલું. આવી સુંદર રચનાવાળા ઉપવનને વૃંદાવન નામ આપ્યું છે ને થોડી ક્યારીઓ તુલસીની રાખી નથી એ અજાયબ થવા જેવું છે. વૃંદાવનને કૃત્રિમ બનાવવાના દરેક પ્રયત્ન થયા છે. ફુવારામાં રબરનાં બતક અને મગર ગોઠવી દીધાં છે, અને લીલી ભેજવાળી હરિયાળીમાં દેડકાં મૂકવાનું પણ ભૂલ્યા નથી. રાત્રે કદાચ એ દેડકાં નજર બહાર રહી જાય એટલે એમના પેટમાં વિજળીના દીવા પણ મૂકયા છે! સરજનહારે પણ દેડકાંના પેટમાં દીવા ગોઠવી દીધા હોત તો ચોમાસામાં પગ નીચે દેડકાં છૂંદાઈ જવાની જે બીક રહે છે તે દૂર થાત !

વૃંદાવનથી પાછા ફરતાં બૅંગલોરથી આવેલા વિદ્યાર્થીઓની ટોળીનો ભેટો થયો. વિદ્યાર્થીમાંના એકએ તથા એક શિક્ષક સાથે દોસ્તી કરી રાતવાસો એમની સાથે એક શાળામાં પડી રહેવાનું નક્કી કર્યું. પેલી ગંદી દુકાનમાં રાત્રે કેવી રીતે સૂઇ રહેવાશે એ વિચાર આખો દિવસ મૂંઝવતો હતો તે મુશ્કેલી આ મેળાપથી દૂર થઇ. એની ખુશાલીમાં મારા નવા મિત્રોને મેં કૉફી પાઇ.

અંગ્રેજોએ આપણાં શહેરોનાં નામ પણ કેવાં બગાડી મૂક્યાં છે? મથુરાનું મુત્રા, ખંભાતનું કૅમ્બે, બેંગળૂર (શીતનગર)નું બૅંગલોર, અને ભારતની સાત મોક્ષદાયી નદીઓમાંની એક કાવેરીને તીરે આવેલા આ શ્રીરંગપટ્ટમ્‌નું એમણે સેરીંગપટ્ટમ કર્યું છે. આજે સોમવતી અમાસ છે અને શ્રાદ્ધ પક્ષનો છેલ્લો દિવસ હોવાથી દૂરદૂરના લોકો કાવેરીમાં સ્નાન કરવા આવેલાં છે. પિતૃતર્પણ કરવા આવેલા લોકોની ઘાટ ઉપર ઠઠ જામી છે. તીર્થસ્થાને અનાયાસે આવી ચઢ્યો એટલે પિતૃતર્પણ કર્યા વિના તો કેમ જવાય? બાજુમાં કોઇ ગૃહસ્થને એક ગોર અંજલિ અપાવતો હતો. એને અંગ્રેજી કે હિન્દી આવડે નહિ. પેલા ગૃહસ્થ એ પ્રદેશના રહેવાસી હતા. એમણે અમને શરૂઆત કરાવી આપી. પછી તો અમારા સંસ્કૃતના જ્ઞાનનો ઉપયોગ કરી તર્પણ પૂરૂં કર્યું.

પછી શ્રીરંગનાથનાં દર્શન કરવા ગયો. ગૌતમના

શ્રીરંગપટ્ટમ્

આજે અહીં પશ્ચિમવાહિની તટે—
કાવેરીનાં ઉછળતાં જલ અંજલિમાં
લૈ તર્પતાં નયનમાં જલ ઉભરાયે—
પિતૃ સ્મરૂં, સ્મરૂં પુરાતન ઇતિહાસ,
જ્યાં ગૌતમે રિઝવિયા પ્રભુ રંગનાથ.
આનંદમાં મગ્ન અનંતશાયિની
જ્યાં મૂર્તિ છે સાગરપુત્રી સખ્યમાં,
વિનાશની ઘૂઘવતી અશાંતિમાં
એ ચિન્તવે શું નવસૃષ્ટિસર્જન!

હરિશ્ચંદ્ર ભ. ભટ્ટ

તપથી પ્રસન્ન થઇ સૃષ્ટિની રંગભૂમિના સંચાલક, રંગનાથ સ્વરૂપે વિષ્ણુએ એને દર્શન આપ્યાં અને કાવેરીના સખ્યમાં અહીં રહેવા કબૂલ થયા એવી એને વિષે કથા છે. મંદિરમાં શેષશાયી વિષ્ણુની પ્રસન્નવદના મહાકાય મૂર્તિ છે. ગર્ભદ્વારમાંથી અંદર જોતાં એ આખી યે મૂર્તિ તરત દેખાતી નથી. મૂર્તિ ઉપરથી ફરીફરીને અનંતની છાયા નીચે હાથ ટેકવી સૂતેલા મગ્નસ્વરૂપ તરફ દૃષ્ટિ આવીને અટકે છે, એટલે પગ તરફનાં કાવેરી અને ગૌતમ ભૂલાઇ જાય છે. એક જુવાન પૂજારી ઘેરા રાગે ગાતાંગાતાં પૂજાની તૈયારી કરતો હતો.


કાવેરીના બાહુઓથી વીંટાએલું આ શહેર એક નાના ટાપુ ઉપર આવ્યું છે. હૈદર અને ટીપુની રાજધાની તરીકે આપણે એને ઓળખીએ છીએ. એક વખતે વિજયનગરના સામ્રાજ્યના એ પ્રદેશનું વહીવટી મથક હતું. હૈદરઅલી મ્હૈસુરના રાજાઓના લશ્કરમાં હતો. શ્રીરંગપટ્ટમ ઉપર ચઢાઇ કરી મરાઠાઓ વારેવારે ખંડણી લઈ જતા તે અટકાવવા મ્હૈસુરના રાજાએ એને સર્વાધિકારી બનાવ્યો. એણે મરાઠાઓને હાંકી કાઢ્યા, પણ એટલો પ્રદેશ પચાવી પાડ્યો. બ્રિટન અને ફ્રાન્સની સાર્વભૌમ સત્તા મેળવવાની હરીફાઇમાં આ બાપ દીકરાએ ફ્રેંચોની તરફદારી કરેલી એટલે બ્રિટન એમનો પરાભવ કરવા આતુર હતું. છેવટે ૧૭૯૯માં ટીપુનો પરાજય થયો.

શહેરથી થોડે દૂર 'દરિયા દૌલત'—ટીપુનું વસંત-ભવન આવેલું છે. એના થાંભલા, દીવાલ અને છત ઝીણીઝીણી ફુલબુટ્ટીનાં સુશોભનોથી ભરી દીધાં છે. એની એક દીવાલ ઉપર હૈદરે અંગ્રેજો ઉપર પોલિલુરના યુદ્ધમાં મેળવેલા વિજયનાં ચિત્રો છે: પોથીઓમાંનાં ચિત્રો જેવી પરંતુ સ્પષ્ટ આકર્ષક શોભન શૈલી (decorative style)માં આ ચિત્રો છે.

બીજી દિશા તરફ થોડે દૂર ગુંબઝ નામે ઓળખાતી, હૈદર, એની પત્ની અને ટીપુની આરામગાહ છે. ટીપુના એક સૈનિકના દગાથી અંગ્રેજો શ્રીરંગપટ્ટમ્ લઇ શક્યા એવું કહેવાય છે. ટીપુને એનાં માતાપિતાની કબર વચ્ચે સુવાડેલો છે. લડતાં લડતાં એ મરાયો એના સ્મરણમાં મકબરાની તકતી પર ફારસીમાં લખેલું છે:

ટીપુ સુલતાન શહીદ અકબર શુદ
હમસરે પયગંબર, જન્નત દાખલ શુદ

ટ્રેનમાં મળેલા એક ઉર્દુ શિક્ષકે કહેલી આ લીટીઓ



શ્રીરંગપટ્ટમમાં ટીપુ સુલતાન અને તેનાં માતાપિતાની આરામગાહ

સંભવ છે કે અક્ષરશઃ ખરી ન હોય, પરંતુ આવા અર્થનું લખાણ છે.

મકબરાની સફેદ પત્થરની દીવાલોને ફરતા ઓટલાના થાંભલા કાળા આરસના છે. સીસમના બારણામાં હાથીદાંતનું નકસીકામ છે. ઉપરનો ગુંબજ ઇંટનો છે. સરૂની કેડીમાંથી જોતાં આ આરામગાહ કોઇ દૂરના પ્રદેશમાં જવાના રસ્તા પરની સરાઇ જેવી લાગે છે.

મ્હૈસુર આવીને તરત બેંગલોરની ટ્રેન પકડી. ભૂખ પણ લાગી હતી. વચ્ચેના એક સ્ટેશન ઉપર ખાધેલી ઈડલીનો સ્વાદ હજુ ભૂલાયો નથી. **હરિશ્ચંદ્ર ભ. ભટ્ટ**

નવાં પુસ્તકો

હિંદી કળાની એક નવી સંહિતા

Indian Sculpture & Painting : લેખક કાર્લ ખંડાલાવાલા (૨૫ રંગીન ને ૧૦૦ હાફટોન ચિત્રો સહિત) કિં. રૂા. ૨૮, પ્રકાશક: ડી. બી. તારાપોરવાલા સન્સ ઍન્ડ કં. ૨૧૦ હૉર્નબી રોડ મુંબાઈ.

હિંદી શિલ્પ અને ચિત્રકળાની સમૃદ્ધિ અથાગ અને વિપુલ છે છતાં તેના પરનાં વિવરણો કે પરિચય આપનારા ગ્રંથો હિંદી જનતા માટે અતિશય મોંઘા અને અપ્રાપ્ય થઇ પડ્યાં છે એટલે હિંદી શિક્ષિત યુવાનને હિંદી કળા વિષે જન્મભર અજ્ઞાત અને અજાણ્યા થઇ રહેવું પડે એ સ્વાભાવિક છે. યુરોપની કળા ઉપર એટલાં બધાં સસ્તાં પુસ્તકો, દર્શિકાઓ, પરિચય પુસ્તિકાઓ અને ચિત્રમય સાહિત્ય ઉપલબ્ધ થયું છે કે સાધારણ જનતા પણ યુરોપનાં ચિત્રો જ જાણે જગતની કળાનાં પ્રતિનિધિ હોય એવું માનતી બની જાય છે. પરદેશી સંસ્કૃતિના આવા ભરભરાટ આક્રમણથી હિંદી સંસ્કૃતિની પરંપરા અને ઇતિહાસ વિસ્મૃતિ અને અવગણનાના અંધારામાં દટાએલો જ પડ્યો હતો. જગતને ચકિત કરી નાખે અને કલારસિકોને ઉત્તમ અભિરુચિ તથા આત્મપ્રેરણા આપે એવાં શિલ્પરત્નો, પ્રતિમાઓ અને ચિત્રોનો વિશાળ સમુદાય કાળની ગુફામાં, રાજમહેલોમાં કે ધર્માલયોમાં ભંડારાએલો પડ્યો હતો તેને પરખી-પિછાની તેની પુનઃ પ્રતિષ્ઠા અને સત્કાર કરી વિશેષ વિવેચનોથી જગતનાં પૂજ્ય સ્થાને લાવવાનું માન ડૉ. આનંદ કુમારસ્વામી, પ્રિન્સિપાલ હેવલ, સિસ્ટર નિવેદિતા વગેરેને છે. એ મહાન પુરોગામીઓએ સર્જેલા સાહિત્યે અનેક તરુણોના માનસ પર નવા રોશની ફેંકી અને ભારતીય કળાનું પણ અચૂક સ્થાન છે એવી પ્રતીતિ ઉત્પન્ન કરી.

હિંદી કળાનો ઇતિહાસ હવે તો ૫૦૦૦ વર્ષ પૂર્વેની સિંધવી સંસ્કૃતિ સુધી પાટીબંધ દેખાવા લાગ્યો છે. કાળની આ લાંબી સડક પર કળા જે મંગળ પગલીઓ પાડતી આવી છે તેની નોંધ અને તવારીખ વિદ્વાનો અને કળાકારો માટે એક અપૂર્વ રસપ્રદ વિષય બન્યો છે. એનું દર્શન, એની ચર્ચા, એની મીમાંસા અને એનો સમાગમ જીવનને પ્રફુલ્લ અને ઊર્ધ્વગામી બનાવતાં જણાય છે. જગત ભરની શિષ્ટ પંક્તિની કળાકૃતિઓમાં હિંદનો કલાભંડાર અને રુચિપૂર્ણ સર્જના, અગમ્ય અગોચર ને મૂક મૂર્તિ કે ચિત્રમાં ઉદ્‌ગારમય ભાવનાઓ રજૂ કરવાનું સામર્થ્ય ધરાવતાં જણાયાં છે. પણ દુર્ભાગ્યે આપણા યુનિવર્સિટીનિર્મિત શિક્ષિતો અને શિક્ષકોઓ તેને અસ્પૃશ્ય ગણી અભ્યાસક્રમમાં કે પઠનમાં તેનું નામોનિશાન પણ રાખ્યું નથી. એ બધાની આંધી દૂર કરવા શ્રી કાર્લ ખંડાલાવાળાએ અત્યાર સુધી બહાર પડેલા કલાગ્રંથોમાં સૌથી સસ્તું પણ વિશાળભૂમિ પ્રકાશનું એક પુસ્તક પ્રજા સામે મૂકી દીધું છે તેનો ઉપયોગ અને પ્રચાર કરવાનું કાર્ય કૉલેજો, હાઇસ્કૂલો અને પુસ્તકાલયોનું છે. જેમને ટૂંકામાં ટૂંકી રીતે હિંદી કળાનો સાદ્યંત ઇતિહાસ અને દર્શન પામવાં હોય તેમણે આ પુસ્તક જોવું જ પડશે.

હિંદી કળા પરનાં બીજાં અનેક પ્રકાશનો કરતાં આ ગ્રંથ એક વિશેષતા ધરાવે છે તે એ છે કે તેમાં આધુનિક કલાકારો તરફ પણ અંગુલિનિર્દેશ થયો છે. દેશની કળાના જીવંત પ્રવાહોનું યોગ્ય નિદાન આપવું તો કઠિન છે, કારણ કે વિવેચક પોતે એ જ યુગમાં જીવન ગુજારતો હોવાથી પોતે પણ કેટલાક અનુકૂળ પ્રતિકૂળ વિચારોથી ઘેરાએલો રહે છે. શ્રી કાર્લને પણ એવી કસોટીમાં ઊતરવું પડ્યું છે અને તે માટે ઘણા મતોનો વિરોધ ખમવો પડે એવી સ્થિતિમાં મુકાયા દેખાય છે; છતાં તેમણે તેમાં એક ચોક્કસ ધોરણ એ રાખ્યું છે કે જે જે કળાપ્રકારોએ સીધી રીતે પણ હિંદી કળાપ્રણાલી પકડી રાખવાની ચેષ્ટા કરી છે તેની જ નોંધ તેમણે લીધી છે. એમની ભાષા વિશદ અને મનોહર છે. કળાની વિચિત્રતા કે ભાવોની જટિલતાથી એ મૂંઝાતા નથી. તેમનું કથન કોઇ ભક્તની વાણી જેવું રુચિર, આનંદપ્રદ અને સ્રોતબંધ છે પ્રત્યેક ચિત્ર ઉપર સ્વતંત્ર નોંધ લખીને એમણે આ પુસ્તકમાં મહત્ત્વની એક નવીન પૂરણી કરી બતાવી છે. **ર. મ. રા.**

જળજંગલની જીવસૃષ્ટિનો અભ્યાસ અને પરિચય કરાવતી લેખમાળા

વનવગડાનાં વાસી


થોડાં રૂપજીવી—૩

બટેર

બહુરૂપ પીછાંવાળાં પંખી અન્ય પ્રાણીઓની નજરથી સહેજે અગોચર થઇ શકે છે, એનો એક વધુ દૃષ્ટાન્ત છે બટેર.

બટેર એટલે Sand-grouse. ઉત્તર ભારતમાં એ ભાત તીતર નામે ઓળખાય છે. સૅન્ડગ્રાઉઝને હું 'બટેર' નામ આપું છું તે, મેં આપણા પ્રાન્તના અનેક અનુભવી શિકારીઓ પાસેથી સાંભળ્યું છે તેને આધારે. વાસ્તવિક રીતે આ નામ ભ્રમોત્પાદક છે, કારણ ગુજરાતમાં લૌવા (Quail) ની કોઇ કોઈ જાત (દા. ત. Black Breasted Quail) ને પણ 'બટેર' કહેવાનો રિવાજ છે. સંસ્કૃત સાહિત્યમાં गौरतित्तिरि નામથી જે પંખીનો ઉલ્લેખ છે તે કોઈ જાતનું 'બટેર'—સૅન્ડગ્રાઉઝ જ હોવું જોઇએ એમ હું માનું છું, કારણ તેતર 'ગોરાં' તો જાણવામાં આવ્યાં નથી.

બટેર છે તેતરનું સગોત્રી. એની ચાંચ તેતરના જેવી નરમ, ને પાતળી: જમીન પરથી ઝીણા કણ વીણી ખાવા પૂરતી સબળ. એના પગ તેતર પેઠે દઢ અને કઠોર: જમીન પર જ અહોરાત્ર નિવાસ કરવાનો હોવાથી દોડવા માટે ખૂબ અનુકૂળ. પગની આવી શક્તિને લીધે જ આ વર્ગનાં પંખી પરસ્પર લડવામાં ચાંચ કે પાંખોને બદલે પગનો જ ઉપયોગ કરે છે, એ વાત તેતર અને લાવરીની લડાઇ જોનારને સહેજે સમજાશે. રંગે પણ તેતરના જેવું ચમકતા વરણના ચટાપટા કે ટાપટીપ વિનાનું, કેવળ ધૂળીઆ અથવા ફિક્કા પીળા રંગમાં આછા પાતળા કાળા પટાપટીઓવાળું. હમેશાં જમીન ઉપર દડમાં અને ઘાસ તરણાંની ઓથે ભરાઇ રહી એને જીવ બચાવવાનો હોવાથી, ઉઘાડમાં ય વિનાયાસે અદૃશ્ય થવાના સાધનરૂપ જમીનના રંગ સાથે ભળી જાય એવા રંગના મિશ્રણવાળાં આવાં પીંછાં એને મળ્યાં છે. સંતાનોત્પત્તિની રીત પણ તેતર જેવી: જમીન પર છીછરો ખાડો કરી, ખુલ્લી ભોંય પર જ ઈંડાં મૂકે છે. આટલાં લક્ષણ એ બંનેનાં સરખાં.



આપણું વ્યાપક બટેર- 'गौरतित्तिरि' કૉમન સૅન્ડગ્રાઉઝ

વિરોધ જોતાં, પ્રથમ તો, તેતરમાં નર અને માદા સમાન રંગરૂપવાળાં હોય છે. ફરક હોય તો માત્ર પગ પૂરતો જ. નરના પગે પાછળ લાંબો કાંટો હોય છે, જે માદાના પગે નથી હોતો. જ્યારે બટેરમાં નર–માદા ઉભય ભિન્નભિન્ન રૂપવાળાં હોવાથી આઘેથી પણ સહેજે પરખાઇ જાય છે. બીજું, તેતરમાં (એના વર્ગનાં અન્ય પંખી—લાવરી, કૂકડા, મોર—પેઠે) બહુપત્નીત્વ નિરપવાદપણે જોવામાં આવે છે, ત્યારે બટેર એની કુલરીતિથી ઊલટું ચાલીને એકપત્નીવ્રત પાળે છે. વળી તેતર અને બટેરની પાંખોની રચના સરખી હોવા છતાં તેતર (અને લાવરી) ઝાઝું ઊડી શકતાં નથી. એમની ઊડવાની ઝડપ ગમે તેટલી હોય છતાં એમને થોડું ઊડીને વાડ કે જમીન પર બેસી જવું પડે છે. એથી ઊલટું, બટેર એકધારી ઝડપથી, વણ થાક્યે, વિસામો ખાધા સિવાય લાંબો વખત ઊડી શકે છે. આટલો તો સામાન્ય તફાવત. પણ તેતર અને બટેર વચ્ચેનો પ્રધાન ભેદ તો છે બંનેની આકૃતિમાં, દેખાવમાં. તેતર લાગે છે નાળીયેરા જેવું: છોડાં કાઢી લીધેલા નાળીએરને ઉપર માથું અને હેઠળ પગ લગાડી દો એટલે તેતર તૈયાર. નથી એને ગરદનનું નામનિશાન કે નથી પાછળ પૂછડીનું ઠેકાણું. જ્યારે બટેર તો સાંગોપાંગ સંપૂર્ણ પંખી, હૂબહૂ કબૂતર જેવું જ લાગે છે. માથું અને ગરદન કબૂતર જેવાં. શરીર પણ કબૂતર જેવું ચપટું (તેતર પેઠે ગોળમટોળ દડા જેવું નહિ).

પાછળ પૂછડી પણ સ્પષ્ટ દેખાય એવી, કબૂતર પેઠે છેડેથી ચપટી. કોઇકોઇ બટેરને તો વળી આ ચપટી પૂછડીમાંથી આગળ વધેલાં, લોખંડના તાર જેવાં, (નાના નીલકંઠ પેઠે) બે લાંબાં પીછાં પણ હોય છે. જમીન ઉપર ફરતું, પીળાશ પડતા વર્ણવાળું 'કબૂતર' કહીં દેખાય તો એને બટેર જ જાણશો; કારણ ધૂળીઆ રંગનાં કબૂતર થતાં નથી.

તેતર અને બટેર ઉભય પંખી કણભક્ષ છે.

બટેરની આઠેક જાતો ભારતવર્ષમાં થાય છે. એમાંની આપણે ત્યાં અત્યંત વ્યાપક અને સ્થાયી રહેનારી જાત તે

(૧)

'ગોરાં તેતર'

Common Sandgrouse.[૧] કદમાં હોલા જેવડું. આશરે એકાદ ફૂટ લાંબું, એમાં છ આંગળની તો એકલી પૂછડી. ચાંચ આછા સલેટીઆ કે શીશાના જેવા મેલા કાળા રંગની. આંખો: ઘેરી બદામી. પગ: આંખોના રંગે. નર માદા ઉભય ભિન્ન વર્ણનાં.

નરનો સમગ્ર વર્ગ એકધારો કપિલ રાતા રંગના મિશ્રણવાળો ચળકતો પીત: રણની રેતીના વર્ણ જેવો. પૂછડી અને પાંખોમાંનાં મોટાં પીંછાં બદામી રંગનાં. છાતી ઉપર શ્યામ લાંછન: એની ઉપલી ધાર શ્વેત. પેટ હેઠળનો ભાગ ઘેરો તપકીરીઓ.[૨] પૂછડીનાં વચલાં બે પીછાં, શીશોળીઆ જેવાં, પાતળાં લાંબાં.[૩]

માદા પણ કપિલવર્ણની. એ રંગમાં આખા શરીરે છીંકણી રંગની પાતળી રેખાઓ. છાતી પરનો પટો અને પેટ છીંકણી રંગે. પૂછડી વચ્ચેનાં બે પીંછાં વધેલાં ખરાં, પણ નરના જેટલાં લાંબાં નહિ.

સમગ્ર ગુજરાતમાં આ બટેરનો વસવાટ છે, પણ એનું મનમાનતું નિવાસસ્થાન તો અવેડ તેમજ ખેડેલાં ખેતર, સૂકી સરાણ કે આછાં ઝાડપાનવાળાં, ખારવાળાં અને રેતાળ સપાટ મેદાન જ. એથી જ એ ભેજવાળા કે ગીચ ઝાડી અને જંગલોવાળા તથા પહાડી પ્રદેશોનો સદંતર ત્યાગ કરે છે. અમદાવાદની આસપાસ રહુ અને નાયકા ભણી એ મારા જોવામાં આવ્યાં છે, પણ છૂટાંછવાયાં. જ્યારે ડીસા અને ખારાઘોડા પાસે રણમાં તો એનાં સેંકડો ટોળાં નજરે પડે છે.

આ જાતનાં બટેર રહે છે હંમેશાં જમીન પર. એમનું ખાવાનું શોધવાનું પણ જમીન પરથી જ. સૂવાનું પણ જમીન પર અને ઈંડાં મૂકે તે પણ જમીન પર. ઝાડ છોડ કે વાડ પર બેસતું એ મારા જોવામાં આવ્યું નથી. દિવસે તો નરમાદા જોડલે ફરતાં દેખાય છે, પણ રાત પડે એટલે એ સો બસોના ટોળે વળી બેસે છે. આવાં ટોળાંની એક વિચિત્ર ખાસીઅત છે એમની પાણી પીવાની રીત. સૂર્યોદય પછી બેએક કલાકે આ ટોળાં તળાવ કે એવા કોઇ નવાણ ઉપર દરરોજ વગર ચૂક્યે પાણી પીવા જાય છે. એ તાકડો સાધીને પગના ભાગ્યા શિકારીઓ તળાવની પાળે છૂપાઇ રહી એમનો ઘાણ કાઢી નાખે છે.

ઊભું વરસ એ ઈંડાં મૂકે છે: એકી સાથે ત્રણ: ભૂખરા કે લીલાશ પડતા ધોળા રંગનાં: પીળાશ પડતા ડાઘા કે છાંટવાળાં.

આ બટેર પેઠે ગુજરાતમાં સ્થાયી વસનારૂં પણ ઓછી વ્યાપકતાવાળું અન્ય બટેર તે

(૨)

બટાબટ

બટાબટ એટલે Painted Sandgrouse.[૪] એ છે ખૂબ જ રૂપાળું પંખી. કદમાં પેલાથી નાનું, આશરે દસ આંગળ લાંબી કાયાનું. એની ચાંચ ઘેરા નારંગી રંગે. આંખો બદામી. પગ મેલા પીળા કે છીંકણી રંગના.

નરનો શરીરવર્ણ ચળકતો કપિલ. ગાલ, ગરદન, ખભા સ્વચ્છ, ડાઘ વિનાના, પણ પીઠ અને પૂછડી પર ઘેરા બદામી રંગના ચટાપટા. બંને આંખો જોડી દેતી, કપાળ પર પથરાએલી ચાર રેખાઓ—ઉપરની કાળી, એની હેઠળ ધોળી, વળી કાળી, વળી ધોળી: એ પ્રમાણે ચડઊતર. ગરદન અને માથા પાછળ કાળી છાંટ. પાંખોમાં ઘેરા કાળા રંગની રેખાઓ અને સફેદ ટપકાં. છાતી અને પેટ વચ્ચે આડો લાલ છીંકણી અને

૧ Pteroces Exustus ગુજરાતીમાં એમના વિશિષ્ટ નામને અભાવે, મેં એમને સંસ્કૃતના અનુકરણમાં 'ગોરાં તેતર' કહેવાની છૂટ લીધી છે.

૨ એથી જ એનું નામ Exustus દાઝેલા કે બળેલા રંગવાળું.

૩ એને લીધે એ Pin-tail સૅન્ડગ્રાઉઝ પણ કહેવાય છે.

૪ P. Fasciatus

કાળા રંગનો તેવડો પટો. છાતી દૂધીઆ રંગે. પેટ ઘેરા બદામી રંગનું.

માદાનો રંગ નરથી જુદો પડે છે. પ્રથમ તો કપાળ પરના કાળા ધોળા પટાનો અભાવ. છાતી ઉપર પણ એ જ પ્રમાણેઃ પટો ન મળે. એ ઉપરાંત પાંખોમાં પણ કાળી રેખાઓ નથી હોતી. પીઠ, ગળાની બંને બાજુઓ, છાતી, પાંખો તથા પૂછડીના કપિલ વર્ણમાં લાલ રંગની છાયાઃ અંદર ઝીણી કાળી રેખાઓ. દાઢી, ગળું, કાન છાંટ વિનાનાં શુદ્ધ કપિલવરણાં. પેટ અનેપેડુનો ભાગ દૂધીઆ રંગેઃ એમાં કાળી રેખાઓ.

આ બટેરની પૂછડીમાં લાંબાં પીછાં નથી હોતાં.

આ જાતનાં બટેરને ખેતરના ખોટ કરતાં, ખૂબ રેતાળ પ્રદેશમાં જ રહેવાનું ગમતું હોવાથી એમની વસતિ ડીસા, ખારાઘોડા, પંચાસર, સંખેસર વગેરે તરફ ઘણી છે. એથી જ એ અમદાવાદની આસપાસ મારા જોવામાં નથી આવ્યાં. એનો પ્રથમ પરિચય મને થયો વણોદ આગળ. પાંચેક વરસ ઉપર હું એક મિત્રની સાથે મોટરમાં વણોદનું પ્રાચીન જિનમંદિર જોવા જતો હતો. વીરમગામથી માંડળ થઇને વણોદ જવાય છે. ત્યાં માંડળથી આગળ જતાં વચ્ચે એક વિશાળ મેદાન આવે છે. એમાં અમે આ બટેર જોયાં. મેદાનમા સ્થળે સ્થળે ઊસનો ખાર બાઝી ગયો હતો. તેમાંથી બળાત્કારે જીવવા મથતાં ઘાસનાં છૂટાંછવાયાં તરણાં વચ્ચે કેટલાંયે બટેર ફરતાં હતાં પણ મોટરનો અવાજ સાંભળતાં જ એ સ્થિર થઇ લપાઇ બેઠેલાં, એટલે છેટેથી તો અમને દેખાય જ શાનાં? પણ અમારી મોટર મેદાનમાં આગળ જાય એમ એનાં પૈડાં વચ્ચેથી એ ઊડતાં જાય. ઊડીને થોડે છેટે જઇને બેસે. અમે મોટર ઊભી રાખી દૂરબીનથી જોઇએ, પણ એમનાં બહુરૂપ શરીર તરણાં અને ખારના રંગમાં એવાં ભળી જાય કે ધારી ધારીને જોવા છતાં પણ, આ તે જમીન કે બટેર, એ પરખાય જ નહિ. બીવરાવવા બંદુકનો ભડાકો કરીએ તોપણ હાલે જ નહિ. આખરે મોટર ચલાવીએ ત્યારે કચરાતાં બચવા માટે ઊડે. આવો જ અનુભવ મને, અમદાવાદથી પચીસેક માઇલ છેટે રતુથી વારસીંગ પગપાળા જતાં ખેડેલાં ખેતરમાં 'ગોરાં તેતર'ના સંબંધમાં થયો હતો. આ બટેરના રંગ પણ એટલો જ ભૂલાવો ખવડાવનારા નીવડે છે.

બટાબટ ઊભું વરસ ઇંડાં મૂકે છે, પરંતુ મોટા ભાગે એનાં ઈંડાં એપ્રિલ માસમાં મળી આવે છે. જમીન પર જ ખાડા જેવું કરીને એ આછા કોમળ ગુલાબી રંગ પર ઘેરા રતુમડા રંગની છાંટ કે ટપકાં-વાળાં ત્રણ ઇંડાં એકાદ ઘાસના ભોથાની ઓથે કે ઝાંખરાના મૂળમાં મૂકી દે છે.

આ બે આપણાં અસલ ગુજરાતી. હવે થોડાં પરદેશી પણ યાયાવર બટેરનો પરિચય કરી લઇએ. એમાં મોખરે આવે

(૩)

Black-Bellied Sandgrouse. કદમાં બધાં યે બટેરથી ચડી જાય એવું મોટું (સવા ફૂટનું) હોવાથી એને 'ઇમ્પીરીઅલ' બટેર પણ કહે છે. અન્ય બટેર પેઠે નરમાદા ભિન્ન રૂપવાળાં. એની પૂછડી લાંબાં પીછાં વિનાની છેડેથી ગોળ. પાણી પીવાની આદત પણ બીજાં બટેર જેવી નિયત સમયવાળી.

ચમન પાસેનો પ્રદેશ એનું કાયમી નિવાસસ્થાન. ત્યાંથી દર શીઆળે એનાં ટોળે ટોળાં ડીસા ભણી ઊતરી આવે છે.

(૪)

અન્ય યાયાવર બટેર તે Large Sandgrouse. કદમાં 'ઇમ્પીરીઅલ' બટેરથી સહેજ નાનાં. શીઆળામાં ડીસા ભણી દેખાય છે, પણ ખૂબ ઓછાં. એને પૂછડીમાં લાંબાં પીછાં હોય છે.

(૫)

છેલ્લું આવે Spotted Pintail Sandgrouse. સિંધ એનું નિવાસસ્થાન છે. પણ શીઆળામા ડીસા, ખારાઘોડા અને ઠેઠ અમદાવાદ સુધી જોવામાં આવે છે.

ઉપરનાં ત્રણનો મને પ્રત્યક્ષ પરિચય નથી.

ધનેશ્વર

મેંદીનાં પાન

બીજાને બોલવાનું લક્ષપૂર્વક સાંભળવું, તેનો ઉદ્દેશ સમજી વિચારવું, અને પછી સ્થિરતા પૂર્વક શાંતપણે તેને ઉત્તર આપવો એ જ ખરૂં શાણપણ.

શરીરનો ઘાત કરનારા કરતાં મનનો ઘાત કરનારાથી વધુ ચેતીને ચાલ.

નવી નજરે

સમાજહિતની કોઇ અદષ્ટ ભાવનાથી, જનસ્વભાવની અજબ સમજથી કે મજાક મશ્કરીની વિચક્ષણ રીતથી જગતના જીવનમાં અજમાવાતા અવનવા અખતરાના કિસ્સાઓ;—જેની પાછળનું માનવ તત્ત્વ આપણને આકર્ષી વિચારબળને તાઝગી આપશે એવી યોજનાથી અપાતી તેની લેખમાળા

બંધબેસતું ગપ્પું શોધી કાઢવું એ પણ કાંઇ જેવીતેવી વાત નથી. જેમકે દુનિયા જેવડા તળેલાની વાત કરનારને ખોટો પાડવા આકાશે પહોંચે એવો ભાલો જ સામે ધરવો જોઇએ. આવાં ઘણાં ગપ્પાં આપણી લોકકથાઓમાં વણાએલાં જોઇએ છીએ.

પણ બેન્જામિન ફ્રૅન્કલિન જેવા પ્રખર વિજ્ઞાનીને ગપ્પાંની શોધ પાછળ ભેજું લગાડવું પડે ત્યારે આપણને જરૂર આશ્ચર્ય થાય. વાત એમ બની કે ઇંગ્લંડના ઘણા શોખીનો થોડાં અઠવાડિયાં માટે અમેરિકા આવી ગયા પછી પાછા સ્વદેશ પહોંચતા ત્યારે અમેરિકા વિષે ફાવે તેવો મત આપતા. અને બહુ વજનદાર અભિપ્રાયો તરીકે એ બધું ઇંગ્લંડનાં વર્તમાનપત્રોમાં આવતું. અને એમાં ઘણી વખત અમેરિકન પ્રજા અને દેશ સંબંધે કેટલીક ગેરસમજુતી ઊભી થતી. બેન્જામિન ફ્રૅન્કલિનને પોતાના દેશની આ મશ્કરી ન ગમે એ દેખીતું છે. તેથી તેણે થોડાં બંધ બેસતાં ગપ્પાં શોધી લંડન ટાઇમ્સ પર મોકલી આપ્યાં. અને પછી એવાં ગપ્પાંનો પવન ચાલ્યો. ઇંગ્લંડની પ્રજા સમજી ગઇ કે આ બધાં ગપ્પાં છે જ. એટલે એ પછી અમેરિકા વિષે કાંઇ પણ વાત વર્તમાનપત્રમાં આવે ત્યારે તે શકય વસ્તુ હશે કે કોઇ ફળદ્રુપ ભેજાની શોધ હશે એની તુલના કરવાની લોકોને ટેવ પડવા માંડી. એવાં થોડાં ગપ્પાંના નમૂના આ રહ્યાઃ

'અમેરિકાનાં ઘેટાં એટલી બધી ઊન આપે છે કે વરસના અમુક અરસામાં તેનાં પૂંછડાં ઊનથી ભારે થઇ જતાં હોવાથી તેની પાછળ રેંકડી જોડવી પડે છે.'

'અમેરિકાનાં મીઠાં સરોવરોમા પણ કૉડ માછલી પકડવાનો ધંધો જોસભેર ચાલે છે. ખારા પાણીની એ માછલીઓ નદી રસ્તે આ સરોવરમાં સંખ્યાબંધ આવે છે, કેમકે સમુદ્રમાં તેને વ્હેલનો ઘણો ત્રાસ હોય છે.

'નાયાગરાના ધોધની ખરી સુંદરતા જોવાના પ્રસંગ મળે છે તો એવે વિરલ પ્રસંગે જ્યારે ધોધ ઉપર ચડી રહેલી માછલીઓની પાછળ પડેલી વ્હેલ એ ધોધ ઉપર રાક્ષસી કૂદકો મારી રહી હોય.'

'અમેરિકામાં બે જાતનાં ઘાસ છે. એમાંનું એક ઘાસ નરમ છે, જ્યારે બીજા (Sword Grass)નાં પાનની બન્ને બાજુ તીક્ષ્ણ ધાર હોય છે. એક અમેરિકન વિજ્ઞાનીએ આ બન્ને ઘાસનું મિશ્રણ કરી એક એવા નવા જ ઘાસની શોધ કરી છે કે જેથી પવનના ઝપાટામાં એ ઘાસનાં પાંદડાં એના થડને કાપી નાખે છે, ને એ રીતે બધું ઘાસ આપોઆપ લણાઇ જાય છે!'

'એક જણ પાસે એક બુદ્ધિશાળી બિલાડી છે. પહેલાં ઘરમાંથી માખણ ખાઇ જાય છે. અને પછી ઊંદરના દર પાસે બેસી પોતાનો માખણવાળો શ્વાસ એ દરમાં કાઢે છે. પરિણામે માખણની લાલચે બહાર આવતા ઊંદર તેના સહેલા શિકાર બની જાય છે.'

'મારી પાસે એક કૂતરો છે તેની સમજ—શક્તિ બહુ કેળવાએલી છે. એક વખત હું બહાર આવ્યો ત્યારે એ બિરાદર સોફા પર ચડીને બેઠેલો. મેં તેને ઠપકો આપ્યો, ત્યારે નીચું મોં કરી તેણે સાંભળી લીધો. બીજીવાર હું બહારથી આવ્યો ત્યારે મેં તેને સોફા પાસે ઊભેલો જોયો. મને શંકા આવવાથી મેં સોફા પર હાથ મૂકી જોયો તો થોડીવાર પહેલાં જ તેના પર કોઇ બેઠેલું હોય એવો હૂંફાળો તે લાગ્યો. ફરીથી મેં કૂતરાને ધમકાવ્યો. મેં ધારી લીધું કે આવા સમજદાર કૂતરાને આટલો બોધપાઠ બસ થઈ પડશે. પણ ત્રીજીવાર હું બહારથી આવ્યો ત્યારે મેં જોયું કે તે સોફા ઉપર તેને ઠંડો પાડવા માટે ફૂંક મારી રહ્યો હતો.'

બાળકોને લખતાં વાંચતાં શીખવવા માટે સારામાં સારૂં સાધન ટાઇપરાઇટર છે. આ સિદ્ધાંતની શોધ બે માનસશાસ્ત્રીઓએ કરી છે, અને એ સિદ્ધાંતની સાબિતી માટે જે પ્રાયોગિક કાર્ય થવું જોઇએ તે પણ થઇ ગયું છે. જુદાં જુદાં સ્થળોમાં મળી લગભગ ૧૪૦૦૦ બાળકો પર આ પ્રયોગ અજમાવાઇ ચૂકયો

છે. અને પરિણામે સામાન્ય રીતે બાળકો શાળામાં જે રીતે અભ્યાસ કરે છે એને બદલે જો તેને ટાઈપરાઇટર પૂરાં પાડવામાં આવે તો જુદા જુદા વિષયોમાં તે દસથી ચાળીસ ટકા જેટલી પ્રગતિ બતાવે છે એમ સાબિત થયું છે.

આ નવી પદ્ધતિ અક્ષરજ્ઞાનથી જ શરૂ થાય છે. ચોપડીમાં છાપેલી વસ્તુ અક્ષરશઃ ટાઇપ કરતાં બાળકોને ધીમેધીમે વ્યક્તિગત અક્ષરોનો પરિચય થવા માંડે છે. અને ટાઇપ થએલ કામની સફાઇ તેમ જ છાપેલા જેવા જ દેખાવથી તેની રસવૃત્તિ સંતોષાયે જાય છે, અને આમ તેમ થોડા વખતમાં વાંચતાં શીખી શકે છે.

અને પછી તો મૌલિક સર્જન કરવાની સ્વાભાવિક ધૂન તેનામાં જાગે છે. અને તેથી વાર્તાઓ, કવિતાઓ, કાગળો તે ટાઇપ કરવા માંડે છે. શાળાના અભ્યાસક્રમના બધા વિષયોમાં જ્યાં જ્યાં લખવું પડતું હોય ત્યાં આમ ટાઇપરાઇટર જ વપરાય છે. તેથી ઓછા શ્રમે બાળકો ઘણી પ્રવૃત્તિ કરે છે. અને એમાં પણ ટાઇપ કરેલા લખાણમાં વિરામચિહ્નો વગેરે ગપગાં ચલાવી શકાતાં ન હોવાથી આ બાબતોમાં બાળક વધુ ચોક્કસ બનતું જાય છે. અને ભાષા શુદ્ધ થયા પછી એની અસર એની આખી વિચારસૃષ્ટિ પર પણ પડે છે. કેળવણીકારો આ નવા સિદ્ધાંત તરફ આશાભરી નજરે જોઇ રહ્યા છે.

જોન ડી રૉકફેલરે એક વખત એના સેક્રેટરી પાસેથી બસનું ભાડું ચૂકવવા એક તાંબીઓ (ડાઈમ) ઉછીનો લીધો. 'ઘેર પહોંચીએ ત્યારે મને આની યાદ આપશો.' તેણે ભલામણ કરી.

'હવે એમાં શું, મિ. રૉકફેલર?' સેક્રેટરીએ કહ્યું.

'એમાં શું?' રૉકફેલરે આશ્ચર્ય પામતાં કહ્યું: 'કેમ, એક આખા ડૉલરનું બે લાંબાં વર્ષનું એ વ્યાજ થયું!'

પોતાના પુત્ર પર ટપાલ લખતાં એક લેખકે ભલામણ કરેલી: 'જગતમાં બે પ્રકારનાં માણસો છે: એક પ્રકાર કામ કરે છે, અને બીજો પ્રકાર એ કામનો યશ ખાટે છે. તારાથી બની શકે તો પહેલા વર્ગમા આવવા પ્રયાસ કરજે, કેમકે તેમાં બહુ ઓછી હરીફાઇ છે.'

રેડીઓ સ્ટેશનો હમેશાં ચિત્રવિચિત્ર પ્રોગ્રામો આપવાની હરીફાઇ કરી રહ્યાં હોય છે. એ મુજબ લૉસ ઍન્જેલીસ સ્ટેશનેથી એક નવી જાતના પ્રોગ્રામો શરૂ થયા—ખાનગી મુલાકાતના. સ્ટેશન મેનેજરની મુલાકાતે કોઇ પણ આવી પોતાની મુશ્કેલીઓ કે અનુભવો તેને કહેતો હોય અને બીજી બાજુ એ બધું બ્રોડકાસ્ટ થયે જતું હોય! એક અગ્યાર બાળકોનો પિતા એક વખત મુલાકાતે આવ્યો. એણે મુલાકાતને અંતે કહ્યું, 'મિ સ્ટાઇલ્સ, મને ક્યાંક કામ મળી જાય તો મારી બધી મુશ્કેલી ટળી જાય.' બીજે દિવસે એને ચૌદ સ્થળેથી ઑફર આવી. આથી હવે તો ધંધાની શોધમાં નિરાશ થએલાઓ માટે એ સ્ટેશને અમુક કલાકો મુકરર કરી જ આપ્યા છે. અને ઘણા માણસો એ રીતે કામે ચડી ગયા છે!

હમણાં જ મુંબઇના સ્ટેશને પણ આને મળતા પણ જરા મર્યાદિત રૂપમાં પ્રોગ્રામો આપવા ચાલુ કર્યા છે એ ઘણાને આશીર્વાદ સમાન થઇ પડશે.

એક ફ્રેન્ચ કલાકારે એક શ્રીમંત અમેરિકન બાનુનું ચિત્ર તૈયાર કર્યું. પણ તે બાઇએ તેની ઠરાવેલી કિંમત આપવા ના પાડી, કેમકે એ ચિત્ર જોઇએ એટલું સંપૂર્ણ તેને લાગતું ન હતું.

'આપને એમાં શી ખામી લાગે છે?' એ હતાશ થએલા ચિત્રકારે પૂછ્યું.

'ખામી બીજી શી હોય! જુઓને, મારો કૂતરો પણ મારા ચિત્રને ઓળખી શકતો નથી.' કહી તે બાઇ ચાલી ગઈ.

પોતાના ગ્રાહકની સામે કોર્ટમાં દાવો લાવવાનું એ ચિત્રકારને પસંદ ન આવ્યું. એટલે થોડા દિવસ એણે આ વસ્તુ ઉપર વિચાર કરી જોયો. અને પછી એ બાનુ ઉપર ચિઠ્ઠી લખી મોકલી કે પોતે ચિત્રમાં થોડા સરસ સુધારા કર્યા હોવાથી હવે એ બાનુને એ ચિત્ર અચૂક ગમશે. પોતે જે સુધારા બાબત લખ્યું હતું તે સુધારો માત્ર એટલો જ હતો કે તે બાનુના સ્ટુડીઓમાં આવવાના સમય પહેલાં તેણે એ ચિત્રના ચહેરા ઉપર કાળજીથી તાજું માંસ ઘસ્યું હતું.

બાઇ સાહેબ આવ્યાં. કૂતરો એના હાથમાં જ હતો. 'જુઓ' તે કહે; 'હજુ આ મને ઓળખતો નથી.'

ચિત્રકારે નમ્રતાથી કહ્યું, 'બાઇસાહેબ કૂતરાની દૃષ્ટિ ટૂંકી હોય છે. માટે એને ચિત્રની પાસે રાખી જુઓ.'

કૂતરાને તાજા માંસની ગંધ આવતાં એ ચિત્રના ચહેરાને ચાટવા તે તલપાપડ થયો. 'જુઓ' તે ચિત્રકારે કહ્યું: 'તમારા ચિત્ર માટે તે બિચારો મરી પડે છે.'

અને એ સોદો ઠીક રીતે પાર પડ્યો!

કોઈને સમાજમાં એકલા પડી જવું ગમતું નથી એ એક કારણથી અનેક મંડળો હસ્તીમાં આવતા હોય છે. આપણે પણ આ ગર્વમાં એમ માનતા હોઈએ છીએ કે મંડળમાં જોડાવાથી પરસ્પરના સહકારના બળે વધુ સંગીન કામ થાય. પણ એ તો આપણી નબળાઈને ઢાંકવા માટે શોધી કાઢેલું તત્ત્વજ્ઞાન છે. આ વાતનો સાચો ખ્યાલ કોઈ સંમાનિત મંડળમાં જોડાનારને નથી આવતો. પણ જગતમાં જે અનેક જાતનાં મંડળો હસ્તી ધરાવે છે તે જોઈએ ત્યારે કોઈ પણ મંડળની સ્થાપના પાછળ કામ કરી રહેલ gregarious instinct આપણને શુદ્ધ સ્વરૂપમાં દેખાય છે.

જેમકે લંડનમાં એક મંડળ છે જેનું નામ 'Society of Nature's Misfits' છે. જગતભરનાં કદરૂપાં માણસો માટેનું આ મંડળ છે. એનો પ્રમુખ હીરાના દમામોલાં પોતે વધુમાં વધુ કદરૂપો છે એ વાત ઉપર મગરૂર છે. અને એ જ પ્રમાણે સમાજના બધા વર્ગોના કદરૂપા પ્રતિનિધિઓ આ મંડળમાં છે. આ મંડળના સભ્યો રવિવાર સાથે ગાળે છે. અત્યારે તેઓ વધુમાં વધુ કરૂપ કોઈ મોટર ડ્રાઈવરની શોધમાં છે કેમકે ઉજાણી વખતે તેઓની મોટર સામાન્ય ડ્રાઈવર હાંકે એ એમને પોસાતું નથી.

આવું જ એક મંડળ અમેરિકાના ઑકલાહોમા પરગણામાં છે. એમાં બધા સભ્યો ટાલીઆ છે, અને એ લોકોએ પોતાના મંડળનું નામ પણ ખૂબ મોભાદાર શોધી કાઢ્યું છે: Brotherhood of the Burnished Brow. આ મંડળ જે એક વસ્તુ માટે ખાસ પ્રયાસ કરી રહ્યું છે તે એ કે એના સભ્યો માટે હજામતના દર અર્ધા કરાવવા!

અને અમેરિકામાં એક સાસુઓની ક્લબ છે! એક છાપાના તંત્રીની સાસુ ઉપર કોઈએ કટાક્ષ કર્યો એટલે તેણે સાસુઓ ઉપર થતી ખોટી ચર્ચા અટકાવવા આવું એક મંડળ સ્થાપવાની સ્થાનિક સ્ત્રીમંડળોને સલાહ આપી. પરિણામે ૫મી માર્ચનો દિવસ સાસુઓના દિવસ તરીકે તેઓએ નક્કી કર્યો છે અને તે દિવસે જે સાસુઓને પોતાની પુત્રવધૂ કે પુત્રીવર તરફથી 'ભલાં'નું પ્રમાણપત્ર મળ્યું હોય તે ઇનામ જીતી જાય છે. ગયે વરસે તો આ બધી સાસુજીઓનું એક સરઘસ નીકળેલું જેમાં બડાં સાસુજી ('Most mother-in-law') પોતાના ૧૭ ફરજંદોનાં પરણેતર સહિત મોખરે હતાં. સસરાઓ પણ એ સરઘસમાં હતા અને આમંત્રિત મહેમાનોમાં આસપાસના પ્રાંતોના ગવર્નરો ઉપરાંત મિસીસ રોઝવેલ્ટ પણ હતાં!

(ચાલુ) હરિકૃષ્ણ વ્યાસ



એક સ્ટોરના માલિકે અંદર આંટો મારતાં પૅકિંગ રૂમ નજીક જ એક ખોખાને અઢેલીને એક છોકરાને ઝોકાં ખાતો જોયો. શિસ્તના એ અનુયાયીનો મિજાજ હાથ ન રહ્યો ને છોકરાને જગાડી સીધો સવાલ કર્યો: 'તને કેટલો પગાર મળે છે?'

'દસ રૂપિયા, સાહેબ.'

'લે આ દસ રૂપિયા' ખીસામાંથી નોટ કાઢી એના હાથમાં મૂકતા તે બોલ્યા, 'મારે ત્યાં તારૂં કામ નથી.'

છોકરો નીચી મૂંડીએ ચાલતો થયો, એટલે બહાર આવી ફોરમૅનને એમણે પૂછ્યું, 'પેલા છોકરાને આપણે ક્યારથી રોક્યો હતો?'

'આપણે એને રોક્યો જ ન હતો, સાહેબ,' ફોરમૅને જવાબ આપ્યો, 'એ તો આજે જ સ્ટેશન પરથી ખોખું એની પાસે ઉપડાવી મંગાવ્યું હતું!'

'માફ કરજો સાહેબ પણ આ તળાવમાં નહાવાની મનાઇ છે.'

'તો મેં કપડાં ઉતાર્યાં ત્યારે કેમ ન બોલ્યો?'

'પણ કપડાં ઉતારવાની મનાઈ નથી, સાહેબ.'

વકીલ (ઉલટ તપાસમાં): અને તમે કહો છો કે આ હસ્તાક્ષર તમારા નથી?

સાક્ષી: ચોક્કસ, એ મારા નથી.

વકીલ: તમારા હસ્તાક્ષરને મળતા તો છે ને?


સાક્ષી: ના જી, મુદ્દલ નહિ.

વકીલ: તો તમારા લખાણનો એકાદ નમૂનો બતાવશો?

સાક્ષી: ના સાહેબ, એ પણ થઇ શકે તેમ નથી.

વકીલ: એટલે? તમે શું કહેવા માગો છો?

સાક્ષી: હું ભણેલો જ નથી, સાહેબ.



જીવનનું પરોઢ

ભાગ ત્રીજો

પ્રકરણ બીજું

પ્રસ્થાન

ટૉલ્સ્ટૉય ફાર્મથી ફીનિક્સ આવીને બાપુજી વસ્યા ત્યારથી એમણે ફીનિક્સવાસીઓને ભવિષ્યના સત્યાગ્રહ સારૂ તાલીમ આપી પલોટવા માંડ્યા હતા: 'કાયદાઓનો ભંગ કરવાનો વારો આવે ત્યારે ફીનિક્સના સત્યાગ્રહીઓની માણસાઇ ઓસરે નહિ. તેમનામાં કોઇ ખૂણે યે પશુતાનું દર્શન ન થાય. તેઓ જેટલી હિંમત બતાવે તેથીયે વધારે પોતાની સભ્યતા પ્રગટાવે. જે પ્રમાણે તેઓ કાયરતાથી સો ગાઉ છેટા રહે તે પ્રમાણે પોતાને રીબાવનારાઓ પર કિન્નો રાખવાથી યે બચ્યા રહે. ટૂંકમાં, બલિદાન થનાર દરેક જણ પોતાને જેટલો શુદ્ધ બનાવી શકે એટલો બનાવે.' અને આ દૃષ્ટિએ થોડા ઘણા યે લાયક એવા જેટલા સત્યાગ્રહી મળ્યા એમને તેમણે મોખરે કર્યા.

લડનારા તૈયાર થયા, પણ લડવું શી રીતે? કઇ રીતનો કાયદાભંગ કરવો, જેથી કાયદાભંગ કરનારની નૈતિકતા અને સજ્જનતાને આંચ ન આવે છતાં વિરોધી પોતાનું સામટું બળ લડવૈયાઓ ઉપર ઠાલવવા માંડે? આ પહેલાંની લડતમાં હિંદુઓ વગર પરવાને નાતાલથી ટ્રાન્સવાલમાં પ્રવેશતા કે પોલીસ તેમને પકડતી, પણ છેવટે ત્યાંની સરકારે બાપુજી તેમજ બીજા જાણીતા નેતાઓને આ રીતે જતાં પકડવાનું બંધ કર્યું હતું. ફીનિક્સની ટોળીને યે તેઓ એ રીતે જતા કરે અને લડાઇ ઢીલમાં પડે એવો સંભવ હતો. પણ ટ્રાન્સવાલ જતાં પકડાવા કરતાં કાયદાભંગનો બીજો વધુ નિર્દોષ પ્રયોગ બાપુજી પાસે ન હતો. એટલે બાપુજીએ ઠરાવ્યું કે ફીનિક્સની ટોળીએ પોતાનું નામ ઠામ ઠેકાણું પોલીસને આપવાં નહિ અને અદાલતમાં પણ સજા થઇ ન જાય ત્યાં સુધી પૂરી ઓળખ ન આપવી.

દક્ષિણ આફ્રિકાની સરકાર બરાબર પડકાર ઝીલે એ કારણે પહેલી ટોળીમાં બાપુજી પોતે ભળ્યા ન હતા, કારણ બાપુજીને જેલ મોકલી સરકાર વિલાયતમાં ને હિંદમાં નકામો ખળભળાટ ઊભો કરવા ન ઇચ્છે એ સ્પષ્ટ હતું. એ જ રીતે પૂ. બા, રૂસ્તમજી શેઠ તેમજ બાપુજીનાં બીજાં સગાંઓને કેદ પકડતાં સરકાર અચકાય એવો ખ્યાલ ફીનિક્સમાં સૌને હતો. ફીનિક્સથી સત્યાગ્રહ કરવાને ટોળી ઊપડે છે એની ખબર ફીનિક્સની બહાર કોઇને ભાગ્યે જ હતી. એથી સરહદના અમલદારો આ પ્રવાસીઓ પ્રત્યે કોઈ જુદી રીતે વરતે એવો સંભવ ન હતો. છતાં ફીનિક્સથી નીકળતાં બાપુજીએ સૂચવ્યું કે દરેકે પોતાનું નામ બદલી નાખવું, જેમકે બાનું નામ 'મિસિસ ગાંધી' નહિ પણ 'કસ્તુર બેન', પારસી રૂસ્તમજીનું કેવળ રૂસ્તમ. મારા પિતાશ્રીનું સી. કે. ગાંધી નહિ પણ 'છગનલાલ' અને મારી બા, કાકી, રામદાસકાકાનાં નામને છેડે પણ ગાંધી નામ આવવા ન દેવું. આ પહેલાંના સત્યાગ્રહોમાં મિ. રતનશી સોઢા અને મિસિસ સોઢા પણ ખૂબ પ્રસિદ્ધ થઇ ચૂક્યાં હતાં એટલે રેવાશંકર સોઢાના નામમાંથી યે સોઢા શબ્દ ઉડાવી દેવાની ભલામણ બાપુજીએ કરી.

આ સાંકેતિક નામો ઊપર હસાહસ કરતા અમે સૌ સ્ટેશને જવા ઊપડ્યા. અમે વાતો કરતા જતા હતા ત્યાં ચર્ચામાં ને ચર્ચામાં અમારામાંના એકે સવાલ કર્યો કે 'આવી રીતે નામ છુપાવવાં એ શું જુઠાણું ન કહેવાય? સત્યાગ્રહીથી એમ જૂઠું કહેવાય? અને વળી બાપુજી જ એમ સફાઇદાર જૂઠું બોલવાનું કહે એ કેવું!' પરંતુ એ જૂઠું નથી, એમાં અસત્યનો સ્પર્શ પણ નથી એમ બાપુજીએ અમારી ચર્ચા સાંભળી જવાથી અમને સમજાવ્યું અને કહ્યું, 'જૂઠું એટલે તો જે ન હોય તે કહેવું. હોય તે ન કહેવું એમાં જુઠાણું નથી. અમુક વાત હું જાણતો હોઉં અને મારે કોઇને કહેવી હોય તો હું ધરાહાર ન કહું. મને ધમકાવે રીબાવે તો પણ ન કહું. એમ ન કહું કે હું જાણતો નથી, અથવા ડરનો માર્યો કંઇક બીજું પણ ન કહું; પરંતુ

એમ કહું કે હું એ જાણું છું. એટલું પણ મારે ન જણાવવું હોય તો એમ પણ કહું કે જાણું છું કે નથી જાણતો એ પણ હું કહેવા તૈયાર નથી. એમ આમાં યે અર્ધાં નામ આપવાં ને અર્ધાં ન આપવાં એ જૂઠાણું નથી.'

શરૂઆતમાં અમારું આખું ટોળું બાપુજી સાથે સાથે ચાલ્યું, પણ પછી અમારી ટુકડીઓ પડવા માંડી. ચાલવાવાળા પાંચ માણસ હોય ત્યાં પણ લોકો બે ટુકડીમાં ચાલવાના. આ સ્વભાવ મુજબ અમારો સંઘ પણ ફંટાયો. અમારી વિદ્યાર્થીઓની ટોળી આગળ થઈ. તેમાં પણ બેત્રણ ભાગ પડ્યા. મારી અને મારા બેત્રણ ગોઠીઆઓની એક ટુકડી ગોઠવાઇ જઇ ધીંગામસ્તી કરતી આગળ ચાલી. કોઇના ખીસામાંથી નવો રેશમી રૂમાલ ખેંચી લઇએ અને એ માગે ત્યારે 'જેલમાં એનું શું કામ છે?' એમ કહી એને ભોંઠો પાડીએ અને એ માગીમાગીને થાકે ત્યારે એને આપીએ. રમત કરતાં થાક્યા એટલે વળી પાછા જેલની વાતો પર ઉખળી પડ્યા. મેં કહ્યું કે 'ત્રણ મહિનાની જેલ પૂરી થયા પછી પાછા તો અહીં આવીને જ જશોને? અને એ વખતે પણ અમને સાથે નહિ લઈ જાઓને? તમે તો આગગાડીમાં ફરવાની ને ટ્રાન્સવાલ જવાની ને એવી ઘણી યે લહેર મારતા જશો અને અમારે અહીં ભણવાનું ને બીબાં ગોઠવવાનું. રેવાશંકર જેવો મારી સાથે હતો ત્યાં સુધી મને જે કામ ન આવડે તેનો ઝાઝો કચવાટ ન થતો. હવે તો દેવદાસ કાકા સાથે મારૂં કામ સરખાવાનું, એમાં હું તદ્દન પાછો પડવાનો. થોડા દિવસમાં બાપુજી પણ જશે એટલે મારે મગનકાકાની આકરી પરીક્ષામાં પાસ થવું પડશે અને કેટલી યે વાર રોવાઇ જવાશે. હું સોળ વરસનો નથી થયો એ કંઇ મારો ગુનો લાગે છે? બાપુજી અમને શા માટે નહિ લઇ જતા હોય? નાના છોકરાઓ ચોરી કરે ત્યારે એને જેલમાં નહિ પૂરતા હોય?'

કુપ્પુએ જવાબ આપ્યો, 'નાના છોકરા ગુનો કરે તો એને મેજિસ્ટ્રેટ થોડા ચાબખા મરાવીને છોડી મૂકે અથવા 'રેફરમેટરી'માં લઇ જાય. 'રેફરમેટરી'-માં બધા નાના છોકરાઓ જ હોય અને ત્યાં એમની પાસે કંઇ નેતર ભરવાનું ને એવું કામ શીખવીને કરાવે. એ સોળ વરસના થાય ત્યારે છોડી મૂકે.' મને તો એ વાત ભાવી ગઇ અને હું કૂદી ઊઠયો ને કહ્યું, 'બસ હું બાપુજીને કહીશ કે અમને પણ સત્યાગ્રહ કરવા જવા દો. અમે 'રેફરમેટરી'માં જઇશું.'

કુપ્પુ કહે, 'પણ 'રેફરમેટરી'માં તો ચોરી કરે કે જૂઠું બોલે તેને જ મોકલે; આપણા જેવા કાયદો તોડનારને ન મોકલે. તું વોલક્રસ્ટ જા તો તને પાછો નાતાલમાં લાવી તારે ઘેર મૂકી જાય.'

આમ સારી પેઠે વાદવિવાદ કર્યા પછી હું હતાશ થઇ ગયો ત્યારે એ સાથીઓએ મને દિલસોજી આપી કે 'તું શું કામ આટલાં ફાંફાં મારે છે? ચાર વરસ પછી તું પણ અમારી સાથે આવી શકીશ. શરીરે ખૂબ વધી જજે અને સોળ વરસનો લાગજે. તો તો ચાર નહિ તો ત્રણ વર્ષે તો જેલ જવાની તને બાપુજી હા પાડશે. રામદાસને ક્યાં ૧૬ વર્ષ પૂરાં થયાં છે? હજુ થોડા મહિના બાકી છે તો યે ૧૬ વર્ષ જેવડા લાગે છે એટલે એને બાપુ મોકલે છે. જો તો ખરો, બે વરસ પછી દેવદાસ અને ત્યારપછી વરસ દહાડે તું અમારી સાથે આવવાનો અને આ લડત એટલી તો ચાલવાની.' આમ આશ્વાસન આપી તેમણે મને જરા ધીમો પાડ્યો.

રસ્તામાં એકવાર બા, મારી બા વગેરે ચાલતાં હતાં તેમની સાથે હું અને દેવદાસકાકા ચાલવા લાગ્યા. મારી બાએ મને શિખામણ આપી કે તમે જેવા સાથે રહો છો, એકબીજા સાથે તમારૂં જેમ બને છે, તેમ સાથે રહેજો અને કામ અને મજા કરજો. પછી દેવદાસકાકાને સંબોધીને મારી બાએ કહ્યું, 'દેવદાસભાઇ, પ્રભુને તમારો નાનો ભાઇ ગણીને રાખજો અને શીખામણ આપજો. એ અટકચાળાં કરી વાંકમાં ન આવી જાય. બાકી તો બાપુ થોડા દિવસ અહીં છે એટલે શું કહું?' પૂજ્ય બાએ પણ દેવદાસકાકાને શીખામણ આપી. અમે પાછા દોડીને આગળ થઈ જઇએ તે પહેલાં મારી કાકીએ પણ અમને બેયને રોકી રાખી નાનાં છોકરાંઓને સંભાળવાનું, કચા કેશુને છુટા રખડવા ન દેવાનું અને એવું બીજું કેટલુંય સમજાવ્યું. અમે મોઢું ઠાવકું રાખી એ બધું સાંભળી લીધું અને આગળ દોડી ગયા.

આમ આસ્તે આસ્તે કલાકેક થયો ત્યાં બધાં ય નિરાંતે ગપાટા મારતા સ્ટેશન પર આવી પહોંચ્યાં. 'વૈષ્ણવજન' તથા 'સુખ દુઃખ મનમાં ન આણીએ' ભજનો ગાઇ રહ્યા પછી સૌના મનમાં જે ખળભળાટ મચી ગયો હતો તે હવે શાંત પડી ગયો. સ્ટેશનના

પ્લૅટફૉર્મ ઉપર સૌ હસતાં રમતાં ટહેલવા લાગ્યાં અને 'હવે તો ટ્રેન ક્યારે આવે અને આપણી લડતનું મંગળાચરણ ક્યારે થાય' એવી અધીરાઇ ફેલાઇ ગઇ. ટ્રેન આવવાને પાએક કલાકની વાર હતી ત્યાં નાની રૂખીને તેડી મારા પિતાશ્રી તથા રાવજીભાઇ સાથે વાત કરતા કરતા બાપુજી પણ સ્ટેશને આવી પહોંચ્યા અને પૂ. બા સાથે વાતો કરવા લાગ્યા.

સ્ટેશને ઊભા રહેવાની તપશ્ચર્યા પૂરી થઇ કે લીલો વાવટો ફરક્યો અને દૂરથી કાળા ડાઘા જેવી ટ્રેન આવતી જણાઇ. ટ્રેનને ભકભક કરતી 'પ્લૅટફૉર્મ' ઉપર આવી પહોંચેલી જોતાં મારી છાતીમાં ધબકારા થવા લાગ્યા. છોકરાઓની ટોળીમાંથી એકદમ છૂટો પડી જઇ મારી બા ને પિતાશ્રી ઊભા હતા એ તરફ ગયો અને દૂર ઊભા રહી એકી નજરે એમના સામું જોયા કર્યું. ક્ષણભર ધ્રૂજી ગયો. 'માબાપ જેલમાં જાય છે, હવે પાછા મળે અને ન પણ મળે. હું એકલો પડી જવાનો. કૃષ્ણદાસની સંભાળ મારે એકલાએ રાખવી પડવાની.' વગેરે વિચારો વિજળીના ચમકારાની જેમ ચમકી જઇ દિલને આંચકો મારતા ગયા. ગળે ડૂમો બાઝી ગયો. નીચી આંખે ઝટઝટ માબાપ અને બીજાં મોટાંઓને મેં પગે લાગી લીધું અને ત્યાંથી ખસી ગયો.

બાપુજીએ રૂખીને મગનકાકાના હાથમાં સોંપી દીધી હતી. રાધા રૂખી જેટલી નાની ન હતી એટલે સમજણી હતી અને એ મારી કાકીને છોડે એમ ન હતી, એટલે મારી બાએ રાધાને આગળથી પોતાની પાસે લઇ લીધી હતી અને કાકીને પહેલાં ટ્રેનમાં બેસી જવાની ગોઠવણ કરી હતી. ટ્રેન ઊપડવાનો વખત થયો ને મારી બાને ટ્રેનમાં ચડવાનું આવ્યું એટલે એમની પાસેથી બાપુજીએ રાધાને લઇ લીધી. પણ એ કંઇ રોયા વિના રહી નહિ. ખૂબ રોવા લાગી. તેને છાની રાખતા હતા ત્યારે મારું ધ્યાન એ તરફ ખેંચાયું. ચાર વર્ષની નાની ઉમરે એ શું સમજી શકે? પણ એનાથી નાની રૂખી નહોતી રોતી એ બતાવી બાપુજી એને સમજાવતા હતા. હું મારા સાથીઓ જ્યાં ડબ્બામાં ચડતા હતા ત્યાં જઇ પહોંચ્યો.

આખી ટ્રેનમાં કાળા લોકોને બેસવાના જેટલા ડબ્બા હતા એ બધા ચિકાર ભરાઈ ગયા હતા. છતાં એમાં જેટલા માય એટલા ચડી ગયા. તો યે બહાર સામાન ઠીક ઠીક પડ્યો રહ્યો અને ત્રણચાર જણને બેસવાની ક્યાંયે જગ્યા ન હતી એટલે રેવાશંકર, સોલોમન, કુપ્પુસ્વામી વગેરેએ પડખેનો જ ગોરાઓને બેસવાનો ડબો ઉઘાડ્યો. અહીં હિંદુસ્તાનમાં ગોરાઓના ડબા ઉપર 'ઍંગ્લો ઇંડીઅન અને યુરોપિયન' એવાં પાટીઆં મારેલાં હોય છે તેમ ત્યાં કાળાઓને બેસવાના ડબા પર 'રિઝર્વ્ડ'નું પાટિયું લગાવેલું હોય છે. 'રિઝર્વ્ડ' ન લખ્યું હોય એવા ડબામાં આપણા જેવા કાળા હિંદીઓ કે હબસીઓથી બેસી ન શકાય. એ બધા યુરોપિયનોના જ ડબા ગણાય.

નવા સત્યાગ્રહીઓએ જે ડબો ઉઘાડ્યો એ એન્જિનની પાસેનો હતો એટલે ડ્રાઇવરનું એકદમ ધ્યાન ખેંચાયું. ત્યાં ડ્રાઈવરો, ગાર્ડો, સ્ટેશન માસ્તરો ગોરા જ હોય છે. ડ્રાઇવર ને ગાર્ડ બંને જોશભેર એ ડબા આગળ ધસી આવ્યા. ઉપર ચડેલાને ઉતારવા લાગ્યા, સામાન અને ચડાવનારાઓને રોકવા લાગ્યા, સામાન પણ બહાર ખેંચી કાઢવાનો પ્રયાસ કર્યો. 'ચાલો, ઊતરો નીચે; જોતા નથી કે એ ડબો તમારે માટે નથી.' પણ એ બિચારાને ક્યાં ખબર હતી કે આ લોકો એ સામાન્ય કાળા લોકો નથી, પણ મોતને સાટે લડાઇ લડવા તૈયાર થએલા છે. નવા વીરોએ તો શાંતિથી પોતાના ધામા ડબામાં નાખ્યા અને દરવાજો પણ વાસી દઇ ગાર્ડને કહ્યું, 'બીજા ડબામાં જગ્યા નથી એટલે અમે આમાં બેઠા છીએ. હવે તું ગમે તે કરીશ તો યે ઊતરવાના નથી. તારે કરવું હોય તે કરી લે'

ટ્રેનમાં જનારા જ આ બધી વાત લડી લેતા હતા એટલે અમારે–એમને વળાવવા આવનારાઓને વચમાં પડવાની જરૂર ન પડી. અમે તો નિરાંતે તમાશો જોતા હતા. ગાડી ઉપાડવાનો વખત ક્યારનો થઈ ગયો. પાંચેક મિનિટ ટ્રેન રોકાતી તેને બદલે એ વઢવાડમાં બમણી રોકાણ થઇ ગઇ, એટલે વઢવાડ ઉપર ટોપલો વાળી 'તમારી ખબર આવતે સ્ટેશને બરાબરની લઇશ' એમ કહી ગાર્ડે સિટી મારી. ધુમાડાના ગોટા તથા વરાળ ઉડાડતી ટ્રેન ઊપડી ગઇ. એક પછી એક ડબા પસાર થઇ ગયા અને એ નાના ને નાના થતા થતા દૂર નીકળી ગયા. કેટલેક દૂર જઇને ટ્રેન વાંકી વળી અને ટેકરીની પાછળ સરકી ગઈ. અમે સ્તબ્ધ બની એને અદૃશ્ય થતી જોઇ રહ્યા. **પ્રભુદાસ છગનલાલ ગાંધી**

બા ળ વિ ભા ગ

પંચતંત્રની વાર્તાઓ

આખ્યાન કહેવાઈ રહ્યું એટલે પિંગલક કહે, 'ઠીક છે, ભદ્ર. પણ એની બુદ્ધિ મારા ઉપર વકરી છે તે કેમ જણાય? અને એની યુદ્ધપદ્ધતિ કેવી છે?'

દમનક કહે, 'કેસરીજી, જો એ બીજાને શીંગડે ચડાવવા સજ્જ થયો હોય એમ આવે, આમ તેમ જુએ, હોઠ ફફડાવે ને આંખ રાતી કરે તો આપે ચેતી જાવું ને જે ઉચિત હોય તે કરવું.'

આમ સિંહના કાન ભંભેરીને દમનક સંજીવક સમીપે ગયો, ને અણમણું મોઢું કરીને બેઠો. સંજીવકે પૂછ્યું, 'કાં, બધા કુશળસમાચાર છે ને?' દમનક કહે, 'ચાકર માણસને કુશલ કેવું?


જીવતાંય મરેલા આ કહ્યા પાંચ જ ભારતે।
દરિદ્ર મૂર્ખ ને માંદો પ્રવાસી નિત્યસેવક ॥૨૮૯॥

સંજીવક કહે, 'પણ વાત શું છે?'

તે બોલ્યો, 'રાજાએ વિશ્વાસપૂર્વક કરેલી વાત બીજા આગળ ઉચ્ચારવી ન જોઇએ, તો પણ હું તારા સ્નેહપાશથી બંધાયેલ છું એટલે મારે અવશ્ય તારા હિતનું તને કહેવું ઘટે.

એકત્ર રાજવિશ્વાસ, બીજે મરણ બંધુનું।
શું કરું ક્યાં જવું મારે, પડ્યો હું દુઃખસાગરે. ॥
હિ. સુ. ૧૫૫ ॥

સ્વામી પિંગલક તારાથી વિરુદ્ધ થયો છે, એણે કહ્યું સંજીવકને મારીને સમસ્ત પરિવારને ધરાવીશ. મેં કહ્યું મિત્રદ્રોહ કરવો એ અજુકતું કહેવાય. તો તેણે કહ્યું. "અરે દુષ્ટ, સંજીવક ઘાસભોજી ને આપણે માંસભોજી એટલે એને ને આપણે સ્વાભાવિક વેર છે. એને હણવામાં દોષ નહિ. બીજા ઉપાયથી હાથ આવવો



પદ્મવનમાં રહેતા એક ઘુવડને ત્યાં એનો મિત્ર હંસ ગયો. એ વનમાં વણજારાની પોઠ પડેલી. પરોઢિયે, એના સંઘપતિએ પ્રયાણનો શંખ ફૂંક્યો એટલે ઘુવડે તાણીને શબ્દ કર્યો ને ગુફામાં પેસી ગયો, પણ હંસ તો ત્યાં જ રહ્યો ને અપશકનથી ચીડાએલા સંઘપતિના ધનુર્ધરના બાણથી વીંધાઇ ગયો

અશક્ય હોય એ વેરીને કન્યાદાન દઈને પણ હણવો જોઈએ. યુદ્ધપરાયણ ક્ષત્રિય કાર્યાકાર્ય વિચારતો નથી. ધૃષ્ટદ્યુમ્ન સૂતો હતો ત્યાં જ અશ્વત્થામાએ એને મારી નાખ્યો હતો." એટલે એનો નિશ્ચય જાણીને હું તારી આગળ આવ્યો. હવે વિશ્વાસઘાતકનો દોષ મને નથી. ગુપ્ત મંત્ર હતો તે મેં તને જણાવી દીધો.'

આ વજ્રપાત જેવું દારુણ વચન સુણીને સંજીવકને મૂર્છા આવી. મૂર્છા વળી ને ચેતના આવી એટલે એણે કહ્યું: 'ઠીક કહે છે કે,

'રાજા કુપાત્રને સંઘરે છે, ધન કૃપણને જાય છે, અને મેઘરાજ ગિરિસાગરે વર્ષે છે.' (૩૦૧)

'હું રાજમાન્ય છું એમ સમજનારો શીંગ વિનાનો બળદ છે.' (૩૦૨)

આમાં મારો જ દોષ છે કે મેં કુમિત્રની સેવા કરી. કુમિત્ર-સેવાથી હંસલો કેવો બાણથી વીંધાઈ ગયો હતો?'

દમનક કહે, 'એ કેમ?'

સંજીવક બોલ્યો:

*કથા ૧૪

એક વનમાં મોટું સરોવર હતું. તેમાં મદરક્ત નામે હંસ વસતો હતો, ત્યાં એક ઘૂડ આવી ચડ્યો. એને જોઈને હંસ કહે, 'આ વિજન વનમાં તું ક્યાંથી?' ઘૂડ કહે, 'તારાં ગુણગાન સાંભળીને હું આવ્યો છું.

ભમિયો પૃથિવી આખી ગુણાન્વેષણતત્પર।
ન ભાળ્યો અધિકો તુંથી તેથી હું અહિં આવિયો ॥
પૂ૦ ૧-૨૮૨॥

તારી હારે મારે અવશ્ય મિત્રતા કરવી છે, કેમ જે અપવિત્ર પણ ગંગાને પામીને પવિત્ર થાય છે. તેમ જ

હરિહાથે ગયો શંખ હાડકું યે પવિત્ર છે।
મહાનુભાવસંસર્ગ સૌનો ઉન્નતિકારક ॥૨૮૩॥'

હંસ કહે, ઠીક, સુમિત્ર. આમ બેય જણ બહુ દિવસ સાથે રહ્યા પછી ઘૂડ કહે, 'હું પદ્મવનમાં મારું ઘર છે ત્યાં જાઉં છું, અને તમે પણ મારા પરોણા થઈને ત્યાં આવજો.' એમ કહીને એ ગયો.

હંસને પછી ઘૂડને મળવાનું મન થયું, એટલે એ પદ્મવન ગયો ને ઘૂડને મળ્યો. તે વેળાએ ત્યાં વણજારાની પોઠ પડી હતી. પરોઢિયે ઊઠીને સંઘપતિએ પ્રયાણશંખ વગડાવ્યો, ત્યાં ઘૂડે તાણીને બેસૂરો શબ્દ કર્યો ને નદીની ગુફામાં ધરી ગયો. પણ હંસ તો ત્યાં જ રહ્યો, તે અપશકનભયભીત સંઘપતિના ધનુર્ધરે મારેલા શબ્દવેધી બાણથી વીંધાઈને માર્યો ગયો.'

(ચાલુ) **દેસાઇ વાલજી ગોવિંદજી**

* પૂર્ણભદ્રની છે.

તારા

(એક ગપકથા)

સાંજ પડવાને સવાર થઈ હતી. આકાશમાં તારા ઝગઝગતા હતા. તારાના તેજને લીધે સૂરજ રીસાઇને એક પીપળાના ઝાડ ઉપર બેઠો હતો ત્યારે ત્યાંથી ઊડતો ઊડતો એક શિયાળ નીકળ્યો. સૂરજને રોતો જોઇ શિયાળે પૂછ્યું, 'અલ્યા સૂરજ! તને આટલું બધું શું દુઃખ પડ્યું?'

સૂરજ કહે, 'દુઃખને બદલે મને તો મોત આવી ગયું છે. જોને, દિવસને બદલે રાતે તારા ચકચકે છે. તેને મારે કેમ કરીને નસાડવા? અને કહેવું કે ચાલ્યા જાઓ અહીંથી, અને મારું અંધારું પડવા દો.'

શિયાળ કહે, 'એમાં શૂરવીરની જેમ રૂએ છે શું? ચાલ તારું કામ હું પતાવી દઉ.'

એમ કહીને શિયાળ ચારે ય પગે ઊડ્યો અને તે એક વાણિયાની દુકાને ગયો. ત્યાંથી તેણે વાણિયાને એક તમાચો આપીને એક સોટી ખરીદી. પછી તે તારાઓને હાંકી કાઢવા ગયો. તેણે તો સોટી મારી મારીને બધા તારાઓને એક મોટી કોલસાની ખાણમાં પૂરી દીધા.

તે વાતની મને ક્યાંથી ખબર પડી કહું?

જ્યારે રાણીગંજની કોલસાની ખાણ ખોદાતી હતી ત્યારે તેમાંથી કેટલાક તારા મને જડ્યા હતા.

ગુલાબસિંહ બારહટ્ટ

બાળજોડકણાં

પીળા સાડલા ઉપર ભાત પાડી દો

ઉનાળે તો ઊનો વા
ઠંડું મીઠું પાણી પા
પાણી ઉપર પરપોટા
રૂપિયા દીધા ત્રણ ખોટા
ખોટા રૂપિયા ઠકઠક
મૂકો ખોટી રકઝક
રકઝક કરતાં રાત પડી
પાળે સાડલે ભાત પડી

ગુલાબસિંહ બારહટ્ટ



(રતન)

માધુકરી

મનુષ્ય નિજ પંડમાં વતન-માટી-બંધાયલો
ઉમંગ થકી ભોમને નમન એક મૂગું ન દે,
ન વા મન મહીં કદી સ્મરણ એક મીઠું ધરે,
ખરે જગ વિષે થયો અધમ જન્મ એનો નકી.

—ચન્દ્રવદન મહેતા

આજન્મ વિદ્રોહી શ્રી સંપૂર્ણાનન્દ

લાંબા વાળ, પહોળું લલાટ, એના પર એક મોટો ચાંદલો, મસ્તી ભરી ચાલ, સ્થૂળતા તરફ કંઇક ઝૂકતું શરીર—અને આ બધાં વચ્ચે કંઈક શોધતી આંખો, આવી કેટલીય વિરોધી વાતોનું સંમિશ્રણ તે શ્રી સંપૂર્ણાનન્દ. મનોવિજ્ઞાનની દૃષ્ટિએ પણ એમનું જીવન એક ખાસ પ્રયોગશાળા છે એમાં દાર્શનિકની તિતીક્ષા છે, સંદેહવાદીની પ્રશ્નાત્મકતા છે, ભક્તનું આત્મનિવેદન છે, અને તે સાથે વિદ્રોહીનો હુંકાર ને રાજકારણપટુની તડજોડવૃત્તિ યે છે. આથી જ એ કોઇથી દબાઇને તેના અનુશાસનમાં રહેનારી વ્યક્તિ નથી. એમનું જીવન એવી ગતિનું દ્યોતક છે, જેમાં ગતિને કારણે જ રૂકાવટ પેદા થાય છે.

સંપૂર્ણાનન્દે પોતાના જીવનની અભિવ્યક્તિ સાહિત્ય અને શિક્ષણથી શરૂ કરી. વ્યક્તિત્વના વિકાસ સાથોસાથ એ બંને ક્ષેત્રોની સીમા વધતી ગઇ. સાહિત્યના ક્ષેત્રનો સઘળો વિસ્તાર જીવનમાં સમાઇ ગયો અને શિક્ષણની પરિધિ તો એટલી વિસ્તરી કે તેનું એક નિશ્ચિત રૂપ જ ન રહ્યું એ અરૂપ થઈ ગયું. એમના વ્યક્તિત્વને ન પિછાની શકનાર કહે છે કે સાહિત્યમાંથી એ રાજકારણમાં જઇ પડ્યા એ સારૂં ન થયું. પરંતુ ખરૂં જોતાં તો સંપૂર્ણાનન્દ 'આ' માંથી 'તે' થઈ ગયા એ વાત જ જૂઠી છે. એમણે નથી સાહિત્ય છોડયું, નથી રાજકારણને ગ્રહણ કર્યું કારણ એમના વ્યક્તિત્વના નિર્માણ ક્રમમાં સાહિત્ય અને રાજકારણ સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતાં ક્ષેત્રો નહિ, પરંતુ એક જ સાધનનાં બે પાસાં છે. નથી સાહિત્ય એમણે આત્મસાક્ષાત્કારના રૂપમાં ગ્રહણ કર્યું, નથી રાજકારણ 'પ્રોફેશન'-વ્યવસાયના રૂપમાં.

હિંદી સાહિત્યે સંપૂર્ણાનન્દને વિજ્ઞાનના લેખકના રૂપમાં ઓળખ્યા છે. દેશી રાજ્યોના પ્રશ્ન પર પ્રકાશ નાખનાર એ પહેલા લેખક. આંતરરાષ્ટ્રીય રાજકારણથી પણ હિંદીભાષી જગતને વાકેફ કરનાર એ. હિંદીભાષાને 'આંતરરાષ્ટ્રીય શાસ્ત્ર' 'સમાજવાદ' ઇત્યાદિ અનેક પ્રથમ શ્રેણીના ગંભીર ગ્રંથો આપ્યા છે. એમણે 'મર્યાદા' જેવી શ્રેષ્ઠ રાજનૈતિક પત્રિકાનું સફળ સંપાદન કરેલું છે. અસહયોગના જમાનામાં નોકરીથી અલગ થઈ એમણે સાહિત્યમાં ઝંપલાવ્યું તે વિચારક અને ચિંતક રૂપે અને એ જ સ્વરૂપ એમનું રહ્યું છે. સાહિત્ય અને રાજકારણ બંનેમાં વિદ્રોહનો સ્વર લઇને જ એ પ્રવિષ્ટ થયા.

અસહયોગ આંદોલનમાં એ ભળ્યા તે તેના આધારભૂત સિદ્ધાંતોના આકર્ષણથી નહિ, પણ એમનો આત્મા અભિવ્યક્તિ અર્થે તલપી રહ્યો હતો એટલે એ તોફાન શાંત થતાં



જ અસફળતાથી એમનું મન ખીજાઇ ઊઠયું ને જનતામાં ક્રાંતિકારી મનોવૃત્તિ પેદા કરવાના કામમાં એ લાગી ગયા.

એમની આ મનોવૃત્તિ સમજવા આપણે એમના એ સંસ્કારો ને એ પરિસ્થિતિઓનું શોધન કરવું જોઇએ કે જેમાં એ ઉછર્યા છે. પહેલી વાત તો એ યાદ રાખવાની છે કે આધ્યાત્મિક વિચારે ને સંસ્કારે સંપૂર્ણાનન્દ સંપૂર્ણ શાક્ત છે. પૂર્ણ વૈષ્ણવ ગાંધી અને એની વૈષ્ણવ વિચારધારાથી સ્વાભાવિક જ એમની વિચારધારા ટક્કર લે છે. એમનું ઉપાસ્ય સાહિત્ય સંતસાહિત્ય નહિ પરંતુ પરમ રહસ્યમય 'દુર્ગાસપ્તશતી' છે. એ ગ્રંથમાં જે તત્ત્વજ્ઞાન છે. શત્રુઓના મર્દનની જે નીતિ છે એ જ એમનાં તત્ત્વજ્ઞાન અને નીતિ છે.

રાણા પ્રતાપ ને શિવાજી, છત્રસાલ, ગુરુ ગોવિંદસિંહ ને વીર બંદાના વીરચરિતો ઉપર પ્રારંભથી જ એ મુગ્ધ રહેલા. છત્રસાલનું તો ચરિત્ર પણ એમણે લખ્યું છે. આ પ્રકારની વિચારભૂમિકાને લઇ દેશબન્ધુ દાસ ને મોતીલાલ નેહરૂએ કૉંગ્રેસ વિરુદ્ધ બંડ પોકારતાં તરત જ એ તેમને પડખે જઇ ચડયા. ત્યારબાદ પાછો સત્યાગ્રહનો જમાનો આવ્યો. એ સત્યાગ્રહે પોતાની અંતઃશક્તિથી આખું વાતાવરણ કંપાયમાન કરી દીધું ને સઘળી વિચારશ્રેણીઓના લોકો એ પ્રવાહમાં ભળ્યા. પરંતુ રાંચી મુકામેથી જેવો સત્યાગ્રહને સ્થગિત કરવામાં આવ્યો તેવો જ સંપૂર્ણાનન્દે પાછો વિદ્રોહનો ઝંડો ઊંચક્યો. ત્યારથી જોરશોરપૂર્વક પોતાના સમાજવાદી વિચારોનો પ્રચાર એ કરતા રહ્યા છે

આજે સંપૂર્ણાનન્દ ભારતીય સમાજવાદી દળના અધ્યક્ષ અને પ્રધાન નાયક રહ્યા છે. પરંતુ શુદ્ધ માર્ક્સિઝમમાં એમને વિશ્વાસ બેસે એ વાત માની શકાય તેમ નથી, અને એમના જીવનના સંચાલક વિચારો તથા પ્રવૃત્તિઓ—જેમને લઇને એમનું વ્યક્તિત્વ બન્યું છે, તે આ સમાજવાદ પ્રત્યે પણ એમને વિદ્રોહ જગવવા પ્રેરે એ બિલકુલ સંભવિત છે. એ સમાજવાદનું ભારતીય સંસ્કરણ જ અપનાવી શકે એમ છે; શુદ્ધ માર્ક્સવાદ કદી એમનું ઉપાસ્ય ન થઈ શકે.

આજે એ યુક્ત પ્રાન્તની મહાસભા-સરકારને શિક્ષામંત્રી તરીકે પોતાની સેવાઓ અર્પી રહ્યા છે. મહાસભાશાસિત સઘળા પ્રાન્તોમાં એમના મુકાબલાનો મંત્રી મળવો મુશ્કેલ છે, જેનામાં આદર્શ, કલ્પના અને વ્યવહારિકતાનું આવું સુંદર સંમિશ્રણ સધાયું હોય.

વળી બહુ ઘણા ઓછા જાણતા હશે કે સંપૂર્ણાનન્દ એક અચ્છા કવિ છે ને કાવ્યના મર્મમાં પ્રવેશવાની એમનામાં પર્યાપ્ત શક્તિ છે. પરંતુ કાવ્યના આ સ્રોતના મૂળમાં પણ ચુસ્ત શાક્તનો 'મા' પ્રત્યેનો પરમ આત્મસમર્પણનો ભાવ છે. એમના એક કાવ્યની પંક્તિ છે,

'હમ સેવા કરતે જાયેંગે તુમ અંગીકાર કરો ન કરો.'

આત્મસમર્પણ ને આત્મનિવેદનનો આ સ્વર, આ આગ્રહ, એ જ સંપૂર્ણાનંદના વ્યક્તિત્વનું મૂળતત્ત્વ એ બહુમુખ વ્યક્તિત્વની સ્ફૂર્તિનો સ્રોત આધ્યાત્મિક છે. રાજનીતિએ તેમાં વિદ્રોહનો સૂર પૂર્યો છે, દર્શને એને અન્તઃશક્તિ આપી છે, સાહિત્યે ને શિક્ષણે એને સંસ્કારિતા આપી છે અને એ સઘળાંના સમન્વયે એમને લક્ષ્યવેધી તીરનાં તડપ અને ગતિ પ્રદાન કર્યાં છે. (હિંદી 'હંસ'માં શ્રી રામનાથ 'સુમન')

હું ઇતિહાસના અભ્યાસમાં શા માટે જોડાયો ?

* * * શ્રી જયચંદ્ર વિદ્યાલંકારના નામથી થોડા જ અપરિચિત હશે. તેઓ આ દેશના સુપ્રસિદ્ધ ઇતિહાસવેત્તા છે. જે વખતે દેશના વિદ્વાનો એક યા બીજા કારણે અંગ્રેજીમાં પુસ્તકો લખી રહ્યા છે, ત્યારે શ્રી જયચંદ્ર વિદ્યાલંકારે રાષ્ટ્રહિતની દૃષ્ટિએ રાષ્ટ્રભાષા–હિંદીમાં જ પોતાના સર્વ ગ્રંથો લખ્યા છે. 'ભારતીય ઇતિહાસની રૂપરેખા' એ તેમનો એક અમૂલ્ય ઇતિહાસગ્રંથ છે. આ લેખમાં તેઓ ક્રાંતિકારી ચળવળમાંથી ઇતિહાસના અધ્યયનમાં કેમ પડયા તે તેમણે બતાવ્યું છે. હિંદની પરાધીનતાનાં કારણો શોધી કાઢવા માટે તેમણે હિંદના ઇતિહાસનું અધ્યયન કર્યું છે અને તેના ફળ રૂપે તેમણે અમૂલ્ય ગ્રંથો હિંદને ભેટ ધર્યા છે.

ભાઇશ્રી શચીન્દ્રનાથ સાન્યાલે પોતાનાં બળવાનાં સંસ્મરણો લખતાં મને ખાસ યાદ કર્યો છે. એ લેખ ઘણી તપાસ પછી મને વાંચવા મળ્યો છે. આ સંબંધે કેટલીક વાતો કરવી આવશ્યક છે. પ્રસંગને વશ થઈને એ પણ કહી દઉં છું કે શચીન દાદાની સ્મૃતિ હવે ઝાંખી થઇ ગઇ છે અને હવે તેઓ પ્રસંગોની સાંકળ ઘણે અંશે ભૂલી ગયા છે. દાખલા તરીકે, સ્વ. ભગતસિંહના ભાઇ ગુરુમુખસિંહે અમને ફોડવાની ઇચ્છા રાખી હતી એમ કહેવું ભૂલ ભરેલું છે. આવો પ્રયત્ન કરનાર એક બીજા 'સિંહ' હતા. શચીન દાદા પંજાબમાં મારે ઘેર આવીને માત્ર એક જ વાર રહ્યા હતા. એ પહેલાં અમે દિલ્હી મહાસભામાં મળેલા.

મારી સાચી કીંમત જાણનાર તેઓ પહેલા જ હતા અને તેથી જ હું તેમના પ્રત્યે આકર્ષાયો હતો. ૧૯૨૩માં તેમણે મને જે શબ્દો કહેલા તે ભૂલી શકતો નથી. 'તમારા પોતા પર ભરોસો રાખો, તમારે મોટું કાર્ય કરવાનું છે.' લગભગ આવા જ શબ્દો સ્વ. જાયસવાલજીએ સને ૧૯૨૮માં ઇતિહાસના કાર્ય સંબંધે કહ્યા હતા. શચીન દાદાના લેખની એક વાત જાયસવાલજીના એક બીજા કથનની યાદ આપે છે દાદા લખે છે કે સરહદની પેલી મેર સંબંધ જોડવા જેવા પ્રયત્નો અમે કરેલા તેવા બીજા કોઇએ કરેલા નહિ. જાયસવાલજીએ પોતાના એક શિષ્યને મારો ઉલ્લેખ કરીને એક વાત કરી હતી, એ હમણાં જ મારી જાણમાં આવી. તેમણે કહેલું કે–'મને બીજો કોઇ હિંદી કે યુરોપિયન નથી મળ્યો કે જેને હિંદની સરહદ વિષે આવું શુદ્ધ અને પૂર્ણ જ્ઞાન હોય.'

શચીન દાદાના હૃદયમાં હું ક્રાંતિકારી ચળવળમાંથી ખસી ગયો એ માટે ખેદ થાય છે. તેઓ એને દેશનું દુર્ભાગ્ય ગાનીને મારૂં ગૌરવ વધારે છે. એ ગૌરવને હું યોગ્ય છું કે નહિ એ હું નથી જાણતો. જ્યારે તેઓ એમ કહે છે કે હું રાષ્ટ્રીય કાર્યોમાંથી અલગ થઈ ગયો ત્યારે મારે મારો મતભેદ પ્રકટ કરવો પડે છે. આજે હું જે કામમાં રોકાયો છું તે કાર્ય 'રાષ્ટ્રીય કામો' કરતાં વધારે મહત્ત્વનું છે. દાદા કહે છે કે આજે ઐતિહાસિક ક્ષેત્રમાં મને સારી પ્રસિદ્ધિ મળી છે. શું પ્રસિદ્ધિ મેળવવા માટે જ હું આ ક્ષેત્રમાં આવ્યો છું? જો પ્રસિદ્ધિ જ મારૂં ધ્યેય હોત તો હું અંગ્રેજીમાં જ લખત.

જેવી પ્રેરણાથી હું રાજકારણના ક્ષેત્રમાં ધકેલાયો તેવી જ પ્રેરણાથી ઇતિહાસઅધ્યયનના કાર્યમાં ગુંથાઈ ગયો. આપણે શા માટે ગુલામ છીએ એ અસ્વસ્થતા પેદા થતાં હું રાજકારણમાં જોડાયો અને આપણે શા કારણે ગુલામ છીએ, એનાં કારણો જાણવાના ઉદ્દેશથી હું ઇતિહાસનો અભ્યાસ કરવા લાગ્યો; કેમકે પોતાની સ્થિતિને બરાબર સમજીને પોતાનો માર્ગ નિશ્ચિત કરવો ઠીક છે. હું અનુભવ કરી રહ્યો છું કે આ અધ્યયનનું કામ ચળવળ કરતાં અનેક રીતે મહત્ત્વનું છે. બંને એકબીજાનાં પૂરક છે. ગંભીરમાં ગંભીર બળવાનાં કામોમાં અથવા મુસાફરી કે ધમાલમાં પણ મારો અભ્યાસ કદી પણ બંધ પડયો નથી. શચીન દાદાની ધરપકડ પછી એક ખાસ યોજના સંબંધે સ્વ સુખદેવ અને ભગતસિંહની સાથે મારે કેટલાક માસ સુધી એક એવી જગ્યાએ મોર્ચો માંડવો પડયો કે જ્યાં એક પ્રસંગ પર પડદો પડતાં ગોળીઓના વરસાદમાં ઘેરાઇ જવું પડતું. મારો શક–સાતવાહનના ઇતિહાસનો અભ્યાસ લગભગ એ મોર્ચા પર થયો છે.

મને તો સ્પષ્ટ દેખાય છે કે ઇતિહાસનું અધ્યયન અને પરિસ્થિતિનું અધ્યયન આપણી સ્વતંત્રતાની લડાઇનું એક મુખ્ય પાસું છે. સ્વતંત્રતાનો પહેલો રસ્તો જાગૃતિ છે. આજે પ્રાંતોનું સંચાલન મહાસભાના હાથમાં આવ્યા પછી દેશના અનેક નેતાઓને આ વાતની ખબર નથી પડી કે દેશનું શાસન કરવા માટે એના શરૂઆતના જીવનના અંગ્રેજી સાહિત્ય અને કાયદાના શિક્ષણનું કંઇ મૂલ્ય છે અથવા તો સત્યાગ્રહના જમાનામાં જેલના નિયમોના જ્ઞાનનું મૂલ્ય છે? દેશનો કારભાર ચલાવવા માટે અને દેશની સ્વતંત્રતાની ચળવળ ચલાવવા માટે દેશના પ્રશ્નોના અભ્યાસની જરૂર છે, જેનો આજે આપણા દેશમાં અભાવ છે. આજે આન્તરરાષ્ટ્રીય વાતો કરવાની ફેશન થઈ ગઇ છે. જ્યારે આપણે આપણા દેશની પરિસ્થિતિને સારી રીતે સમજી શકીએ, ત્યારે જ પરદેશના નિયમો આપણને ઉપયોગી થઇ પડે. (ગુજરાતી)

ચા

સત્તરમી સદીના પ્રારંભ સુધી, ચા જેવું કોઈ પીણું પૃથ્વી પર છે એવો ખ્યાલ સરખો યે યુરોપમાં કોઇને ન હતો; પણ એશિયા તો એથી યે સદીઓ પહેલાંથી એની લિજ્જત અનુભવી રહ્યું હતું. વનસ્પતિઓના વર્ગીકર્તા લીનિયસના જમાના સુધીનું વૈજ્ઞાનિક જગત ચીનને જ એનો પિતૃદેશ ગણતું રહેલું, પણ ઇતિહાસે એ વાયકા ખોટી ઠરાવી છે. ચીનમાં તો એ બૌદ્ધ ધર્મના પ્રચારાર્થે ત્યાં ગએલા હિંદી ભિક્ષુ બોધિધર્મે ઇ. ૫૪૩માં દાખલ કરી. બાકી એનો પિતૃદેશ તો હિંદુસ્તાન જ. અને ઘણા વિદ્વાનો તો માને છે કે ધર્મરાજા હિમાલય પર ચડતી વખતે જે કેટલાક પેય પોતાની સાથે લઇ ગએલા, તેમાં ચા પણ હતી. એટલું ખરૂં કે યુરોપિયનોદ્વારા પુનઃપ્રવેશ પામ્યાં પહેલાં ચાએ ચીન જેટલો લોકાદર અહીં નહોતો મેળવ્યો. ચીનમાં તો એની લોકપ્રિયતા એટલી વધી ગએલી કે ત્યાંની સરકારને અવારનવાર તેના પર કર નાખવા પડેલા. જાપાનમાં પણ તે ચીનમાંથી જ દાખલ થઇ. તેનું વાવેતર નવમી સદીમાં ત્યાં શરૂ થયું.

ચા યુરોપમાં પહેલી દાખલ કરી વલંદાઓએ, ઇ. ૧૬૦૧માં. તેમની પાસેથી ઇ. ૧૬૬૬માં લૉર્ડ અર્લિંગ્ટન નામનો અંગ્રેજ ત્રણ પૌંડની એક રતલ લેખે ચા ઇંગ્લંડ લઇ ગએલો. ઇંગ્લંડ એ વખતે જાવાઈ ચા જ ખરીદતું, પણ ઈ. ૧૬૮૬માં ડચો સાથે ઝગડો થતાં તેણે ઇસ્ટ ઇંડીઆ કંપની મારફત મગાવવા માંડી. કંપની ચીનના આમોય પ્રાન્તમાંથી તેની આયાત કરી હિંદના મદ્રાસ ને સૂરત બંદરેથી તે ઇંગ્લંડ ચડાવતી. ઈંગ્લંડમાં એ વખતે એક રતલ ચાનો ભાવ સોળ શિલિંગ બોલાતો!

ચા એ નામ પણ મૂળ ચીનાઈ જ છે. ત્યાંના કંતાન ને તેની આજુ બાજુના પ્રદેશમાં એ નામ વપરાતું હોઇ, શરૂઆતનાં બધાં યુરોપિયન લખાણોમાં પણ એને માટે 'Chaw' શબ્દ વપરાએલો મળે છે. ઇ. ૧૬૧૫માં ઈસ્ટ ઇંડીઆ કંપનીના એક નોકરે ચીનમાં તેના મિત્ર મિ. ઇટન પર પત્ર લખેલો કે 'send me a pot of best sort of chaw.' એ વખતે, આજે રશિયામાં મુરબ્બા સાથે ચવાય છે તેમ ચાનાં પાંદડાં ચવાતાં હતાં! પછીથી, કંતાનને બદલે ચીનના આમોય પ્રાન્તથી જ્યારે ચાની આયાત થવા લાગી ત્યારે ત્યાં વપરાતું 'તે' નામ સ્વીકારવામાં આવ્યું, જેના પરથી આજનો 'ટી' શબ્દ બનેલો છે. ઇંગ્લંડના લૅન્કેશાયર, ચેશાયર વગેરે પરગણાના લોકો હજુ યે ચા માટે 'ટે' શબ્દ જ વાપરે છે.

સત્તરમી સદીનાં કાવાખાનાંમાંથી જ યુરોપમાં ચાનો સાર્વત્રિક પ્રચાર થયો. રફતે રફતે એણે તો કાફી કરતાં યે વધુ અગત્યનું સ્થાન મેળવ્યું. ને એ અગત્યને લઇને એ નવા પીણાએ યુરોપના ઊંટવૈદામાં યે અજોડ સ્થાન મેળવ્યું. ત્યારના યુરોપિયન દાક્તરોના કથનાનુસાર ચાથી નજર ચોકખી થતી, કલેજું સાફ થતું, ભૂખ ઊઘડતી, તાવનો નાશ થતો, —ટૂંકામાં માનવશરીરના કોઇ પણ રોગ માટે એ રામબાણ



ચાનો છોડ
ફૂલ અને બી સાથે

ઈલાજ હતો! એ વખતનું આ લખાણ વાંચતાં તેનું માહાત્મ્ય આબેહૂબ સમજાશે:

'While tea never puts patient in mind of his disease, it cheers the heart without disordering the head, strengthens the feet of the old, and settles the heads of the young; cools the brain of the hard drinker, and warms that of the sober student; relieves the sick and confirms the healthy. Epicures drink for want of appetite, bon-vivants to remove the effects of a surfeit of wine; gluttons drink it as a remedy for indigestion, politicians for the vertigo, wits for the spleen, and beaux to improve complexion. Tea is a treat for the frugal, a regale for the luxurious, a successful agent for the man of business and a healthy amusement for the idle'.

આ પ્રશસ્તિ યે પૂરતી નથી. ચા પર તો યુરોપના કવિઓ કવિતાઓ લખવા માંડ્યા હતા, નિબંધકારો નિબંધ પ્રસિદ્ધ કરતા હતા. એ સૌનું પરિણામ એ આવ્યું કે કાફી તો બિચારી 'Dish-water' તરીકે બદનામ થઇ સ્થાનચ્યુત બની ગઈ, અને આજે ચા માત્ર પાણીથી જ ઊતરતું સર્વવ્યાપી પીણું બની ચૂકેલ છે.

આવી સર્વરોગશામક ચાનો છોડ યુરોપમાં ઉગાડવાના પણ ખૂબ પ્રયાસો થયા. સત્તર વખત નિષ્ફળ ગયા બાદ અઢારમી વખત લીનિયસ ચીનમાંથી તેનો જીવતો છોડ મેળવવા ભાગ્યશાળી થયો, પણ યુરોપની જમીન એના વાવેતર માટે નકામી નીવડી. પછી તો ઈસ્ટ ઇંડીઆ કંપનીને યે ઇ. ૧૮૩૪માં ચીન સાથે ઝગડો જામતાં તેને એનો નફાકારક વેપાર ટકાવી રાખવાનો મોટો પ્રશ્ન થઇ પડચો. હિંદમાં એના વાવેતરની શકયતા તપાસવા એણે સર્વત્ર પોતાના મોજણીદારો મોકલી આપ્યા. એ મોજણીમાં આસામમાં જંગલી અવસ્થામાં ચાના છોડ ઊગી નીકળતા જોવામાં આવ્યા એટલે કંપનીએ એ પ્રદેશને જ પોતાનું કેન્દ્ર બનાવી ત્યાં વાવેતર નાખ્યાં. ઇ. ૧૮૪૧માં પહેલવહેલી જ ત્યાં ઊગેલી ૬૦૦૦ રતલ હિંદી ચાનું જાહેર લીલામ થયું ને ઇ ૧૮૪૩માં એ પહેલવહેલી લંડન ચડી. આસામની ગરમ ને ભેજવાળી હવા એના વાવેતરને બિલકુલ અનુરૂપ હોઇ, આજે યે ત્યાં ચાર લાખ એકર જેટલો વિસ્તાર એના પાછળ જ રોકાએલો છે. બધે ગળીને હિંદમાં સાઠ લાખ એકર જેટલી જમીનમાં તેનું વાવેતર થાય છે ને વાર્ષિક ૪૫ કરોડ જેટલી ઉત્પન્ન આપે છે, પણ કમનસીબે એ બધાં જ વાવેતરો અંગ્રેજોને હાથ હોઇ હિંદીઓને નસીબે મજૂરી જ રહે છે.

ચાને વનસ્પતિશાસ્ત્રમાં 'Theaceae' વર્ગમાં મૂકવામાં આવી છે. લીનિયસે તેને 'Thea Siensis'નું જાતિવિશેષ નામ આપેલું, પણ હાલે તે 'Camelia Thea Linn.' નામે જ ઓળખાય છે. સર જ્યૉર્જ વૉટે એની જાતોનું નીચે પ્રમાણે પૃથક્કરણ કરેલું છે:

અ	વિરિડિસ:	શાખાઓ—	આસામ ખાસ, લુશાઇ, નાગા ટેકરીઓ, મણિપુર, બ્રહ્મદેશ અને શાન, યુનાન અને ચીન.
બ	બોહીઆ	,,	ચીન, જાપાન, ફૉર્મોસા, હિંદ.
ક	સ્ટ્રિક્ટા	,,	હિંદ, ચીન.
ડ	લૅસિયોકૅલિસ	,,	મલાકા, પીનાંગ.

ચાનો વિપુલ પાક ઉતારવા માટે તેના છોડને કલમ કરવાની ખાસ જરૂર રહે છે. એના છોડો પહેલાં તો નર્સરીઓમાં ઉછેરવામાં આવે છે ને છથી આઠ ઇંચના થતાં બગીચામાં ચચ્ચારથી છ છ ફૂટને અંતરે તે રોપવામાં આવે છે. દોઢ બે વર્ષના થતાં છોડને કલમ કરવામાં આવે છે. આમ કલમ કરવાથી ઘણી વાર જૂના છોડોમાં યે ઊત્પન્નનો વધારો આણી શકાય છે. કુદરતી સ્થિતિમાં તો છોડ ૧૦થી ૧૨ ફૂટની ઊંચાઇએ પહોંચે છે, પણ કલમી સ્થિતિમાં એની ઊંચાઇ ૫થી૬ ફૂટ જ રહે છે. એને સહેજ સુવાસિત ધોળાં ફૂલ અને ફળ પણ આવે છે જેમાં એકથી ત્રણ સુધીની સંખ્યામાં બી રહેલાં હોય છે.

છોડને ભરચક, લાંબાં, અણીદાર ને ખૂબ શિરાઓવાળાં પાંદડાં આવે છે. પાંદડાંના નીચેના ભાગ પર બારીક કેશ હોય છે, જે પાન પુખ્ત થતાં હળવે હળવે નાશ પામે છે.

દરેક છોડ ચારથી સાત વર્ષ સુધી દર વર્ષે ત્રણ પાક આપે છે. ફેબ્રુઆરી કે માર્ચમાં ઊતરતો પાક ઉત્તમ હોય છે, જે શાહી ચા (imperial tea) કહેવાય છે.

ચાનાં પાન ઉતારી લીધા પછી તે સૂકવવા માટે લોઢાના જબરા તાવડામાં નાખી ગરમીની ધીમી આંચ આપવામાં આવે છે. એ વખતે એમાંથી પીળાશ પડતો લીલો કૉસ્ટિક રસ ઝમે છે. એ રીતે સૂકવવાની પ્રક્રિયા બાદ તેને પાણીની વરાળમાં સહેજ ભેજ આપવામાં આવે છે ને વળી પાછી સૂકવવામાં આવે છે. આમ સૂકાએલી ચા તે આપણા ચાલુ વપરાશની કાળી ચા (black tea). આ રીતથી ન સૂકવતાં માત્ર તડકે સૂકવેલી ને થોડો ભેજ ધરાવતી ચા તે લીલી ચા (green tea). હવે તો જો કે હિંદમાં યે ચાની સૂકવણી માટે સ્ટીમ હીટરો વપરાવા માંડયાં છે.

આ બધી પ્રક્રિયાઓ પત્યા બાદ ચાની જાતવાર વર્ગણી કરવામાં આવે છે. ઑરેન્જ પેકો, પેકો, પેકો સૂચોંગ અને સૂચોંગ એ ગુણાનુક્રમે બધી જાતો તારવ્યા બાદ બાકી વધેલો ભૂકો તે 'ડસ્ટ' કહેવાય છે.

ચાનું રાસાયણિક પૃથક્કરણ કરતાં તેમાં ઊડી જાય એવાં તેલો, થાઇન, ટૅનિન, લેગ્યુમિન, જુદા જુદા ઍસિડો, પેકિટન, રાળ વગેરે ઉપરાંત કેટલાક ક્ષારો, ખનિજ અને મીણ જેવા તથા ચીકણા પદાર્થો (waxy & gummy matters) માલૂમ પડયાં છે. ચાની સુગંધ એમાંના તેલોને જ આભારી છે.

આજે ચા જ્યારે આપણું સર્વસામાન્ય પીણું બની ચૂકેલ છે ત્યારે શરીર પર થતી તેની અસરનો તોલ પણ આપણે કાઢવો જોઇએ. એ માટે પ્રખ્યાત દાક્તરી પત્ર 'લૅન્સેટ'નું કથન પ્રમાણભૂત મનાવું જોઇએ એના અભિપ્રાય મુજબ, ચા આપણા શરીરની કાર્યપ્રણીત સમતોલતા (Functional Equilibrium) અસ્તવ્યસ્ત કરી નાખે છે ને જ્ઞાનતંતુઓમાં ઉશ્કેરાટ આણે છે. રોજના અરધા ઔંસ જેટલા પ્રમાણમાં એ લેવામાં આવે ત્યાં સુધી ઠીક છે, પણ એથી વધુ પડતા ઉપયોગથી વારંવાર પેસાબ લાગે છે, અંગમાં કંપ ઊપજે છે ને ચિત્તની સ્વસ્થતા ચાલી જાય છે. કેટલાકને તો વળી ખૂબ ઉકાળેલી કડક ચાનો શૉખ હોય છે. એવી ચા પીનારાઓ કાયમનો બંધકોશ વહોરી લે છે.

ઘણાને વળી ચાને લીધે શરીરમાં સ્ફૂર્તિ આવતી હોવાની ચાનક લાગે છે. પણ એ સ્ફૂર્તિ કૃત્રિમ જ હોય છે. ચા પેટમાં જતાં આપણી આંતર્ત્વચાના જ્ઞાનતંતુઓમાં એક પ્રકારનો સંક્ષોભ ઉત્પન્ન કરે છે જે મસ્તક સુધી પહોંચે છે ત્યારે માણસ સહેજ સ્ફૂર્તિ અનુભવે છે. સાચું જોવા જઇએ તો, રાતની ઊંઘ માણસના શ્રમના પરિહારાર્થે જ હોઇ, એ સ્ફૂર્તિની કુદરતી જ સંપ્રાપ્તિ કરાવે છે. એને બદલે ચામાં સ્ફૂર્તિ મેળવવા નીકળનાર માણસ ઊંઘથી આવતી તાજગી દિવસો દિવસ ગુમાવતો જાય છે. 'કુમાર'

હૈદ્રાબાદનો ટૂંક ઇતિહાસ

દક્ષિણ હૈદ્રાબાદનું બીજું સંસ્કૃત નામ ભાગ્યનગર છે. એ હિંદુઓનું પવિત્ર સ્થાન છે. કૃષ્ણા ગોદાવરી નદી એ પ્રદેશને સિંચે છે અજન્તા અને ઇલોરાની ત્યાં પ્રસિદ્ધ ગુફાઓ છે. દેવગિરી-દોલતાબાદનો કિલ્લો છે. જમ્બુ, તુલજાપુર, ઉડિયા, નાગનાથ અને નાંદેડ એ હિદુઓનાં પવિત્ર સ્થાન છે. ગુરુ ગોવિંદસિંહનું નિર્વાણસ્થાન નાંદેડ છે. દેવગિરી, પૈઠણ, રામચૂર એ પ્રસિદ્ધ ઐતિહાસિક નગરો છે. ગુલબર્ગ, હૈદ્રાબાદ આદિ વ્યાપારી કેન્દ્રો છે. હિંદુઓના રાજ્યકાળમાં કારીગરી, શિલ્પ, સાહિત્ય, કલા અને સંગીતની ઘણી ઉન્નત અવસ્થા હતી, સુખશાંતિનું રાજ્ય હતું.

પ્રાચીન કાળમાં એ આંધ્રોનું રાજ્ય હતું. ત્યારબાદ ત્રીજી શતાબ્દીમાં ચાલુકયો આવ્યા. દેવગિરીના યાદવોએ તેમને હરાવી રાજ્ય જીતી લીધું. ૧૩મી ૧૪મી શતાબ્દીમાં મુસલમાનોએ હિંદુઓનું રાજ્ય જીતી લીધું. ૧૭૨૯માં મોગલ સામ્રાજ્યની પડતીની અવસ્થામાં નિઝામ-ઉલ-મુલ્કે પોતાને સ્વતંત્ર રાજા ઘોષિત કર્યો.

સર સાલારજંગના સમયથી વર્તમાન નિઝામના પિતા મીર મહબૂબઅલીખાં બહાદુરના સમય સુધી હિંદુઓ સાથે સારો વર્તાવ રહ્યો. સ્વર્ગસ્થ નિઝામ ઘણા જ ધાર્મિક વૃત્તિવાળા હતા. તેઓ હિંદુઓને અને મુસલમાનોને એક સમાન ગણતા હતા. તે સમયના મુસલમાનો હિંદુઓના દેવ તેમજ ગુરુઓની પૂજા કરતા હતા. ગુરુ 'માનિક પ્રભુ'ના હિંદુ અને મુસલમાન બંને ચેલા હતા. તેઓ દાની અને પ્રજાવત્સલ રાજા હતા. તેમના શાસનકાળમાં હિંદુઓને કદી યે ઓછું આવ્યું નથી કે આ મુસલમાની રાજ્ય છે. તેમની દયાળુતાનો પરિચય લોકોને ત્યારે થયો કે જ્યારે મુસા નદીમાં પૂર આવ્યું અને આખું હૈદ્રાબાદ પાણીથી તરબોળ થઇ ગયું. નિઃસહાય પ્રજાને માટે તેમણે પોતાનો મહેલ ખાલી કરાવ્યો અને અન્ન અને વસ્ત્રના ભંડારો ખુલ્લા કરાવ્યા. તેમના સમયમાં કેટલાક જીલ્લાઓના કલેકટર હિંદુઓ પણ હતા. તે સમયે હિંદુ અને મુસલમાન એકબીજાને ભાઇ ભાઈ સમજતા હતા.

તેમના સમયમાં દિવાન ચન્દૂલાલજી હતા. તેઓ આજના દિવાન રાજા કિશનપ્રસાદના પૂર્વજ હતા. અને તેમની ઘણી જ પ્રસિદ્ધિ હતી. કોઇપણ યાચક તેમની પાસેથી નિરાશ ન જતો. આથી તેમની એટલી બધી પ્રસિદ્ધિ થઇ હતી કે હૈદ્રાબાદનું નામ 'ચન્દૂલાલનું હૈદ્રાબાદ' પડયું હતું.

ભૂતપૂર્વ નિઝામ મહબૂબઅલીખાં અને તેમના પુત્ર (વર્તમાન નિઝામ) ઉસ્માનઅલી એ બંનેને ફાવતું ન હતું તેથી તેમણે પોતાના પુત્ર ઉસ્માનને નજરબંધ રાખ્યો હતો.

પહેલાં સરકારી કાર્યાલયનો વ્યવહાર મરાઠી, કર્ણાટકી, તેલગૂ આદિ ભાષાઓમાં થતો હતો કારણ કે હૈદ્રાબાદમાં

મુખ્ય ત્રણ પ્રકારની પ્રજા રહેતી હતી. પરંતુ જ્યારથી અલીગઢ કૉલેજના સુશિક્ષિત મહાનુભાવોનાં પગલાં પડ્યાં ત્યારથી બધાં કાર્યાલયોમાં ઉર્દૂનો પ્રારંભ થયો. પણ એમનામાં યે થોડાઘણા પ્રમાણમાં રાષ્ટ્રીયભાવના હતી તેથી તેઓ વધારે વખત રહી ન શક્યા ને તેમનાં ખાલી સ્થાનો અંગ્રેજોએ અને યુ પી.ના મુસલમાનોએ પૂર્યાં. વર્તમાન નિઝામની આજે જે અશાંતિમય દશા છે એ દશાનું એ કારણ છે.

સંતાકૂકડી રમતા ટાપુ

ટાપુ પરની જિંદગી આમ તો બહુ લલચામણી લાગે છે, પણ એનું એ જાદુ કયારેક કેવું ખતરનાક નીવડે છે તે ૪૦૦૦ની વસતિ ધરાવતા ને ધીમે ધીમે દરિયામાં ડૂબતા જતા 'વર્ડ ટાપુ'નું ઉદાહરણ બતાવી આપે છે.

આવી રીતે તો કેટલાય ટાપુઓ દરિયામાં સંતાકૂકડી રમતા હોય છે. ને ગાયબ થવા પહેલાં બધાં કંઇ ચેતવણી પણ નથી આપતા. મલય દ્વીપકલ્પનો આનાક ક્રેકાટોઆ એ આખો ૧૮ ચોરસમાઈલનો ને ૧૪૦૦ ફૂટ ઊંચાઇનો ટાપુ ૧૮૮૩માં એના પરનો જ્વાલામુખી ફાટતાં ફુરચેફુરચા ઊડી જઇ નાશ પામેલો તે એકાએક જ. એ એટલો તો ભયંકર ધડાકો હતો કે ૩૦૦૦ માઇલ સુધી તેનો અવાજ સંભળાયો હતો ને દરિયાનાં પાણીમાં ૫૦ ફૂટ ઊંચી ભરતી આવેલી, જે ૧૧૦૦૦ માઇલ દૂર ઠેઠ ઇંગ્લીશ ચૅનલ સુધી પહોંચેલી. આવા જ્વાળામુખીના બનેલા ટાપુ કદી સલામત નથી હોતા.

ઇ. ૧૮૩૧માં ભૂમધ્ય સાગરમાં એવા જ બંધારણનો એક ટાપુ ફૂટી નીકળેલો. સિસીલીની નૈઋત્યે ૧૦૦ ફૅધમથી યે ઊંડા દરિયામાં એકાએક ધરતીકંપના આંચકા થવા લાગ્યા ને થોડા દિવસ રહી, જુલાઇની ૧૦મીએ ૮૦૦ વાર જેટલો પાણીનો ઘેરાવો ઘૂમરી ખાતો લગભગ સાઠ ફૂટ ઊંચે ઉછળવા લાગ્યો. થોડાક દિવસ પછી વરાળના ગોટેગોટ એ સ્થળને ઘેરી વળ્યા ને ૧૮મી જુલાઇએ એક નાનો ટાપુ સમુદ્રની સપાટીથી બારેક ફૂટ ઊંચો ઊપડી આવ્યો. એની વચ્ચોવચ જ્વાળામુખીના મુખમાંથી હજુ વરાળ વછૂટતી હતી. એક મહિનો રહીને એ ટાપુનો વિસ્તાર પોણો માઈલ વધ્યો ને તે વધતો વધતો ઠેઠ ત્રણ માઇલ સુધી પહોંચ્યો. એ ટાપુને 'ફર્નાન્ડીઆ' નામ અપાયું ને નકશાકારો એની મોજણી કરી નકશામાં એને સ્થાન આપવાની તૈયારીમાં હતા ત્યાં તો એ જ વર્ષના ઑક્ટોબરમાં તે અદૃશ્ય થઇ ગયો!

દક્ષિણ પાસિફિકમાં ટૉંગા સમૂહમાં આવેલો ફૉકન ટાપુ તો આવી સંતાકૂકડી માટે પ્રખ્યાત છે. ઇ. ૧૮૬૫માં સમુદ્રતળમાંથી દૃષ્ટિભૂત થવાની તેની પહેલી પ્રવૃત્તિ નોંધાઇ. ૧૮૮૭ સુધીમાં એ ૩૦૦ ફૂટ ઊંચો આવ્યો ને પાછો ૧૮૯૮ સુધીમાં અદૃશ્ય થઇ ગયો. એની નિશાનીરૂપે એકાદ ખડો રહ્યો હતો તે યે ૧૯૧૩માં અદૃશ્ય થયો, પરંતુ ૧૯૨૭થી એ પહેલાં કરતાં પણ વધુ ઊંચો આવ્યો છે.

આ સંતાકૂકડીની છેલ્લામાં છેલ્લી હોનારતનો દાખલો આફ્રિકાના પશ્ચિમ કાઠે આવેલો પોર્ટ ઍલેક્ઝાંડરનો પોર્ટુગીઝ ટાપુ છે. ૧૯૨૫માં એક જબરૂં મોજું બંદર તરફ ધસી આવતું જણાયું. માંડમાંડ થોડા મછવા એની ઝડપથી બચી શક્યા ને એ પસાર થઇ જતાં જ્યાંત્યાં હડસેલાઈ પડેલા એ મછવા નાંગરવા પાછા બંદર તરફ ઊપડ્યા, તો બંદર મળે જ નહિ; માત્ર કમનસીબ નિવાસીઓની લોથો ને ભંગાર દરિયા પર તરતાં હતાં.

'કુમાર'ના ગયા અંકની 'માધુકરી'માં આઇસલૅન્ડના બે ટુકડા થતા હોવાની આગાહી વાંચી તમને કદાચ આશ્ચર્ય થયું હોય તો બેરિંગ સમુદ્રમાંનો બોગોસ્લોવ ટાપુ એનું આબેહૂબ ઉદાહરણ છે. ઈ. ૧૯૦૭માં એના બે ટુકડા થવા માંડ્યા ને હવે તો બંને પાંચ માઇલ જેટલા દૂર પડી ગયા છે!

હિંદી પોસ્ટ ઑફિસની જોહાકી

હિંદની પોસ્ટ ઑફિસની એ જોહાકી નહિ તો બીજું શું કહેવાય? એના જેવડા પોસ્ટેજના ભારે દરો તો દુનિયાના બીજા કોઈ દેશના નથી. તવંગરમાં તવંગર યુનાઇટેડ સ્ટેટ્સનો જ દાખલો લો. દેશની અંદરના ગમે તે ભાગ માટે પોસ્ટકાર્ડનો તેનો દર એક સેન્ટ (બે પૈસા) છે. આપણો દેશ તો એના કરતાં નાનો છે, છતાં આપણને નસીબે તેથી દોઢો દર ભરવાનું આવે છે. દેશ બહારના લેટર-પોસ્ટેજનો દર તો એથી યે ગજબ છે. ન્યૂ ઝીલૅન્ડથી બ્રિટિશ સામ્રાજ્યમાં ગમે ત્યાં ૧ પેનીમાં કાગળ જઇ શકે, જ્યારે હિંદથી મોકલતાં ખાસ્સો રૂા આનાનો ચાંલ્લો કરવો પડે—ન્યૂ ઝીલૅન્ડથી લગભગ ત્રણગણો.

અને 'બુક-પૅકેટ' કે 'પ્રિન્ટેડ પેપર'ની બાબતમાં તો હિંદે વળી અજોડ રાહ અખત્યાર કર્યો છે. એમાં એણે દેશ પરદેશનો જરા યે ભેદ નથી રાખ્યો! દાખલા તરીકે હિંદમાં ગમે ત્યાં ૫ તોલા (૨ ઔંસ)નું બુક-પૅકેટ ૯ પાઈમાં જઇ શકે; ને એટલા જ દરમાં એટલા જ વજનનું પૅકેટ દુનિયામાં ગમે ત્યાં જઇ શકે—એકલા બ્રિટિશ સામ્રાજ્યમાં જ નહિ, પણ 'આંતરરાષ્ટ્રીય પોસ્ટલ લીગ'ના સભાસદ એકેએક મુલકમાં.

પણ આથી યે વધુ જોહાકી તો પોસ્ટ ઑફિસ માસિક પ્રકાશનો પરત્વે ધરાવે છે. મૅજિસ્ટ્રેટની કોર્ટમાંથી કે 'પોસ્ટલ પ્રેસ લૉ'માંથી પસાર થયા છતાં એ માસિક એણે જાહેર કરેલી તારીખે જ પ્રસિદ્ધ થઈ એક નિયત પોસ્ટ ઑફિસે જ પોસ્ટ થવાની બાંહેધરી ન આપે ત્યાં સુધી હિંદી પોસ્ટ ઑફિસ એનો સ્વીકાર કરવા તૈયાર નથી રહેતી! એને મુકાબલે બીજા દેશો તો ઘણા ઉદાર ગણાય. યુનાઇટેડ સ્ટેટ્સ તો વરસે દસ વખત પ્રકાશન પામતા સામયિકોને યે 'માસિક'ની કોટિમાં મૂકવા તૈયાર રહે છે. એવા સામયિકો ઘણી વખત ઉનાળાના મે-જૂનના અંકો બંધ રાખે છે, છતાં

અમુક નિયત તારીખનું બંધન એમને ગળે નથી નાખવામાં આવતું. અરે, અમેરિકામાં તો ત્રિમાસિકો ને ષણ્માસિકો યે 'કન્સેશન' ભોગવે છે, ત્યારે હિંદની પોસ્ટ ઑફિસ તો ૩૧ દિવસ પછી પ્રસિદ્ધ થતા સામયિકને યે 'રજિસ્ટર્ડ ન્યુસ પેપર'ના લાભ આપવા તૈયાર નથી.

અને અમેરિકાએ તો તાજેતરમાં ચોપડીઓ પરનું પોસ્ટેજ પણ રતલે દોઢ સેન્ટ ઘટાડી નાખ્યું છે. પહેલાં એ ૭ સેન્ટ હતું તે હવે ૫½ સેન્ટ રહ્યું છે.

આ બધો બોજો એ હિંદના ખીસા પરનો જ બોજો નથી; દેશમાં શિક્ષણવિષયક ને સાંસ્કૃતિક પ્રચાર પર પણ એ જબરો બોજો છે, એ કહેવાની જરૂર છે?

માન આપવાની વિવિધ રીતો

ફિલિપાઇનના જ્યાક લોકો માથા પર ઊંધો હાથ મૂકી માન આપે છે.

આફ્રિકાના ઝુલુ લોકો કમર વાળીને માન આપે છે.

પાપુઅન લોકો પરસ્પર માથે ઝાડની છાલ મૂકે છે.

ન્યુઝીલૅંડના માઓરી લોકો બંને પગ પહોળા કરે છે.

ફિજીના કુહાન લોકો એકબીજાના ખભે માથું નાખે છે.

કૉંગો પ્રદેશના સૉબઓ લોકો એકબીજાની પ્રદક્ષિણા ફરે છે.

લદ્દાખીઓ એકબીજાના હાથની સખ્ત આંટી લે છે.

રેડ ઇંડિયનો માથામાંના પીંછાની અદલા બદલી કરે છે.

કંધ લોકો એકબીજાને મળે છે ત્યારે તાળીઓ પાડે છે.

આફ્રિકાના હોટેન્ટોટ લોકો રેતી ફરાડી માન આપે છે.

બ્રહ્મી લોકો એકબીજાને મળે છે ત્યારે માત્ર સ્મિત કરે છે.

તિબેટના લોકો ડાબા પગનો અંગુઠો કપાળે અડકાડે છે.

ચીના લોકો વડિલના ઝભ્ભાનો છેડો ઊંચો કરે છે.

જાપાનિઝ લોકો માથું નમાવી નમન કરે છે.

એસ્કિમો લોકો પરસ્પર માથાના વાળ ખેંચે છે.

ઓરિસ્સાના સંથાલ લોકો એકબીજાને નાક અડકાડે છે.

કોંગોના પહાડી બુશમેનો મુક્કાઓ મારે છે.

આરબ લોકો અરસપરસ ગાલનો સ્પર્શ કરી હાથ વાળે છે.

કુર્દ પ્રજા પગના અંગૂઠા પર ઊભા થઇ આવકાર આપે છે.

મલાયા દ્વીપકલ્પની જંગલી પ્રજા ખૂબ જોરથી રાડો પાડે છે અને ગુલાંટ ખાય છે.

આર્મીનિયન પ્રજા ચરણરજ લઇ માથે ચડાવે છે.

સ્વીડનની સ્ત્રીઓ એકબીજાને મળે છે ત્યારે તર્જની ચૂમે છે.

ફ્રાન્સમાં ચુંબન કરવાની પ્રથા છે.

રશિયન લોકો જમણો હાથ ઊંચો કરી માન આપે છે.

હિંદુસ્તાનમાં બે હાથ જોડી નમન કરવાનો રિવાજ છે.

ઇંગ્લાંડમાં હસ્તધુનન કરી સ્મિત કરે છે.

જર્મનો માથા પરથી ટોપી (હૅટ) ઉતારી માન આપે છે.

તુર્કસ્તાનના લોકો ગરદન ફરતો હાથ વીંટાળી દે છે.

સ્પેનિયાર્ડો એકબીજાને મળે છે ત્યારે પરસ્પર ફૂલ સુંઘાડે છે.

મણિશંકર રાવળ

નવા નુસખા



ડિસ્ટિલ્ડ વૉટર વડે રમૂજ મેળવવી હોય તો એક તાસકમાં તે ભરી તેમાં કપૂરનો એક કકડો નાખો એટલે તે આમતેમ દોડવા માંડશે. એ દોડાદોડ બંધ કરાવવી હોય તો ગંધકના તેજાબમાં બોળેલી સળી પાણીને અડાડો એટલે તે તરત બંધ પડશે.

નવી કેડીઓ

દવા પાઉડર ઇત્યાદિનાં ખોખાં સ્પેશ્યલ બનાવવાં પડે છે. પરંતુ દીવાસળીનાં વપરાએલાં ખાલી બાકસનો ઉપયોગ કરવામાં આવે તો કરોડો નકામાં જતાં બાકસ બચી જવા પામે, અને પૅકીંગ બહુ જ ઓછા ખર્ચે થવાને અંગે વસ્તુ પણ કિફાયત આપી શકાય. બાકસ ઉપર દવા ઇત્યાદિ ચીજનું લેબલ ચોડી દેવાય. —ધૈર્યચન્દ્ર ર બુદ્ધ

વિકસતું વિજ્ઞાન

દાંત જતાં એને ઠેકાણે કૃત્રિમ દાંત ગોઠવવાની વસ્તુ તો હવે જૂની થઈ ગઈ. પણ આજનું વિજ્ઞાન શરીરના નકામા બનેલા અંગોને ઠેકાણે નવા અંગો ગોઠવવામાં જે પ્રગતિ સાધી રહ્યું છે તે આશ્ચર્યજનક જ છે. દાઝવાથી કે બીજા કશા કારણથી ચામડી ગઇ હોય તો ત્યાં નવી ચામડીની કલમ (skin-grafting) તો મહાયુદ્ધના અરસાથી પ્રખ્યાત છે. હવે વિજ્ઞાનીઓ ગએલી આંખોને નવી દૃષ્ટિ આપવા પણ શક્તિમાન થયા છે. એમાં આખી આંખ નવેસરથી મૂકવાની જરૂર નથી રહેતી, પણ એનો ખોટવાએલો સૂક્ષ્મ ભાગ જ બદલાવવાનો રહે છે. વળી પ્રયોગશાળામાં યાંત્રિક ફેફસાં ને હૃદય પણ સંપૂર્ણ તૈયાર થયાં છે ને વિજ્ઞાનીઓ તો આશા રાખે છે કે ભવિષ્યમાં માણસના એકેએક જીર્ણ અંગનો યાંત્રિક અંગથી પુનરુદ્ધાર કરી શકાશે.

આપણે પોતે·આપણો દેશ·આપણી પૃથ્વી

આપણા શરીરમાં બધાં મળી ૨૪૯ હાડકાં રહેલાં છે.

આપણા શરીરમાં ૫૦૦ જેટલા સ્નાયુઓ ને એટલી જ સંખ્યામાં રક્તશિરાઓ ને મજ્જાતંતુઓ રહેલાં છે.

આપણા દેશમાં બધાં મળી ૧૨૯૮ શહેરો છે.

આપણા દેશમાં પ્રથમ પ્રસૂતિ વખતે જ લગભગ બે લાખ માતાઓ મરણ પામે છે.

આપણી પૃથ્વીની ઉમર છેલ્લામાં છેલ્લી ગણત્રી મુજબ ૧,૬૨,૫૦,૦૦૦ વર્ષની છે.

આપણી પૃથ્વીને સૂર્યમાંથી પ્રસરણ પામીને મળતી શક્તિ દર વારે એક હૉર્સ પાવર જેટલી છે.

પિસિસટ્રિયાટિડ જાતિના દમનથી પીડાતી આથેન્સની પ્રજાના મોવડીઓ લીના નામની દેશભક્ત સ્રીના ઘરમાં મંત્રણા અર્થે એકઠા થયા; પણ બાતમી ફૂટી ગઇ અને બધાને પકડી કોણ શું બોલેલું તે જણાવવા તેમના પર જબરદસ્તી શરૂ થઇ. લીના દેશભક્ત હતી એટલી જ સત્યભક્ત હતી; એટલે સાચી કે ખોટી કોઇ પણ વાતથી પોતાનું જીવન કલંકિત ન બને તે માટે તેણે છરા વડે પોતાની જીભ જ કાપી નાખી.

અનેકાર્થી શબ્દ: **હેલી**=સતત વરસાદ; સાહેલી; ગીતની એક દેશી; બગલ; રાખ (મુડદાની); ક્ષણ.

કહેવતોના અર્થ: 'કાગડો કુરાંટમાં ન આવે'—કાગડીએ બચ્ચાને શિખામણ આપી કે કોઈ કાંકરો લેવા નીચે નમે કે ઊડી જવું; એટલે બચ્ચું કહે, 'પણ તેણે કાંકરો કેડમાં જ રાખ્યો હોય તો નમે પણ નહિ; માટે આપણે તો તેના અંગની ચપળતા જોઇને જ ઊડી જવું બહેતર.' કાગડીએ જાણ્યું કે કંઇ શીખવવું પડે એમ નથી. એ રીતે, સઘળી પરિસ્થિતિ પામી જનાર માણસને શીખામણની જરૂર નથી રહેતી એ દર્શાવવા આ કહેવત વપરાય છે.

ગણિતગમ્મત

અમુક રકમ ધારો. તેની અરધી કરો. જે આવે તેને ધારેલી રકમમાં ઉમેરો. પછી તેને બે વડે ગુણો, અને જે ગુણાકાર આવે તેમાં બે ઉમેરો. હવે જે રકમ આવી તેમાં તમારી ધારેલી રકમ ઉમેરો. જે સરવાળો આવે તેને ચાર વડે ભાંગો. હવે આવતી અપૂર્ણાંક સંખ્યાના જો છેદ ઉડતા હોય તો ઉડાડી દો, અને પછી જે રકમ બને તેમાંથી અરધો ($\frac{1}{2}$) બાદ કરો. બાકી વધે તે તમારી ધારેલી સંખ્યા. (કા. મ. જોષી)

કાંદા સમારેલા ચપ્પુની ગંધ ગરમ નહિ પણ ઠંડા પાણીથી દૂર થાય છે.



ફ્રાન્સનો આ પિયે મેશી નામનો અભિનેતા પોતાની મરજી મુજબ પોતાના વાળ ઊભા કરી શકતો: આખા માથાના એક સાથે નહિ; ચાહે તે એક ભાગના પણ!



આ લેમિંગ ઊંદરોનો કાયદો કુદરતના મોટા ચમત્કારોમાંનો એક છે પૃથ્વી પર આવેલા એમના કોઇ સ્વર્ગમાં જાણે ન પહોંચવું હોય, તેમ લાખોની સંખ્યામાં એ નીકળી પડે છે. ગઢાસાગરોનો પણ એમને ડરાનથી રહેતો ને થાકીને ડૂબતાં સુધી તેઓ તરતાતરતા ધસ્યે જ જાય છે!

શિક્ષક: (નવા છોકરાને) તું ક્યાં રહે છે?

'મારી મા સાથે.'

'તારી મા ક્યાં રહે છે?'

'મારી સાથે.'

'પણ તમે બંને ક્યાં રહો છો?'

'એક બીજા સાથે.'

મધમાખી કે ભમરીના ડંખ પર પલાળેલી તમાકુ આરામ કરે છે.

ડબ્બામાં બંધ થઇ વેચાતાં ફળો (Tinned Fruits) ખાતાં સાવચેત રહેજો--તેમાં યે ઉનાળામાં ખાસ, કારણ એથી કૉલેરા નીપજ્યાના ઘણા દાખલા છે.


કોઇ પ્રવાહીને જલદી ઉકાળવા માટે ચમચાથી હલાવ હલાવ ન કરશો; કારણ, ચમચો ઉષ્માગ્રાહક હોઇ ઉલટો એ પ્રવાહીની ગરમી ચોરી લેશે.

ફ્રાન્સ દેશ દુનિયામાં ટૂંકામાં ટૂંકા નામનાં બે ગામ ધરાવે છે. એ ગામોમાંનું એક 'O' ઑર્ને નદી પર આવેલું છે, ને બીજું 'Y' સૉમ નદી પર.

દૂધ એ વધુમાં વધુ જંતુગ્રાહક પ્રવાહી છે, એટલે બહુ વખત પડ્યું રહ્યું હોય તો ગરમ કરીને જ ઉપયોગમાં લેવું.

દુનિયામાં નાનામાં નાનો જાહેર બગીચો કૅલિફૉર્નિયાના વિસાલિયા ગામમાં આવેલો છે—નવ ફૂટ લાંબો ને છ ફૂટ પહોળો!

વાસ મારતા ખંડમાં કૉફીનો ધુમાડો કરવાથી તે નાબૂદ થશે.



'મર્કેટર પ્રૉજેક્ટ'થી પૃથ્વીના સપાટ નકશા દોરતાં અક્ષાંશ રેખાંશની સંપૂર્ણ શુદ્ધિ નથી જળવાતી, એટલે સપાટ ભૂમિકા પર દોરવા છતાં તેની વધુમાં વધુ શુદ્ધિ જળવાઇ રહે તે માટે કલ્પકોએ જે કેટલીક યોજનાઓ ઘડી છે તેમાં એક આ—નકશાને પતંગિયાનો આકાર આપવાની—પણ છે.

જે કોઇને કુમાર પ્રિય છે તે સૌના લાભનું

કુમારની રહીસહી ફાઇલો અને છુટા અંકો અત્યંત સસ્તી કીમતે

કુમાર કાર્યાલયમાં પડતી જગ્યાની તંગીને કારણે આજ સુધી અમે આગ્રહપૂર્વક જાળવી રાખેલો અમારો પાછલો રહ્યોસહ્યો સ્ટૉક અમે બીલકુલ સસ્તી કીમતે કાઢી નાખીએ છીએ. એની યાદી આ નીચે આપી છે. ¶ કુમારની ફાઇલો એ સદાકાળ સંઘરી રાખવા યોગ્ય સંગીન સાહિત્ય છે; બાળકોનું એ જાથુકનું શિક્ષણ-સાહિત્ય છે, ઘરનું એ અણમોલું રાચ છે. આ દૃષ્ટિએ આજે પણ નવા ગ્રાહક થનારાઓ પોતાની ફાઇલો સાવચેતીપૂર્વક સંઘરે છે, અને ઘણા પાછલી ફાઇલો વસાવે છે.

છતાં

¶ વાચકોમાંના હજી ઘણા એવા હશે જેમની પાંછલી ફાઇલોમાં કોઈ ને કોઈ અંક ખૂટતો હશે;

¶ ઘણા એવા પણ હશે, જેમને પાછલી એકાદ ફાઇલથી 'કુમાર'ની સળંગ કતાર પોતાના કબાટમાં બની રહેશે;

¶ કેટલાક નવા ગ્રાહકો, મળી એટલી પાછલી ફાઇલો પણ વસાવવા ઇચ્છતા હશે;

¶ આપણા ગરીબ દેશમાં મધ્યમ સ્થિતિનાં એવાં ઘણાં કુટુંબો, સંસ્થાઓ, અને ગરીબ વિદ્યાર્થીઓ પણ હશે કે જેને કુમારનું સાહિત્ય સસ્તી કીમતે મળે તો જ વસાવવું પોસાઇ શકે; અને

¶ ઘણા એવા પણ હશે જે એ અધૂરી ફાઇલને પણ મધૂરી ગણીને હોંશથી વસાવવા તત્પર હશે;

એવા સૌ માટે આ તક છે

પાછલી ફાઇલો

દરેકની કીમત સામે બતાવ્યા મુજબ · પોસ્ટેજ જુદું

વર્ષ ૭ (અંક ૭૩થી ૮૪) રૂ. ૪	વર્ષ ૧૦ (અંક ૧૦૯થી૧૨૦)	દરેકના રૂ. ૩-૦-૦
વર્ષ ૬ (અંક ૬૧થી ૭૨) રૂ ૨	વર્ષ ૧૨ (અંક ૧૩૩ થી ૧૪૪)	
વર્ષ ૧૧ (અંક૧૨૧થી૧૩૨) રૂ. ૨	વર્ષ ૧૩ (અંક ૧૪૫થી ૧૫૬)	

છુટક અંકો

દરેકનાં કીમત ૨ આના

નીચે જેના સળંગ આંક આપ્યા છે તે અંકોની રહીસહી અનિયમિત સંખ્યા સ્ટૉકમાં છે. તમારી ફાઈલમાં ખૂટતો કોઈ અંક એમાં છે? તો શોધીને મેળવી લો. અથવા તમને મનગમતા કોઈ પણ અંકો મંગાવી તેની ફાઇલો બંધાવી લેશો તો યે રસમય સંગીન સાહિત્યનો સંગ્રહ તમને સસ્તામાં મળી રહેશે: ૪, ૩૭, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૬૦, ૬૧, ૬૩, ૬૫, ૬૬, ૬૭, ૬૮, ૭૧, ૭૭, ૭૮, ૭૯, ૮૧, ૮૩, ૮૪, ૮૬, ૮૭, ૮૯, ૯૧, ૯૨, ૯૫, ૯૬, ૧૦૩, ૧૦૯, ૧૧૦, ૧૧૧, ૧૧૨, ૧૧૪, ૧૧૬, ૧૧૭, ૧૨૦, ૧૨૨, ૧૨૫, ૧૨૬, ૧૨૭, ૧૨૮, ૧૨૯, ૧૩૦, ૧૩૧, ૧૩૨, ૧૩૩, ૧૩૪, ૧૩૫, ૧૩૬, ૧૩૭, ૧૩૮ ૧૩૯, ૧૪૫, ૧૪૬, ૧૪૭ ૧૪૮, ૧૪૯, ૧૫૦.

¶ ફાઇલો બધી બાંધ્યા વિનાની સમજવાની છે.

¶ કીમત તદ્દન સાફી (પોસ્ટેજ વગરની) છે. ટપાલ ખર્ચ અંક દીઠ એક પૈસા પ્રમાણે વધુ ગણીને સાથે જ નાણાં મોકલવાં. બ્રહ્મદેશના ગ્રાહકોએ અંક દીઠ અરધો આનો અને પરદેશના ગ્રાહકોએ અંક દીઠ દોઢ આના લેખે મોકલવું.

¶ વી.પી. કરવામાં આવશે નહિ; પોસ્ટની ટિકિટો અગર મનીઑર્ડર દ્વારા નાણાં અગાઉથી જ મોકલવાં.

¶ ઑર્ડર મળશે તે તારીખના ક્રમમાં જ રવાનગી કરવામાં આવશે.

આ અણમોલ તક ગુમાવશે તે હમેશની ઓશે



બાવીસ વાર્તાઓ

દસ મર્માળા હાસ્યની અને
બાર મત્ત પ્રણયની

. . .

ગુજરાતના શરૂઆતના
નવલિકાલેખકોમાં
જે મોખરામાં પ્રકાશ્યા તે
'મલયાનિલ'ની એ કૃતિઓ

. . .

શ્રી રવિશંકર રાવળ, કનુ દેસાઈ,
રસિકલાલ પરીખ અને
સ્વ. ત્રિભુવન પટેલનાં ચિત્રો સાથે
સુંદર રૂપરંગમાં: કી. રૂા. ૨) પો. જુદું

ગોવાલણી અને બીજી વાતો

કુમાર કાર્યાલય · અમદાવાદ
મુંબાઇમાં—આર. આર. શેઠની કં.
અને શિષ્ટ સાહિત્ય ભંડાર પ્રિ. સ્ટ્રીટ

પાંચ અનોખાં પ્રકાશનો

અજવાળી રાત



ઘરનાં નાનાં મોટાં સૌને,—સ્ત્રીઓને અને ગ્રામજનોને સુદ્ધાં—રસમાં ખેંચી રાખે એવી, વિનોદ અને વિચાર આપતી, આપણી મનોરમ અજવાળી રાતની સમૃદ્ધિ સમી પંદર રસભરી વાર્તાઓનો સંગ્રહ. દોઢસો પાનાં બેરંગી પૂઠું સુંદર ચિત્રો. બે રૂપિયા

અજંતાના કલામંડપો



દુનિયામા અનન્ય ગણાતાં એ ગુફાઓમાંનાં ચિત્રોનો રવિશંકર રાવળે કરાવેલો પરિચય: ૯ ત્રિરંગી તથા ૧૬ પાનાં ભરીને સાદાં ચિત્રો તથા ફોટો, અને પાનેપાને રેખાંકનોથી ભરપૂર. આટલું પ્રચૂર છતાં આટલું સસ્તું પ્રકાશન હિંદભરમાં બીજું નથી. દોઢ રૂપિયો એજ ઢબની હિંદી આવૃત્તિ: એજ કિંમતે.

કુમાર ૧૦૦મો અંક



સરકારની જપ્તીમાંથી હવે મુક્ત થએલો ૧૬૦ પાનાં ભરીને, સિદ્ધહસ્ત લેખકોના ચુનંદા અને ચિત્રભરપૂર લેખો, વાર્તાઓ, નાટકો, ટુચકાઓ, તેર ત્રિરંગી અને અનેક સાદાં ચિત્રોથી સભર સામગ્રીભર્યો મોટો દળદાર યુગવર્તી અંક. ઘટાડેલી કીંમતે. બે રૂપિયા.

ગુજરાતી લઘુલિપિ



ગુજરાતી શૉર્ટ હૅન્ડ વિષેનું સૌથી અદ્યતન, સંપૂર્ણ શાસ્ત્રીય ઢબનું. સરળ અને શીખનાર માટે ઝીણામાં ઝીણી સૂચનાઓથી ભરપૂર નવું જ પુસ્તક. રીપોર્ટરો, પોલીસો, સેક્રેટરીઓ, ઝડપી પત્રવ્યવહાર કરનારાઓ, સૌને અગર એવા થવા ઈચ્છતા ઉગતા યુવાનોને તો ખાસ ઉપયોગી · રૂા. ૩

ગુજરાત કલાકલાપ



ગુજરાતના નામાંકિત ચિત્રકારોની કલમનાં, ઊંચી સંસ્કારી કલાની વાનગી રૂપ, છ ચુનંદાં રંગીન ચિત્રોનો સંપુટ. ૧૧×૧૪નાં માપનાં આર્ટકાર્ડ પર છાપેલાં ફ્રેમ માટે તૈયાર, માત્ર એક રૂપિયામાં. આવાં રંગીન ચિત્રો આટલાં સસ્તાં કોઇએ આપ્યાં નથી.

બધાં પુસ્તકોમાં પોસ્ટેજ જુદું ગણવાનું છે

કુમાર કાર્યાલય ૧૪૫૪ · રાયપુર અમદાવાદ

મુંબાઇમાં—આર. આર. શેઠની કં. અને શિષ્ટ સાહિત્ય ભંડાર, પ્રિ. સ્ટ્રીટ